૪.	પારસી નૂતનવર્ષના આરંભ પૂર્વનો દિવસ (ગાથા-૫-પારસી કદમી)	૧૯મી જુલાઇ, ૨૦૦૯ / ૨૮, આષાઢ, ૧૯૩૧	રવિવાર
૫.	(૧) ગાથા ગહમ્બર (ગાથા ત્રીજ, પારસી શહેનશાહી) (૨) શ્રાવણ વદ-૧૧ (પર્યુષણ પર્વનો પ્રારંભ દિન) (ચતુર્થી પક્ષ)	૧૬મી ઓગસ્ટ, ૨૦૦૯ / ૨૫, શ્રાવણ, ૧૯૩૧	રવિવાર
૬.	ગણેશ ચતુર્થી (ભાદ્રપદ સુદ-૪)	૨૩મી ઓગષ્ટ, ૨૦૦૯ / ૧, ભાદ્રપદ, ૧૯૩૧	રવિવાર
૭.	કિપ્પુરના આરંભ પૂર્વનો દિવસ	૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૯ / ૫, આશ્વિન, ૧૯૩૧	રવિવાર

નોંધઃ- (૨) સરકારી કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક બાધ વિના ઉપર જણાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ બે મરજીયાત રજાઓ ભોગવી શકશે. આવી મરજીયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈશે અને સામાન્ય રીતે પરચુરણ રજા મંજૂર કરનાર યોગ્ય અધિકારી સરકારી કામકાજની અગત્યતા જોઇને પરવાનગી આપશે. સરકારના કર્મચારીઓએ તેમની પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલી રજા તેમના પરચુરણ રજાઓના હિસ્સામાં ઉધારવામાં આવશે નહીં.

નોંધઃ- (૩) ઉપર જાહેર કરેલા મુસ્લીમોના કોઇપણ તહેવારો જાહેર કરેલા દિવસે આવતા ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લીમ કર્મચારીઓને તે દિવસે મરજીયાત રજા તરીકે આપી શકાશે.

સહી/-
અવાચ્ય,
રજિસ્ટ્રાર,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ વતી.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

તા. ૧-૧૨-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અ. નં.	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ ભાગ-૧	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૧	જીએન-૪૮-એએમબી-૧૦૨૦૦૮-૧૫૬૭-ડીએમઓ.	૪-૧૨-૦૮	નાણા વિભાગ
૨	૨	જીએન-૪૯-એએમબી-૧૦૨૦૦૮-૧૫૬૭-ડીએમઓ.	૩૧-૧૨-૦૮	નાણા વિભાગ

જે. એ. શાહ,
શ્રેયાન વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ મુદ્રણાલય,
ગાંધીનગર.

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. L] THURSDAY, FEBRUARY 5, 2009/MAGHA 16, 1930 [No. 6

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

CENTRAL SECTION

CONTENTS

		Page
Part I	Government Notification, Appointments, promotions, leave of Absence, Rules and Orders (other than those Published in parts I-A, IV-A, IV-B and IV-C), List of Publication for sale, etc.	86-98
	Miscellaneous Notifications, Appointments, etc.	99-101
Part I-A	Orders and Notifications (other than those Published in part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Bourough, District Municipal Primary Education and Local Fund Audit Acts.	Nil
Part I-B	Government Notifications Published under Land Acquitions Act only.	7-9
Part II	Supplementary Tender Notics issued by the Industries Commissioner (C.S.P.O.), Director of Health & Medical Service (Medical), Gujarat State, Director of Technical Education, the Chief Conservator of Forests, Vadodara and Director of Manpower, Employment and training, Ahmedabad, etc. (For subscribers only).	Nil
Part IV	Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor.	Nil
Part IV-A	Rules and orders (other than those Published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Central Acts.	40-47
Part IV-B	Rules and orders (other than those Published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.	12
Part IV-C	Statutory Rules, Orders (other than those Published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner or Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.	45-46
Part V	Bills Introduced in the Gujarat Legislative Assembly.	Nil
Part VI	Acts of Parliament and Ordinance promulgated by the President.	Nil
Part IX	Gujarati translation of Bills, Acts and Notification other than those published in other Parts.	24-29

INDEX

PART-I

CENTRAL SECTION

Government Notification and Appointment etc.

GUJARAT PUBLIC SERVICE COMMISSION

It is informed to submit the application for the following posts, so as to reach to Commission's office up to the Last Date:-27-02-2009 of receipt of it.

Advt. No.	Name of Post	Total Post	Categorywise posts				Out of Categorywise posts reserved for Women				Out of Total Posts reserved for P.H.
			Unreserved (General)	S.C.	S.T.	S.E. B.C.	Unreserved (General)	S.C.	S.T.	S.E. B.C.	
[24]	Assistant Engineer (Electrical),Class-II	14	09	-	02	03	02	-	-	01	-
[25]	Deputy Director,Industrial Safety and Health,Gujarat Industrial Safety and Health Service, Class-I	09	05	01	01	02	01	-	-	01	-
[26]	Assistant Director Boiler, Boiler Inspection Service, Class-II	07	04	01	-	02	01	-	-	-	-
[27]	Principal/Senior Surveyor / Technical Officer / Training cum Placement Officer / Trade Testing Officer in Gujarat Skill Training Service,Class-II	67	31	05	11	20	10	02	03	07	01

Advt.No. [24]: E.Q.:-Possess a Degree of B.E. Electrical Engineering of a recognised Uni. or a qualificatin recognised to be equivalent to such Degree by the Govt. of Gujarat. **PAY** :- Rs.6500-10500. **AGE** :- Not more than 28 years.

Advt.No. [25]: E.Q.:- **(A)** A Second Class Degree in Mechanical Engineering or Electrical Engineering or Chemical Engineering of the Uni.established by a Law in India or other Educational Institution established by an Act of Parliament or declared to be a deemed Uni.as provided in Section-3 of the Uni.Grant Commission Act,1956 or possess an equivalent qualification or **(B)** Associated membership of the Institute of Engineers (India), in the subject specified as above or possess an equivalent qualification recognised as such by the Govt. of any other Institution recognised by the Govt. **(C)** Possess the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 as amended from time to time. **(D)** Possess adequate knowledge of Gujarati or Hindi or both. **EXPERIENCE:** Have about five years experience as in charge of Design Fabrication or Maintenance of Machinery Plant or Section of any Industry or experience of working in the Gujarat Indusgtrial Safety and Health Services after acquiring the requisite educational qualification mentioned above. Provided that a candidate has worked as Assistant Director, Industrial Safety and Health or Industrial Safety and Health Officer in the cadre of Gujarat Industrial Safety and Health Service and during the service if he gets the above prescribed qualification, his experience will be counted from the date of joining the Industrial Safety and Health Service. **PAY** :- Rs.10000-15200. **AGE** :- Not more than 33 years.

Advt.No. [26]: E.Q.:- **(1)** A Degree in Mechanical Engineering of a Uni.established under Law in India. **(2)** About two years' practical experience of working as an Engineer in Design Construction, Repairs and Maintenance or of working on steam engines and boilers after obtaining a Degree in Mechanical Engineering, or **(i)** Possess Diploma in Mechanical Engineering of an Institution recognised by the Govt. **(ii)** About four years' practical Experience of working as an Engineer in Design Construction, Repairs and Maintenance or of working on Steam Engines and Boilers after obtaining a Diploma in Mechanical Engineering, and **(2)** Possess a certificate of proficience under the Gujarat Boiler Rules 1966, or any other Rules made in this regard under Central or Local Act. **(3)** A candidate must be not more than 180 c.m.s. in height and not more than 105 c.m.s. in girth. **(4)** Possess the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 as amended from time to time. **(5)** Possess adequate knowledge of Gujarati or Hindi or both. **PAY** :- Rs.8000-14050. **AGE** :- Not less than 26 years and not more than 40 years.

Advt.No. [27]:- E.Q.: **(A) (I)** A Degree in **1:** Mechanical Engineering or **2:** Electrical Engineering or **3:** Civil Engineering or **4:** Textile Technology or **5:** Metallurgy or **6:** Chemical Engineering or **7:** Architecture or **8:** Electronics or **9:** Instrumentation and Control or **10:** Electronics and Communication Engineering or **11:** Textile Engineering or **12:** Production Engineering of a recognised Uni. or its equivalent qualification and **(II)** have about two years experience in a large training workshop or factory engaged in production or recognised technical Institute after obtaining requisite academic qualification or **(B) (I)** Diploma in First Class in **1:** Mechanical Engineering or **2:** Electrical Engineering or **3:** Civil Engineering or **4:** Textile Technology or **5:**Chemical Engineering **6:** Auto Engineering or **7:** Printing Technology or **8:** Electronics and Radio Engineering or **9:** Electronics and Sound Engineering or **10:** Textile Manufacture or **11:** Production Engineering or **12:** Industrial Electronics or **13:** Metallurgy or **14:** Plastic Engineering or **15:** Machine Tool Technology or **16:** Tool Engineering or **17:** Welding Technology or **18:** Radio Technology or its equivalent qualification of a recognised Institute and **(II)** have about five years experience in a large training workshop or factory engaged in production or recognised technical Institute after obtaining requisite academic qualification. Possess adequate knowledge of Gujarati or Hindi both. **NOTE :- PAY** :- Rs.6500-10500. **AGE** :- Not less than 23 years and not more than 35 years.

Dt.28-01-2009

NOTE:- The details regarding obtaining Application, Fee, Age Relaxation the provision regarding cancellation of application and other details of Advt. shall be available on the notice Board of the Commission and on Website : www.gpsc.gujarat.gov.in as well as in Gujarat Rojgar Samachar dated 28-01-2009. and on it's website: www.gujaratpublications.com.

INDEX

ગુજરાત જાહેર સેવા આયોગ

નીચે દર્શાવેલ જગ્યાઓ માટે અરજીફોર્મ છેલ્લી તારીખઃ-૨૭-૦૨-૨૦૦૯ સુધીમાં આયોગમાં મળે તે રીતે મોકલવા જણાવવામાં આવે છે.

જાહેરાત ક્રમાંક	જગ્યાનું નામ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ				કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત				કુલ જગ્યાઓ પૈકી P.H. માટે અનામત
			બિનઅનામત (સામાન્ય)	અનુ. જાતિ	અનુ. જનજાતિ	સા.શૈ. પ.વર્ગ	બિનઅનામત (સામાન્ય)	અનુ. જાતિ	અનુ. જનજાતિ	સા.શૈ. પ.વર્ગ	
[૨૪]	મદદનીશ ઈજનેર (વિદ્યુત), વર્ગ-૨,	૧૪	૦૯	-	૦૨	૦૩	૦૨	-	-	૦૧	-
[૨૫]	નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવા, વર્ગ-૧	૦૯	૦૫	૦૧	૦૧	૦૨	૦૧	-	-	૦૧	-
[૨૬]	મદદનીશ નિયામક, બોઈલરો, બોઈલર નિરીક્ષણ સેવા, વર્ગ-૨.	૦૭	૦૪	૦૧	-	૦૨	૦૧	-	-	-	-
[૨૭]	ગુજરાત કૌશલ્ય તાલીમ સેવા, વર્ગ-૨ સંવર્ગમાં આચાર્ય/ સિનિયર સર્વેયર/ટેકનિકલ અધિકારી/ટ્રેનિંગ કમ પ્લેસમેન્ટ અધિકારી/ટ્રેડ ટેસ્ટીંગ અધિકારી,	૬૭	૩૧	૦૫	૧૧	૨૦	૧૦	૦૨	૦૩	૦૭	૦૧

જા.ક્રમાંક :[૨૪] જરૂરી લાયકાત :-માન્ય યુનિ.ની ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગની બી.ઈ.ની પદવી અથવા ગુજરાત સરકાર દ્વારા માન્ય સમકક્ષ લાયકાત. પગાર : રૂા.૬૫૦૦-૧૦૫૦૦. ઉંમર : ૨૮ વર્ષથી વધુ નહિ.

જા.ક્રમાંક :[૨૫] જરૂરી લાયકાત :-(૧) ભારતમાં કાયદા અન્વયે સ્થપાયેલ યુનિ.ની અથવા વૈદ્યાનિક રીતે સ્થપાયેલ અન્ય શૈક્ષણિક સંસ્થાઓ અથવા યુનિ.ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ના સેકશન-૩ હેઠળ જાહેર થયેલ ડિમ્ડ યુનિ.ની મીકેનીકલ એન્જીનીયરીંગ અથવા ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ અથવા કેમિકલ એન્જીનીયરીંગની બીજા વર્ગની પદવી અથવા તેની સમકક્ષ લાયકાત અથવા (૨) ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનીયરીંગ (ઈન્ડિયા) અથવા સરકાર માન્ય સંસ્થાની ઉપર મુજબની શાખાઓમાં એસોસીએટ મેમ્બરશીપની પદવી (૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં વખતો વખતના સુધારા મુજબ કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન, (૪) ગુજરાતી અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન. અનુભવઃ ડિઝાઈન, ફેબ્રિકેશન અથવા મશીનરી પ્લાંટની જાળવણીનો અથવા કોઈપણ કારખાનાનો અથવા ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવાનો જરૂરી લાયકાત મેળવ્યાં પછીનો આશરે પાંચ વર્ષનો અનુભવ. ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં મદદનીશ નિયામક અથવા ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા ઉમેદવારના કિસ્સામાં જો ઉમેદવાર નોકરી દરમ્યાન નિયત શૈક્ષણિક લાયકાત મેળવે તો ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં હાજર થયા તારીખથી અનુભવ ગણવાનો રહેશે. પગાર : રૂા. ૧૦૦૦૦-૧૫૨૦૦. ઉંમર : ૩૩ વર્ષથી વધુ નહિ.

જા.ક્રમાંક :[૨૬] જરૂરી લાયકાત :-(૧) ભારતમાં કાયદા અન્વયે સ્થપાયેલ યુનિ.ની મીકેનીકલ એન્જીનીયરીંગની પદવી (૨) ડિઝાઈન કંસ્ટ્રકશન, રીપેર્સ અને મેઈન્ટેનંસ કામના એન્જીનીયર તરીકે અથવા સ્ટીમ એન્જીન કે બોઈલર પરની કામગીરીનો મીકેનીકલ એન્જીનીયરીંગની પદવી મેળવ્યા બાદનો આશરે બે વર્ષનો પ્રત્યક્ષ અનુભવ અથવા ૧ઃ સરકાર માન્ય સંસ્થાનો મીકેનીકલ એન્જીનીયર ડિપ્લોમા, ૨ઃ ડિઝાઈન કંસ્ટ્રકશન, રીપેર્સ અને મેઈન્ટેનંસ કામનો અથવા સ્ટીમ એન્જીન કે બોઈલર પરની કામગીરીનો મીકેનીકલ એન્જીનીયરનો ડિપ્લોમા મેળવ્યા બાદનો આશરે ચાર વર્ષનો પ્રત્યક્ષ અનુભવ અને (૨) ગુજરાત બોઈલર રૂલ્સ, ૧૯૬૬ હેઠળ અથવા તે સંબંધિત કેન્દ્રના સ્થાનિક કાયદા નીચે બનાવેલ નિયમો હેઠળ પ્રોફીસીયંસી પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ. (૩) ઉમેદવારની ઉંચાઈ ૧૮૦ સે.મી. તથા બાંધો ૧૦૫ સે.મી. થી વધુ ન હોવી જોઈએ. (૪) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં વખતો વખતના સુધારા મુજબ કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન (૫) ગુજરાતી અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન. પગાર : રૂા.૮૦૦૦-૧૪૦૫૦. ઉંમર : ૨૬ વર્ષથી ઓછી નહિ અને ૪૦ વર્ષથી વધુ નહિ.

જા.ક્રમાંક :[૨૭] જરૂરી લાયકાત :- (અ) (૧) માન્ય યુનિ.ની નીચેના વિષયમાં સ્નાતકની પદવી ૧ઃ મીકેનીકલ એનજીનીયરીંગ અથવા ૨ઃ ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ અથવા ૩ઃ સિવિલ એન્જીનીયરીંગ અથવા ૪ઃ ટેક્ષટાઈલ ટેકનોલોજી અથવા ૫ઃ મેટલર્જી અથવા ૬ઃ કેમીકલ એન્જીનીયરીંગ અથવા ૭ઃ આર્કીટેક્ચર અથવા ૮ઃ ઈલેક્ટ્રોનીકસ અથવા ૯ઃ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ અથવા ૧૦ઃ ઈલેક્ટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકેશન એન્જીનીયરીંગ અથવા ૧૧ઃ ટેક્ષટાઈલ એન્જીનીયરીંગ અથવા ૧૨ઃ પ્રોડકશન એન્જીનીયરીંગ અથવા તેની સમકક્ષ લાયકાત અને (૨) અનુભવઃ જરૂરી શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો મોટી તાલીમી વર્કશોપ અથવા ઉત્પાદન કરતી ફેકટરી અથવા માન્ય તાંત્રિક શૈક્ષણિક સંસ્થાનો આશરે બે વર્ષનો અનુભવ મેળવેલ હોવો જોઈએ અથવા (બ) (૧) નીચેના વિષયમાં પ્રથમ વર્ગનો ડિપ્લોમા ૧ઃ મીકેનીકલ એનજીનીયરીંગ અથવા ૨ઃ ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ અથવા ૩ઃ સિવિલ એન્જીનીયરીંગ અથવા ૪ઃ ટેક્ષટાઈલ ટેકનોલોજી અથવા ૫ઃ કેમીકલ એન્જીનીયરીંગ અથવા ૬ઃ ઓટો એન્જીનીયરીંગ અથવા ૭ઃ પ્રિન્ટીંગ ટેકનોલોજી અથવા ૮ઃ ઈલેક્ટ્રોનીકસ રેડીયો એન્જીનીયરીંગ અથવા ૯ઃ ઈલેક્ટ્રોનીકસ એન્ડ સાઉન્ડ એન્જીનીયરીંગ અથવા ૧૦ઃ ટેક્ષટાઈલ મેન્યુફેકચરીંગ અથવા ૧૧ઃ પ્રોડકશન એન્જીનીયરીંગ અથવા ૧૨ઃ ઈન્ડસ્ટ્રીયલ ઈલેક્ટ્રોનીકસ અથવા ૧૩ઃ મેટલર્જી અથવા ૧૪ઃ પ્લાસ્ટીક એન્જીનીયરીંગ અથવા ૧૫ઃ મશીન ટુલ ટેકનોલોજી અથવા ૧૬ઃ ટુલ એન્જીનીયરીંગ અથવા ૧૭ઃ વેલ્ડિંગ ટેકનોલોજી અથવા ૧૮ઃ રેડીયો ટેકનોલોજી અથવા તેની સમકક્ષ લાયકાત અને (૨) અનુભવઃ જરૂરી શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો મોટી તાલીમી વર્કશોપ અથવા ઉત્પાદન કરતી ફેકટરી અથવા માન્ય તાંત્રિક શૈક્ષણિક સંસ્થામાં આશરે પાંચ વર્ષનો અનુભવ મેળવેલ હોવો જોઈએ. (ક) ગુજરાતી અને હિન્દી અથવા બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. નોંધઃ પૂરતાં પ્રમાણમાં ઉમેદવારો નહિ મળે તો અનુ.જાતિ/અનુ.જનજાતિના કિસ્સામાં આયોગને યોગ્ય જણાશે તો તે મુજબ અનુભવમાં છૂટછાટ મુકી શકાશે. પગાર : રૂા.૬૫૦૦-૧૦૫૦૦. ઉંમર : ૨૩ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ નહિ.

જાહેરાતની સામાન્ય જોગવાઈ (જા.ક્રમાંકઃ૨૪ થી ૨૭)

[૧] નાગરિકત્વઃ ઉમેદવાર, (ક) ભારતનો નાગરિક, અથવા (ખ) નેપાળનો પ્રજાજન, અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન, અથવા (ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧ લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ હોવો જોઈએ, અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા, (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુકત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝેઈર, ઈથોપીયા અથવા વિયેટનામાંથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંકઃ(ખ), (ગ), (ઘ) અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ. નોંધઃ- જે **ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.** [૨] અરજી પત્રકઃ (ક) અરજી પત્રક ફી :- બિનઅનામત પુરૂષ/મહિલા ઉમેદવારો માટે અરજી ફીની કિંમત રૂા.૫૦/- છે. અનામત વર્ગોના ઉમેદવારો તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી ફી ભરવાની નથી. (ખ) અરજી પત્રક મેળવવાની જોગવાઈ:- અરજી પત્રક (૧) ટપાલ દ્વારા (૨) આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી (૩) આયોગની વેબસાઈટ ઉપરથી મળી શકશે તેમજ (૪) આયોગે નિયત કરેલ અરજી પત્રકની ફોટોકોપીનો ઉપયોગ થઈ શકશે. **૧ઃ ટપાલ દ્વારા અરજી પત્રક મેળવવા :-** બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવાર ટપાલ દ્વારા જગ્યાનું નામ અને જાહેરાત ક્રમાંક દર્શાવતી અરજી સાથે સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગના નામનો રૂા.૫૦/- નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર (ભારતીય પોસ્ટલ ઓર્ડરની પાછળ નામ, સરનામું, જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ દર્શાવીને) અને પોતાના સરનામાવાળું ૨૭x ૧૨cm ની રૂા.૧૦/- નું ટિકિટ લગાડેલ પરબીડિયું ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, પહેલો માળ, લાલ દરવાજા, અમદાવાદને મોકલવાથી અરજી પત્રક મેળવી શકાશે. અનામત વર્ગોના ઉમેદવાર જાતિના પ્રમાણપત્રની નકલ તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો તબીબી પ્રમાણપત્રની નકલ સાથે ઉપરની વિગતો તથા ટિકિટ લગાડેલ પરબીડિયું (અરજી પત્રકની કિંમત રૂા.૫૦/- મોકલવાની રહેતી નથી) મોકલાવી ટપાલથી અરજી પત્રક મેળવી શકશે. **૨ઃ આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક મેળવવા :-** આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક કામકાજના દિવસો દરમ્યાન ૧૧ થી ૨ તથા ૩ થી ૫ સુધી મળશે. બિનઅનામત વર્ગના પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી પત્રકની કિંમત રૂા.૫૦/- રોકડેથી ચૂકવીને અરજી પત્રક મેળવી શકશે. જ્યારે અનામત વર્ગના અને શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો જાતિ પ્રમાણપત્ર/શારીરિક વિકલાંગતાના પ્રમાણપત્રની નકલ રજૂ કરીને વિના મૂલ્યે અરજી પત્રક મેળવી શકશે. **૩ઃ વેબસાઈટ :-**આયોગની વેબસાઈટ **"www.gpsc.gujarat.gov.in"** ઉપરથી ઉમેદવાર "સીધી ભરતી માટેનું અરજી પત્રક" ડાઉનલોડ કરીને ઉપયોગમાં લઈ શકશે. આવું અરજી પત્રક ઉપયોગમાં લેવાય ત્યારે ઉમેદવારે અરજી પત્રક પરના જમના ખૂણા પર "ડાઉનલોડ કરેલ અરજી પત્રક" તેમ દર્શાવવાનું રહેશે. **૪ઃ અરજી પત્રકની ફોટોકોપી ઉપયોગમાં લેવીઃ-**"સીધી ભરતી માટેનું અરજી પત્રક" ની સંપૂર્ણ ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લઈ શકશે અને જ્યારે ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લે ત્યારે ઉમેદવારે અરજી પત્રક પર જમણા ખૂણા પર **"ફોટોકોપી"** તેમ દર્શાવવાનું રહેશે. [૩] ભરેલા અરજી પત્રકઃ- (૧) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં ઉમેદવારના અરજી પત્રકો અયોગની કચેરીમાં મળે તે રીતે ઉમેદવારે મોકલવાના રહેશે. (૨) ઉમેદવાર ભરેલા અરજી પત્રકો આયોગની કચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસો દરમ્યાન સવારના ૧૧ થી ૨ અને બપોરના ૩ થી ૫ દરમ્યાન જમા કરાવી શકશે. (૩) ઉમેદવાર ભરેલા અરજી પત્રકો સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બી-બ્લોક, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ ના સરનામે ટપાલથી પણ મોકલી શકશે. (૪) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ કોઈપણ રીતે મળેલા અરજી પત્રકો સ્વીકારવામાં આવશે નહિ. (૫) બિન અનામત ઉમેદવારે આયોગની કચેરીમાંથી અરજી પત્રક મેળવેલ હોય તો અરજી સાથે રૂા. ૧૦૦/- અને વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ હોય કે ફોટોકોપીવાળું અરજી પત્રક મેળવેલ હોય તો અરજી પત્રક સાથે રૂા. ૧૫૦/- ની ફી ભરવાની છે. આવી ફી રોકડેથી કાઉન્ટર પર સ્વીકારવામાં આવે છે અથવા ભારતીય પોસ્ટલ ઓર્ડર મારફત ભરી શકાશે અને ઉમેદવારે નિયત ફી થી વધુ રકમનો ભારતીય પોસ્ટલ ઓર્ડર મોકલેલ હશે તો વધારાની રકમ પરત કરવામાં આવશે નહિ અને તે જમા લેવામાં આવશે. (૬) ઓછી અરજી ફી અથવા અરજી ફી વગરની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ. (૭) ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાતની તારીખ બાદનો ખરીદેલો હોવો જોઈએ. (૮) અરજી ફી પેટે મનીઓર્ડર, બેન્ક ડ્રાફ્ટ અથવા ચેક સ્વીકારવામાં આવશે નહિ. અરજી ફી જાહેરાત રદ કરવામાં આવે તે સિવાયના કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહિ.(૯) ભારત બહારથી અરજી કરતા ઉમેદવારે નિયત ફી ભારતના હાઈકમિશ્નર અથવા ભારતીય રાજદૂત અથવા ભારત સરકારના પ્રતિનિધિની કચેરીમાં જમા કરાવવી તથા આવા ચૂકવણાની મૂળ પહોંચ અરજી પત્ર સાથે જોડવી. (૧૦) જો એક કરતા વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે. (૧૧) એક જ જાહેરાત માટે એક જ અરજી કરી શકાશે. એક જાહેરાત માટે જો એક થી વધુ અરજી કરેલ હશે તો તે વિચારણામાં લેવામાં આવશે નહિ. (૧૨) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને બિનઅનામત માટેના ધોરણો લાગુ પડશે. (૧૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે

INDEX

અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહિ. (૧૪) અરજી ફી વગરની અરજીની અગ્રીમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહિ. [૪] વયમર્યાદા:- (૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) ઉપરની જાહેરાતમાં વયમર્યાદા આપવામાં આવેલ છે. વયમર્યાદામાં છૂટછાટ નીચે મુજબ મળવાપાત્ર છે. ૧. અનુ. જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ. પ. વર્ગ -પાંચ વર્ષ, ૨. બિન અનામત મહિલા ઉમેદાવાર -પાંચ વર્ષ, ૩. અનામત વર્ગના મહિલા ઉમેદવાર -૧૦ વર્ષ, ૪. માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ.સહિત -લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ, ૫. શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો કે જેઓ આ જગ્યાની ફરજો સામાન્ય માણસોની જેમ બજાવવા શક્તિમાન હોય, તેઓને તા. ૧-૧૨-૨૦૦૮ના સા.વ.વિ.ના પરિપત્રથી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ/સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળશે. (૧: જા.ક્રમાંક:૨૪ માટે O.L. અને H.H.એક પગે અપંગ, કાને બહેરાશ ધરાવતા ઉમેદવારો. (૨: જા.ક્રમાંક: ૨૫ માટે હલન ચલનની વિકલાંગતા ધરાવતા OL (One leg અને OA (One Arm) ઉમેદવારો, (૩: જા.ક્રમાંક: ૨૭ માટે O.A., O.L. (One Arm or Leg altered) ધરાવતા ઉમેદવારો). ૬. ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુધી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર આવેલ હોય તેવા કર્મચારીઓ:- ૧: જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. ૨: જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઈજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાંની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (**Any such post**) માટે ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. ૩: જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. ૭. વિશિષ્ટ રીતે સારી લાયકાત અને અથવા અનુભવ ધરાવતા ઉમેદવારોને આયોગને વિવેકાધીન છૂટછાટ મળવાપાત્ર છે.(સિવાય જા.ક્રમાંક: ૨૫) ૮. સા.વ.વિ.ના તા.૨૭-૮-૦૮ના જાહેરનામા મુજબ તમામ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ત્રણ વર્ષની છૂટછાટ મળશે.(૩) આયોગ જન્મતારીખના પૂરાવા માટે એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ.એસ.સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પૂરાવાઓના આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ :........ છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે. [૫] શૈક્ષણિક લાયકાત:- (૧) જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ ધરાવતા હોવા જોઈએ. (૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. (૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક/પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. શાળા/કોલેજના આચાર્યશ્રી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. (૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવો સ્વીકારવામાં આવશે નહિ. (૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હકક-દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે. [૬] અનુભવ:- (૧) અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી ન હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં ગણવામાં આવશે. (૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ). મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનુ રજૂ કરવાનું રહેશે. (૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ. (૫) અંશ:કાલીન, રોજીંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહિ. [૭] અનુસચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ:- (૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના જે ઉમેદવાર હોય તેઓએ અરજી પત્રક અને પરિશિષ્ટમાં તેની વિગતો અચૂક દર્શાવવી. (૩) આવા ઉમેદવારે અરજી પત્રક તથા પરીશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત ઉમેદવાર તરીકેનો લાભ મેળવવાનો દાવો માન્ય રાખવામાં આવશે નહિ. (૪) અનામત વર્ગ તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અવશ્ય સામેલ કરવાની રહેશે. અરજી પત્રક સાથે પ્રમાણપત્રની નકલ સામેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ અને અરજી પત્રક રદ થવાને પાત્ર બનશે. (૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહિ થતો હોય તો જ મળવાપાત્ર થશે. (૬) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ (ક) ના નમૂનામાં પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર છેલ્લા પૂરા થયેલા નાણાકીય વર્ષનું હોવું જોઈએ. જો ઉમેદવારે આ પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહિ.(૭) અનામત વર્ગના ઉમેદવારોએ અરજી પત્રકમાં અનામત કક્ષાની અથવા બિનઅનામત (સામાન્ય) જગ્યા સામે ઉમેદવારી નોંધાવો છો ? તેની વિગતો સ્પષ્ટપણે અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં દર્શાવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં ખાનું ખાલી ન રાખવું કે ટપકા કરવા નહિ તે જોવાનું રહેશે. (૮) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણે (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે. આ જોગવાઈને વિચાણામાં લઈને અરજી પત્રકમાં વિગત આપવાની રહેશે. (૯) અનુસૂચિત જાતિના ઉમેદવારે અરજી પત્રકમાં પોતાનો ધર્મ અવશ્ય દર્શાવવાનો રહેશે. **જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક વિકલાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એકથી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.** [૮] માજી સૈનિક:- (૧) માજી સૈનિક અને શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજી પત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. [૯] શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો:- (ક) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (ખ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે ૧: અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ ૨: શ્રવણની ખામી ૩: હલન-ચલન વિકલાંગતા અથવા મગજનો લકવો તે પૈકીની) કઈ શારીરિક વિકલાંગતા છે તે દર્શાવવું. (ગ) જાહેરાતમાં શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવાર પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે. (ઘ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સરકારી હોસ્પિટલ/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં આવેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ. શારીરિક વિકલાંગતા માટેનો લાભ મળવાપાત્ર થશે નહિ. [૧૦] મહિલા ઉમેદવાર :- મહિલાઓ માટે અનામત જગ્યાઓ માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તેની જગ્યા તે કક્ષાના (category) પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે. [૧૧] વિધવા ઉમેદવાર:- (૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા લાગુ પડતુ નથી એમ દર્શાવવું. (૨) વિધવા ઉમેદવારે પુનઃલગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા લાગુ પડતું નથી એમ લખવું. (૩) વિધવા ઉમેદવારે જો પુનઃલગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા હોય તો અરજી સાથે પુનઃલગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ રજૂ કરવાની રહેશે. (૪) વિધવા ઉમેદવારને સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલા ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે. [૧૨] ના-વાંધા પ્રમાણપત્ર :- (૧) ગુજરાત સરકારના સરકારી/અર્ધસરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવાંતા અધિકારીઓ/કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોકતા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે. (૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઈપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. [૧૩] ગેરલાયક ઉમેદવાર :- ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધસરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવાયો હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે. [૧૪] ફરજીયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :- અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ, કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલા હોય તો અરજી પત્રમાં તેની વિગત આપવાની રહેશે. [૧૫] રજીસ્ટ્રેશન :- તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જયાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને અરજી સમય રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. [૧૬] સામાન્ય :- (૧) ઉમેદવારે આપવાની થતી માહિતી ખોટી આપી હશે અને/અથવા અરજી પત્રકમાં જરૂરી માહિતી/વિગતો છૂપાવવાનો પ્રયાસ કરેલ હશે અને/અથવા આયોગને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હશે અને તે ધ્યાન ઉપર આવશે તો પ્રાથમિક કસોટી, રૂબરૂ મુલાકાત, નિમણૂક વગેરે તમામ માટે ગેરલાયક ઠરશે. વધુમાં, આવા ઉમેદવારને આયોગ ભવિષ્ય માટે ગેરલાયક ઠરાવી શકશે અને જો ઉમેદવાર રાજ્ય સરકારની સેવામાં હશે તો તેમની સામે ખાતાકીય પગલાં લેવામાં આવશે. (૨) સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવવા પ્રયત્ન કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે. [૧૭] અગત્યની જોગવાઈઓ :- (૧) ઉપરની જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જયાં પ્રાથમિક લેખિત કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નકકી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નકકી કરશે નહિ તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યતઃ અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. (૨) આ જાહેરાતોમાં ઠરાવેલ લઘુતમ શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને/અથવા વધુ અનુભવ અને/અથવા લાયકાતમાં ઉંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે. [૧૮] રૂબરૂ મુલાકાત :- (૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકીટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે અસલ ટિકીટ રજૂ કરવાની રહેશે. (૩) રૂબરૂ મુલાકાતના

INDEX

દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહિ તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહિ તેની ખાસ નોંધ લેવી. [૧૯] નીચે દર્શાવ્યા મુજબની અધૂરી અરજીઓ સીધેસીધી રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.) (૧) આયોગે નિયત કરેલ અરજી પત્રકમાં અરજી મળેલ ન હોય. (૨) અરજી અને/અથવા પરિશિષ્ટમાં વિગતો અધૂરી કે અવાચ્ય હોય. (૩) અરજી અને/અથવા પરિશિષંટમાં ઉમેદવારની સહી ન હોય. (૪) અરજી અને/અથવા પરિશિષ્ટમાં કેપીટલ લેટરમાં સહી કરેલ હશે તો. (૫) અરજી અને/અથવા પરિશિષ્ટ ફેકસથી કે ઈ-મેઈલથી મોકલાવેલ હોય. (૬) અરજી અને/અથવા પરિશિષ્ટમાં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાવેલ ન હોય. (૭) અરજી અને/અથવા પરિશિષ્ટમાં પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની ઝેરોક્ષ લગાવેલ હોય. (૮) અરજી અને પરિશિષ્ટ બે માંથી એક જ મોકલાવેલ હોય. (૯) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય. (૧૦) અરજી સાથે ફી ભરેલ હોય પરંતુ ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખ પહેલાનો ખરીદેલ હોય. (૧૧) અરજી ગુજરાતી ભાષામાં ઉમેદવારે પોતાના સ્વહસ્તાક્ષરમાં ભરેલ ન હોય. (અંધ ઉમેદવાર સિવાય) (૧૨) એક જ ગ્યા માટે એક કરતાં વધુ અરજી મળેલ હોય. (૧૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ થયેલ ન હોય. (૧૪) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય. (૧૫) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે તાજેતરના પુરા થયેલા નાણાકીય વર્ષનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય. (૧૬) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ / પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. (૧૭) જન્મતારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. (૧૮) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં ઉમેદવારે મેળવેલ પદવી એમ.સી.આઈ. માન્ય છે તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય તો. (૧૯) ઉમેદવારે અરજી પત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નકકી કરવાની થતી હોય) અને તેના સમર્થનમાં પ્રમાણપત્રો રજૂ કરેલ ન હોય અથવા તો રજૂ કરેલ પ્રમાણપત્રોમાં તેઓનો અનુભવનો સમયગાળો, મૂળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તો. [૨૦] આયોગ દ્વારા યોજવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા, પ્રાથમિક કસોટી, રૂબરૂ મુલાકાતમાં ઉમેદવારની પસંદગી નિયત થયેલ પદ્ધતિથી માત્ર ગુણ, પાત્રતા અને લાયકાતના આધારે જ કરવામાં આવે છે. આથી કોઈ પણ પ્રકારના પ્રલોભનથી દૂર રહેવા ઉમેદવારોને સાવધાન રહેવા જણાવવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ કે એજન્સી ઉમેદવારોને ભોળવી તેમને પરીક્ષામાં રૂબરૂ મુલાકાતમાં પાસ કરાવી આપવાની ખાતરી આપી તેમજ આર્થિક શોષણ કરવાની પ્રવૃત્તિ કરતાં હોય તો તેની જાણ આયોગને કરવા વિનંતી છે. આ રીતે માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે. વધુમાં આયોગ દ્વારા કોઈ પણ પ્રકારના કોચિંગ કલાસ ચલાવવામાં આવતાં નથી કે કોઈ પણ પ્રકારના સંદર્ભ પુસ્તકોની ભલામણ કરવામાં આવતી નથી કે આ માટેની તાલીમ માટે કોઈ વ્યક્તિ કે એજન્સીને પણ આયોગે અધિકૃત કરી નથી. આવી બાબત ધ્યાનમાં આવે તો સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બી-બ્લોક, પહેલો માળ, લાલદરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ ને લેખિતમાં ખાનગી પત્રથી કે રૂબરૂમાં જાણ કરવા વિનંતી છે. નિમણુક :- (૧) ઉપરની જાહેરાત સંબંધમાં પ્રસિદ્ધ થયેલા ઉમેદવારની નિમણૂક માટે સરકારશ્રીના સંબધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તો તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નકકી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. (૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઈપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

તા.૨૮-૦૧--૨૦૦૯

નોંધ :- અરજીફોર્મ મેળવવાની, ફીની, વયમર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ ઉપર અને આયોગની વેબસાઈટ **www.gpsc.gujarat.gov.in** ઉપર અને તારીખઃ-૨૮-૦૧-૨૦૦૯ ના ગુજરાત રોજગાર સમાચાર તથા તેની વેબસાઈટ **www.gujaratpublications.com** ઉપર જોવા મળશે.

CIVIL APPOINTMENTS

Head of Departments and all other Officers concerned are Informed that Notification in the GAZETTE are to be accepted as disposing of all references, leave, transfers, appointments; power and other personal questions affecting Gazetted Officers as to which orders are gazetted by Government in this part of the Gazette and that any subsidiary orders as to relief of their subordinate and the like, which such notifications, necessitate, must be issued by them as on receipt of GAZETTE as on other orders will be issued by Government.

નાણા વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૯.

સુધારો

ક્રમાંક : વવક-૫૦૨૦૦૮-ખા-૨૬૭-ઠ-૩,– તા. ૧૩-૧-૨૦૦૯ની અધિસૂચનામાં સમાવિષ્ટ, વાણિજ્યિક વેરા નિરીક્ષક વર્ગ-૩ ને વાણિજ્યિક વેરા અધિકારી વર્ગ-૨ના પગાર ધોરણમાં તેઓ જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી હંગામી ધોરણે બઢતી આપવામાં આવી છે. તેમાંના અનુક્રમ નંબર-૧૧માં શ્રી જસાણી જમનાદાસ છનાભાઈ તા. ૩૧-૧૦-૨૦૦૮ના રોજ કચેરી સમય બાદથી વય નિવૃત થયેલ હોઈ સંદર્ભમાં ઉલ્લેખ કરવામાં આવેલી આ વિભાગની તા. ૧૩-૧-૦૯ની અધિસૂચનામાંથી શ્રી જસાણી છનાભાઈનું નામ આથી રદ કરવામાં આવે છે.

૨. તા. ૧૩-૧-૦૯ની અધિસૂચનામાંની અન્ય વિગતો/શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. અધ્વર્યુ,
સરકારના નાયબ સચિવ.

મહેસૂલ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૮.

ક્રમાંક : એસઆરટી-૧૧૨૦૦૮-૫૦૭૬-ડી.૧– ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, નાયબ કલેક્ટર સંવર્ગના નીચે દર્શાવેલા અધિકારી વયનિવૃત્તિ વયે પહોંચતા તેમને તારીખ ૩૧-૧૨-૨૦૦૮ના રોજ (કચેરી સમય બાદથી) સરકારી સેવામાંથી વય નિવૃત થવા આથી પરવાનગી આપવામાં આવે છે.

ક્રમ	અધિકારીનું નામ	હાલનો હોદ્દો
૧	શ્રી એચ. બી. ઠક્કર જ. તા. ૦૧-૧૨-૧૯૫૦	મદદનીશ કમિશનર. સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સી, વડોદરા. (હાલ જ. પા. સેલ, નડીયાદ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એસ. પારેખ,
સરકારના ઉપ સચિવ.

INDEX

ગુજરાત ઈજનેરી સેવા વર્ગ-૧ની કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની જગ્યાઓ માટે સીધી ભરતીથી પસંદ થયેલ પ્રતિક્ષાયાદી પરના ઉમેદવારોને મદદનીશ કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે અજમાયશી ધોરણે નિમણૂંક આપવા બાબત.

નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જાન્યુઆરી, ૨૦૦૯.

ક્રમાંક : જીએબી-૧૧૦૮-૧-ઈ-- ગુજરાત ઈજનેરી સેવા, વર્ગ-૧ની કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની અને ગુજરાત ઈજનેરી સેવા, વર્ગ-૨ની નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા (તા. ૧૫-૦૬-૧૯૯૬ના રોજ) પ્રસિધ્ધ કરાયેલ જાહેરાત ક્રમાંક : ૩૬/૧૯૯૬-૯૭ અન્વયે ભરતી પ્રક્રિયા દરમિયાન નોંધાવવા માટેની ઉપરની વયમર્યાદા વટાવી ચુકેલ ઉમેદવારોને આયોગે પત્ર પાઠવી તેઓના ઉમેદવારી પત્રો માન્ય રાખેલ નહી. આથી, આ ઉમેદવારો આયોગના તે નિર્ણયથી નારાજ થઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ **SCA No. 4789/2000, 4474/2000** અને **4352/2000** થી દાદ માંગેલ હતી. સદરહુ **SCA** માં નામ. ગુજરાત હાઈકોર્ટે તા. ૩-૫-૨૦૦૦ના રોજ અરજદારોની તરફેણમાં વચગાળાનો હુકમ કરેલ હતો, જેની સામે સરકાર ધ્વારા **LPA No. 1256/2003, 1257/2003** અને **1258/2003** કરવામાં આવેલ હતી, જે અન્વયે નામદાર હાઈકોર્ટે તા. ૨૭-૦૨-૦૮ના રોજ આખરી ચુકાદો આપી સરકારની અપીલો નકારી કાઢેલ. જેથી ઉપર્યુક્ત પીટીશનમાં **Hon. Single Judge** ના તા. ૪-૦૮-૨૦૦૩ના અગાઉના ચુકાદા અન્વયે આયોગના તા. ૨-૦૫-૦૮ના પત્ર ક્રમાંક : જીએસઈ-૧૦૯૫-૪૩૨(૨)-આર-૧ થી ગુજરાત ઈજનેરી સેવા વર્ગ-૧ના કાર્યપાલક ઈજનેર (સીવીલ) સંવર્ગમાં નિમણૂંક આપવા માટે પ્રતિક્ષાયાદીમાંથી ભલામણ કરાયેલ નિમ્ન નિર્દિષ્ટ પત્રકના આસન્ન નં.-૨માં દર્શાવેલ ઉમેદવારોને ગુજરાત ઈજનેરી સેવા, વર્ગ-૧ની કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની જગ્યાઓ સામે અજમાયશી ધોરણે પ્રથમ તબકકે મદદનીશ કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે નિમણૂંક આપવાની થાય છે.

ક્રમ	ઉમેદવારનું નામ	જન્મ તારીખ	પ્રતિક્ષા યાદીમાં ગુણાનું ક્રમ	વર્તુળનું નામ	વિગતવાર નિમણૂંકની કચેરી / જગ્યા	વર્ગ/જાતિ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૧	શ્રી નિતીનકુમાર સોમાભાઈ પટેલ	૧૮-૦૫-૭૩	૧	પાલનપુર સિંચાઈ યોજના વર્તુળ, પાલનપુર	પાટણ સિંચાઈ પેટા વિભાગ, પાટણ	સામાન્ય
૨	શ્રી પતંજલિ જાન્હવીનારાયણ મિશ્રા	૭-૦૨-૬૮	૨	ભાવનગર સિંચાઈ વર્તુળ, ભાવનગર	સિંચાઈ પેટા વિભાગ, પાળિયાદ, તા. બોટાદ	સામાન્ય
૩	શ્રી ભરત શંકરભાઈ ચૌધરી	૬-૦૭-૬૬	૩	હિમતનગર સિંચાઈ યોજના વર્તુળ, હિમતનગર.	સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ પેટા વિભાગ નંબર- ૨/૧, બાલાસિનોર	સા. શૈ. પ. વર્ગ

ઉપરના પત્રકના આસન નંબર-૨માં દર્શાવેલ ઉમેદવારો તેમને આપવામાં આવેલ વિગતવાર નિમણૂંકની જગ્યાએ જોડાય તે તારીખથી ગુજરાત ઈજનેરી સેવા વર્ગ-૧માં મદદનીશ કાર્યપાલક ઈજનેર સીવીલ તરીકે બે વર્ષની અજમાયશી મુદત માટે રૂપિયા ૮,૦૦૦-૨૭૫-૧૩૫૦૦/-ના પગાર ધોરણમાં તેમના નામ સામે દર્શાવેલ વર્તુળ / કચેરી હેઠળ તેમના ચારિત્ર્ય અને પૂર્વવૃતાંત સંબંધે કશું વિરુધ્ધ નહિ હોવાના સંબંધિત સત્તાધિકારી તરફથી મેળવાયેલ પ્રમાણપત્ર તથા શારીરિક યોગ્યતા અંગેના રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી આધાર ધ્યાને લઈ, નીચે દર્શાવેલ અન્ય બોલીઓ અને શરતો (Terms and Conditions)ને આધીન તદ્દન હંગામી ધોરણે નિમણૂંક આપવામાં આવે છે.

બોલીઓ અને શરતો (Terms and Conditions)

૧. તેઓ પૈકી ઉપરના પત્રકના ક્રમ-૨ સામેના ઉમેદવાર શ્રી પંતજલિ જન્હવીનારાયણ મિશ્રાએ સીધી ભરતીની પૂર્વ લાયકાત અંગેની DOEAC સોસાયટીની CCC Levelની કોમ્પ્યુટર અંગેની જાણકારી તથા CCC^{+} પરીક્ષા ઉર્તિણ કરેલ નહી હોવાથી અજમાયશી સમયગાળા દરમિયાન તે પરીક્ષાઓ ઉર્તિણ કરવાની રહેશે.

INDEX

૨. તેઓ સામે સરકારશ્રીમાં હાલ જો કોઈ પ્રાથમિક/ખાતાકીય તપાસ ચાલુ હોય તો તે ચાલુ રાખી શકાશે અને તેનું પરિણામ તેમને બંધનકર્તા રહેશે.

૩. આ હુકમ અન્વયે સરકારશ્રીની સેવામાં જોડાતા પૂર્વ તેઓએ સામાન્ય વહીવટ વિભાગના તા. ૩-૧૨-૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક : સીડીઆર-૧૧૮૬-યુઓ-૨૨૪૪-ગ.૨ થી નિયત કરાયા મુજબ આ સાથે સામેલ પરિશિષ્ટ-૨ મુજબ સોગંદ લેવાના રહેશે.

૪. તેઓએ નિમણૂંકવાળી જગ્યાએ હાજર થતાં પહેલાં તેઓને અગાઉની તે સેવામાંથી ફરજમુક્ત (relieve) કરવામાં આવ્યા છે તે મતલબનો હુકમ (relieve order) રજુ કરવાનો રહેશે.

૫. હાજર થતાં પહેલાં તેઓએ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ બાંહેધરી આપવાની રહેશે. સંબંધિત ખાતાના વડા/ અધિક્ષક ઈજનેરશ્રીઓને આથી સપષ્ટ સૂચના આપવામાં આવે છે કે ઉમેદવારો પાસેથી પરિશિષ્ટ-૧માં દર્શાવ્યા મુજબની સ્પષ્ટ બોંહેધરી બે નકલમાં મળ્યા બાદ જ તેઓને હાજર થવા દેવા અને બાંહેધરી પત્રક બે નકલમાં સરકારશ્રીને મોકલી આપવા.

૬. તેઓએ નિમણૂંકવાળી જગ્યાએ જોડાતી વખતે ભરતી નિયમો પ્રમાણે શૈક્ષણક લાયકાત અને ઉંમર તેમજ જાતિ અંગેના પ્રમાણપત્રો જે તે વર્તુળના અધિક્ષક ઈજનેરને રજૂ કરવાના રહેશે. અધિક્ષક ઈજનેરને આવા અસલ પ્રમાણપત્રોની પૂરતી ચકાસણી કરી સંબંધિત ઉમેદવારને હાજર થવા દેવા.

૭. તેઓએ આ હુકમની તારીખથી એક માસની સમયમર્યાદામાં વિગતવાર નિમણૂંકની જગ્યાએ સરકારશ્રીની સેવામાં જોડાવાનું રહેશે. નિર્દિષ્ટ સમયમર્યાદામાં વિગતવાર નિમણૂંકની જગ્યાએ સેવામાં જોડાયેલા ઉમેદવારોનો માંહે-માંહેનો (Interse) અગ્રતાક્રમ ઉપરના પ્રથમ ફકરામાંના પત્રકના આસન નં.-૪ દર્શાવ્યા મુજબનો રહેશે. કોઈપણ સંજોગોમાં નિમણૂંકની જગ્યાએ જોડાવાની સમયમર્યાદા લંબાવી આપવામાં આવશે નહિ અને અજમાયશી નિમણૂકનો તેમનો હુકમ રદ થવાને પાત્ર બનશે. તેમ છતાં કાબૂ બહારના સંજોગોના કારણે નિમણૂકની જગ્યાએ જોડવામાં વિલંબ થાય તો તેના સંબંધે યથાર્થતાદર્શક કારણો સહિત રજૂઆતો કરવાની રહેશે અને સરકારશ્રી ધ્વારા તે ગ્રાહય રખાયેથી સંબંધિત ઉમેદવાર અજમાયશી નિમણૂકની જગ્યા સામે સેવામાં જોડાઈ શકશે. આ કિસ્સામાં ઉપર દર્શાવેલ અગ્રતાક્રમ કાયમ રાખવો કે કેમ ? તે પ્રત્યેક કિસ્સામાં ગુણવત્તા (Merit) ના ધોરણે નિયત કરવામાં આવશે.

૮. તેઓએ બે વર્ષની અજમાયશી મુદતના પ્રથમ વર્ષ દરમિયાન કર્યક્રમ પ્રમાણે જુદા જુદા વર્તુળ / કચેરીઓ હેઠળ તાલીમ લેવાની રહેશે. જે માટે અલગ રીતે હુકમો કરવામાં આવી રહયા છે. દ્વિતિય વર્ષ દરમ્યાન તેઓએ ઉપર ફકરા-૧માંના પત્રકના આસન નં.-૫માં તેમના નામ સામે દર્શાવેલ વર્તુળ હેઠળના પેટા વિભાગમાં કામ કરવાનું રહેશે. તાલીમના સમય દરમ્યાન તેમણે કરેલ કામ અંગેની નોંધો તૈયાર કરવાની રહેશે. અને તે સંબંધિત અધિક્ષક ઈજનેરશ્રીને રજુ કરવાની રહેશે.

૯. તેઓએ અજમાયશી સેવા સહિત લઘુત્તમ ૪ વર્ષ સેવા બજાવવાની રહેશે. તે પૂર્વે સરકારશ્રીની સેવામાંથી રાજીનામુ આપનાર ઉમેદવારે આ નિમણૂંક હુકમ અન્વયે સરકારશ્રી ધ્વારા જો કોઈ (Surety Bond) રજૂ કરવાનું નિયત કરાય તો તેટલી તેવુ (નિયત રકમનું) Surety Bond સંબંધિત અધિક્ષક ઈજનેરશ્રી મારફતે સરકારશ્રીમાં મોકલી આપવાનું રહેશે.

૧૦. તેઓ મદદનીશ કાર્યપાલક ઈજનેર તરીકેનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષ સુધી દરેક વર્ષે તેની કામગીરીનો ખ્યાલ આપતા અહેવાલો સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના તા. ૯-૬-૮૯ના પરિપત્ર ક્રમાંક : પીઆરઓ-૧૦૮૬-૫૦૬૮-ગ.૨ અન્વયે નિયત કરાયેલ પત્રકમાં સંબંધિત અધિક્ષક ઈજનેરશ્રીઓએ સરકારશ્રીને નિયમિત રીતે મોકલવાના રહેશે.

૧૧. બે વર્ષનો અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યા બાદ તેઓને વધુ બે વર્ષ માટે મદદનીશ કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે પેટા વિભાગોમાં નિયુક્ત કરવામાં આવશે. અને આમ કુલ-૪ (ચાર) વર્ષની મદદનીશ કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકેની કામગીરી સંપૂર્ણ રીતે સંતોષકારક જણાતા તેમને ગુજરાત ઈજનેરી સેવા, વર્ગ-૧ની કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની જગ્યા સામે સીધી ભરતીના કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે રૂપિયા ૧૦,૦૦૦-૩૨૫-૧૫,૨૦૦/-ના પગાર ધોરણમાં અથવા તો જે તે સમયે પ્રવર્તમાન સુધારેલ પગાર ધોરણમાં લાંબાગાળાની

નિયમિત નિમણૂક આપવામાં આવશે અન્યથા તેમની મદદનીશ કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકેની સેવાની મુદત લંબાવવામાં આવશે.

૧૨. અજમાયશી સમય દરમ્યાન તેમનો મૂળ પગાર રૂપિયા ૮,૦૦૦//-અથવા **નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) વર્ગ-૨ સંવર્ગના અધિકારીને મળવાપાત્ર થતાં મૂળ પગાર જેટલો રહેશે.** તદ્ઉપરાંત આ મૂળ પગાર આધારિત નિયમો પ્રમાણે અન્ય ભથ્થાઓ મળવાપાત્ર થશે. અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યા બાદ તેમનો પગાર નક્કી કરવા માટે અજમાયશી સમયને ઈજાફાના હેતુ માટે ફરજ તરીકે ગણવામાં આવશે.

૧૩. તેઓની આ સેવા તેમજ આ સેવા પૂર્વેની સરકારશ્રીની સેવા ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨, ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧, ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ કે અન્ય લાગુ પડાતાં નિયમો કે તેમાં યથાસમયે જે સુધારા કરવામાં આવેલ હોય / આવે, તે મુજબ વિનિયમિત કરાશે / સંચાલિત થશે.

૧૪. તેઓની સેવા બદલીપાત્ર છે અને તેથી તેઓએ ગુજરાત સરકારના કાર્યક્ષેત્ર હેઠળ કોઈપણ જગ્યાએ સેવાઓ આપવાની રહેશે. સરકારને જરૂર જણાય તે પ્રમાણે તેમની બદલી કરવામાં આવશે તેમજ જરૂર જણાય તો તેઓએ ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલ કોઈપણ સંરક્ષણ સેવા અથવા તેને સંબંધિત જગ્યાએ જો તાલીમનો સમય હોય તો તે સહિત ઓછામાં ઓછા ચાર વર્ષની મુદત માટે સેવા આપવાની રહેશે.

૧૫. તેઓએ જે તે સમયે અમલમાં હોય એવા નિયમો / હુકમોને આધીન નિયત કરેલ ધોરણસર (Level) ની હિન્દી તેમજ ખાતાકીય પરીક્ષા ઉતિર્ણ કર્વાની રહેશે. વિશેષમાં, જેની માતૃભાષા ગુજરાતી ન હોય તેઓએ સરકારશ્રીએ નિયત કરેલ ધોરણ (Level) મુજબની ગુજરાતી ભાષાની પરીક્ષા ઉતિર્ણ કરવાની રહેશે.

૧૬. તેઓ નિયત પરીક્ષાઓ નિયત કરેલ સમયમર્યામાં અને નિયત તકોમાં ઉતિર્ણ કરવામાં નિષ્ફળ જશે અથવા અજમાયશી સમય દરમ્યાન ઉપરી અધિકારીઓએ મોકલાવેલ અહેવાલના આધારે તેમની કામગીરી સંતોષકારક નહિ જણાય તો તેમનો અજમાયશી સમય લંબાવવો કે તેમની સેવાનો અંત લાવવો તે અંગે યથાસમયે યોગ્ય તે નિર્ણય કરવામાં આવશે.

૧૭. કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે નિયમિત નિમણૂક અપાયેથી મદદનીશ કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે બવાલો સંભાળ્યાની તારીખને, કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે સરકારશ્રીની સેવામાં જોડાયાની તારીખ તરીકે ગણવામાં આવશે.

૧૮. તેઓની આ નિમણૂક પૂર્વેની સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓ મુજબ તેવી સેવા ધ્યાને લેતા અજમાયશી સમય ઘટાડવાને પાત્ર બનતો હોય તો સંબંધિત ઉમેદવારે મદદનીશ કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે હાજર થયાની તારીખથી એક માસમાં સરકારશ્રીને તે અંગેની વિગતવાર લેખિત અરજી કરવાની રહેશે. આવી અરજીમાં અગાઉના સંવર્ગનો ભરતી સ્ત્રોત, ભરતી કરનાર એજન્સી, ખાતા મારફત અરજી કરેલી હતી કે કેમ ? સેવાની મુદત, સેવા સળંગ હતી કે કેમ ? વિગેરે વિગતો ચોક્કસ તારીખો અને દસ્તાવેજી આધાર-પુરાવાસહ રજૂ કરવાની રહેશે.

૧૯. તેઓ ગુજરાત મુલ્કી સેવા નિયમ-૨૦૦૨ના લાગુ પડતા નિયમો અંતર્ગત પ્રથમ વર્ગના અધિકારીને મળતા મુસાફરી, ઘરભાડા, સ્થાનિક ભથ્થા ઈત્યાદીને પાત્ર રહેશે.

૨૦. ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ના લાગુ પડતા નિયમોને આધીન રહીને ઉભયપક્ષે એક માસની અગ્રીમ ખબર (Advance notice) આપીને સેવાનો અંત લાવી શકાશે.

૨૧. કોઈ યોજના, પ્રવૃત્તિ / કામગીરી, કચેરી, જગ્યાઓ બંધ થવાથી અગર કોઈ યોજના / પ્રવૃત્તિ કર્મચારીઓ સાથે કોઈ બોર્ડ કે નિગમને સરકારશ્રી ધ્વારા તબદીલ કરવામાં આવે તેવા સંજોગોમાં જગ્યાના અભાવે સરકારશ્રી તેઓને ફાજલ (Surplus) જાહેર કરે તેમની સેવાનો અંત આવશે તેમ થતાં ગુજરાત મુલ્કી સેવા નિયમો ૨૦૦૨ના લાગુ પડતા નિયમો મુજબ મળવાપાત્ર લાભો આપી સરકારશ્રી ધ્વારા તેમને છૂટા કરી શકાશે. જો કે જે તે સમયે પ્રવર્તમાન નીતિ/નિયમો અનુસાર તેમને સરકારશ્રીની સેવામાં અથવા તો સરકારશ્રી ધ્વારા નિયત કરાય તેવી અન્ય સેવા/સંવર્ગમાં ચાલુ રાખી શકાશે પરંતુ, તેઓ સરકારશ્રીની સેવામાં તેમને ચાલુ રાખવાનો દાવો (Claim) કરી શકશે નહીં.

૨૨. ઉપરના સંવર્ગમાં બઢતી માટેની યોગ્યતા ધરાવવા સારુ જો કોઈ તાલીમ અથવા ખાતાકીય લાયકાત પરીક્ષા સરકાર ધ્વારા યથાસમયે નિયત કરાયેલ હોય તો તે મુજબ તાલિમ લેવાની રહેશે કે ખાતાકીય પરીક્ષા ઉતિર્ણ કરવાની રહેશે.

INDEX

૨૩. ઉમેદવાર મદદનીશ કાર્યપાલક ઈજનેર તરીકે તેમની નિયુક્તિવાળી જગ્યા પર પ્રથમ જોડાય તે તારીખની જાણ સંબંધિત વર્તુળના અધિક્ષક ઈજનેરશ્રીએ સરકારને તુરત જ કરવાની રહેશે.

૨૪. ઉપર્યુક્ત નિમણૂક ગુજરાત રાજ્યની વડી અદાલતમાં આ સંદર્ભમાં દાખલ થયેલ હોય તો તેવી ખાસ દાવા અરજીઓ અને આ બાબતે ભવિષ્યમાં દાખલ થાય તેવી તમામ અરજીઓમાં જે ચુકાદા આવે તેને આધીન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ટી. શાહ,
સરકારના નાયબ સચિવ,
નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

પરિશિષ્ટ-૧

બાંહેધરી

હું, શ્રી..રહેવાસી ગામ.........................તાલુકો............................ જીલ્લો............................પૂરતી સમજદારી પૂર્વક સરકારના તા. /ડીસે./૨૦૦૮ના હુકમ ક્રમાંક : જીએબી/૧૧૦૮/૧/ઈ થી આપવામાં આવતી નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની જગ્યા પર (અજમાયશી) નિમણૂક સ્વીકારુ છું અને આથી બાંહેધરી આપુ છું કે, મને સરકારના ઉપર નિર્દિષ્ટ હુકમથી.......................................વર્તુળ હેઠળની.................................. પેટા વિભાગીય કચેરીમાં.. મદદનીશ કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે આપવામાં આવતી નિમણૂક તદ્દન હંગામી અને કામચલાઉ છે અને સરકાર મને કોઈપણ સમયે કોઈપણ કારણ દર્શાવ્યા વિના કે નોટિસ આપ્યા વિના આ અજમાયશી સેવામાંથી છૂટો કરી શકશે કે મારી અજમાયશી સેવા સમાપ્ત કરી શકશે.

તારીખ...................... સહી......................

સ્થળ......................... પુરુ નામ................

સાક્ષી:- ૧.
૨.

પરિશિષ્ટ-૨

સોગંદનામુ

હું, સોગંદ લઉ છું/ગંભીરતા પૂર્વક પ્રતિજ્ઞા કરુ છું કે ભારત પ્રત્યે અને કાયદા ધ્વારા સ્થાપિત ભારતના બંધારણ પ્રત્યે વફાદાર રહી સાચી નિષ્ઠા રાખીશ. ભારતનું સાર્વભૌમ્ત્વ અખંડીત જાળવી રાખીશ અને મારા હોદ્દાની ફરજો પ્રમાણિકતા અને નિષ્પક્ષતાથી બજાવીશ. (ઈશ્વર મને એમાં સહાય કરે.)

તારીખ...................... સહી......................

સ્થળ......................... પુરુ નામ................

રુબરુ
સહી:-
કચેરીના વડા

INDEX

નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૯.

ક્રમાંક : ડીએમડી-૧૧૦૮-૫-ઈ– સુરત સિંચાઈ વર્તુળ, સુરત હેઠળ ડ્રેનેજ પેટા વિભાગ નં.૧,, નવસારી ખાતે નાયબ કાર્યપાલક ઈજનેર (સી) તરીકે ફરજ બજાવતાં શ્રી નિકૂંજ રમેશચંદ્ર દેસાઈ (પ્રવરતા ક્રમ-૮૩૮)ને નાયબ કાર્યપાલક ઈજનેર (સી) વર્ગ-૨ માંથી કાર્યપાલક ઈજનેર (સી) વર્ગ-૧ માં બઢતી આપવા માટેની તા.૨૧-૬-૦૬ના રોજ પસંદગી યાદીમાં સમાવેશ કરીને તેમના કોઈ સીનીયર હોય તો તેમની સીનીયોરીટીના હકકો પ્રત્યે કોઈપણ પૂર્વગ્રહ વિના શ્રી દેસાઈના જુનીયર શ્રી કે. એચ. બુટાણી, કાર્યપાલક ઈજનેર (સી) (સી) (પ્રવરતા ક્રમ-૮૩૯) તરીકે બઢતીની તા.૨૮-૯-૦૬ બઢતીની સંભાવ્ય તારીખ ગણીને કાર્યપાલક ઈજનેર (સી) તરીકે બઢતી આપીને સુરત સિંચાઈ વર્તુળ, સુરત હેઠળ સુરત નહેર વિભાગ, સુરત ખાતે રૂા.૧૦,૦૦૦-૩૨૫-૧૫,૨૦૦ ના પગાર ધોરણમાં કાર્યપાલક ઈજનેર (સી) તરીકે તદ્દન હંગામી ધોરણે નિમણૂંક આપવામાં આવે છે.

શ્રી દેસાઈએ સામાન્ય વહીવટી વિભાગના તા..૩૦-૯-૦૬ ના જાહેરનામાં ક્રમાંક : જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૫-૧૫-૧૯-ક અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓના નિયમ-૯ (૨) ના પરંતુક-ક માં જણાવ્યા મુજબ. તા.૩૦-૬-૦૯ સુધીમાં અથવા તો સરકારશ્રી ધ્વારા વખતોવખત લંબાવવામાં આવે તે મુદત સુધીમાં નિયત થયેલ CCC^{+} ની કોમ્પ્યુટરની પરીક્ષા ઉતિર્ણ કરવાની રહેશે.

શ્રી દેસાઈને કાર્યપાલક ઈજનેર (સી) તરીકે અપાયેલ બઢતીની સંભાવ્ય તા.૨૮-૯-૦૬ થી તેઓ જે તારીખે કાર્યપાલક ઈજનેર (સી) તરીકે હાજર થાય તે ત્યાં સુધી પગાર ભથ્થાના લાભ નો લાભ નોશનલ ગણવાનો રહેશે અને તેઓ જે તારીખે કાર્યપાલક ઈજનેર (સી) તરીકે હાજર થાય તે તારીખથી તેઓને પગાર ભથ્થાનો લાભ મળવાપાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
એમ. ટી. શાહ,
સરકારના નાયબ સચિવ,
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર
વિભાગ.

નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૨૦૦૯.

ક્રમાંક : ટીએફએસ-૧૨૦૮-૫૫-ઈ– સરદાર સરોવર નર્મદા નિગમ લી. ગાંધીનગર હેઠળ પ્રતિનિયુક્તિના ધોરણે અધિક્ષક ઈજનેર (સીવીલ) નર્મદા યોજના જળ વિદ્યુત સીવીલ બાંધકામ વર્તુળ, કેવડીયાકોલોની તરીકે ફરજ બજાવતા શ્રી નરેશકુમાર લક્ષ્મણભાઈ ચૌહાણની સ્વવિનંતીથી તેઓની સેવા જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા (વાલ્મી), આણંદ હેઠળથી શ્રી જીજ્ઞેશ પુરુષોત્તમભાઈ પરમારની સેવા સરકાર હસ્તક પરત લઈ, સરદાર સરોવર નર્મદા નિગમ લી. ગાંધીનગરના હવાલે મુકાતાં તેમની ખાલી પડેલ જગ્યા સામે જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા (વાલ્મી), આણંદના હવાલે પ્રતિનિયુકિતના ધોરણે મુકવામાં આવે છે.

(૨)

જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા (વાલ્મી), આણંદ ખાતે પ્રતિનિયુક્તિના ધોરણે પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા અધિક્ષક ઈજનેર (સીવીલ) શ્રી જીજ્ઞેસ પુરૂસોત્તમભાઈ પરમારની સેવાએઓ સરકાર હસ્તક પરત લઈ તેઓની સેવાઓ તાત્કાલિક અસરથી જાહેર સેવાના હિતમાં સરદાર સરોવર નર્મદા નિગમ લી. ગાંધીનગર હેઠળ પ્રતિનિયુક્તિના ધોરણે મુકવામાં આવે છે.

જા.ક્રમાંક :[૧૧૩] :- જરૂરી લાયકાત :-(ક) (૧) ભારતમાં કાયદાથી સ્થપાયેલ યુનિ.ની આર્કિટેકટ અથવા સિવિલ એન્જીનીયરીંગની પદવી અથવા સરકારે માન્ય કરેલ સંસ્થાની તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ. (૨) ભારતમાં કાયદાથી સ્થપાયેલ યુનિ.અથવા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજયુકેશન દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાની શહેર આયોજન અથવા નગર આયોજન અથવા ટ્રાફિક અને વાહન વ્યવહાર આયોજન અથવા પ્રાદેશિક આયોજન અથવા અર્બન ડિઝાઈનમાં અનુસ્નાતકની ડિગ્રી અથવા અનુસ્નાતકનો ડિપ્લોમા અથવા ઈન્સ્ટીટયુટ ઓફ ટાઉન પ્લાનર્સ ઓફ ઈન્ડિયા ન્યુ દિલ્હી દ્વારા મેળવેલ સભ્યપદ ધરાવતા હોવા જોઈએ. સંબંધિત કોમ્પ્યુટર સોફટવેરનું જ્ઞાન ધરાવતા ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે. (ખ) ઉપર દર્શાવેલ શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ શહેરી અથવા પ્રાદેશિક અથવા ટ્રાફિક અને વાહન વ્યવહાર આયોજન અથવા અર્બન ડિઝાઈન ક્ષેત્રમાં સંસ્થામાં મધ્યમ અથવા ઉચ્ચકક્ષાની જગ્યા ઉપર આશરે ૫ વર્ષનો અનુભવ મેળવેલ હોવો જોઈએ. (ગ) હિન્દી અથવા ગુજરાતી અથવા બંને ભાષાનું જ્ઞાન હોવું જોઈએ. **પગાર** : રૂા.૧૦૦૦૦-૧૫૨૦૦. **ઉંમર** : ૩૫ વર્ષથી વધુ નહિ.

જા.ક્રમાંક :[૧૧૪] :- જરૂરી લાયકાત :- ગુજરાતમાંની વૈદ્યાનિક યુનિ.ની બી.ડી.એસ.ની પદવી અથવા ડી.સી.આઈ.એ માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત. આ વિષયમાં અનુસ્નાતકની પદવી ધરાવનારને પસંદગીમાં અગ્રતા આપી શકાશે. કોમ્પ્યુટરનું મૂળભુત જ્ઞાન કે જે સરકારે ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ ભરતી નિયમો ૧૯૬૭માં વ્યાખ્યાથિત કરેલ છે. **પગાર** : રૂા.૮૦૦૦-૧૩૫૦૦. **ઉંમર** : ૩૦ વર્ષથી વધુ નહિ.

જા.ક્રમાંક :[૧૧૫] :- જરૂરી લાયકાત :-(૧) માન્ય યુનિ.ની નર્સિંગમાં અનુસ્નાતકની પદવી, (૨) નર્સિંગ કોલેજ અથવા નર્સિંગ સ્કુલમાં આઠ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ. (૩) ગુજરાતી અને હિન્દી ભાષાનું પૂરતું જ્ઞાન. **પસંદગીપાત્રઃ**- (અ) નર્સિંગમાં પીએચ.ડી.ધરાવનાર ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે. (બ) નર્સિંગ કોલેજમાં વધારે શૈક્ષણિક અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે. **પગાર** : રૂા.૧૨૦૦૦-૧૮૦૦૦. **ઉંમર** : ૪૮ વર્ષથી વધુ નહિ.

ખાસ જા.ક્રમાંકઃ[૧૧૬] :- જરૂરી લાયકાત :- (૧) કાયદાથી સ્થાપિત યુનિ.ની એમ.બી.બી.એસ.ની પદવી અથવા આંઈ.એમ.સી.એકટ-૧૯૫૬ના પ્રથમ અથવા દ્વિતિય પરીશિષ્ટમાં નિર્દિષ્ટ અન્ય સમકક્ષ લાયકાત. (૨) વખતો વખત સુધારેલ ગુ.મુ.સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭માં નકકી થયેલ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભુત જ્ઞાન, (૩) ગુજરાતી અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન. **પગારઃ**- રૂા.૮૦૦૦-૧૩૫૦૦. **ઉંમરઃ**- ૩૫ વર્ષથી વધુ નહિ.

ખાસ જા.ક્રમાંકઃ[૧૧૭] :- જરૂરી લાયકાત :- એમ.ડી.(ઓબ્સ્ટ્રે.અને ગાયનેકોલોજી) / એમ.એસ. (ઓબ્સ્ટ્ર.અને ગાયનેકોલોજી) / અથવા આઈ.એમ.સી.દ્વારા માન્ય અન્ય સમકક્ષ લાયકાત. **અનુભવઃ**- માન્ય તબીબી કોલેજમાં ઓબ્સ્ટ્રેટીકસ અને ગાયનેકોલોજી વિષયમાં નિવાસી/રજીસ્ટ્રાર/ડમોન્સ્ટ્રેટર/ટ્યુટર તરીકેનો ત્રણ વર્ષનો શૈક્ષણિક અનુભવ. **પગારઃ**- પે બેન્ડ રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ (પીબી-૩) ગ્રેડ-પે ૬૬૦૦. **ઉંમરઃ**- ૩૫ વર્ષથી વધુ નહિ.

ખાસ જા.ક્રમાંકઃ[૧૧૮] : જરૂરી લાયકાત :- એમ.એસ.(ઓર્થોપેડીકસ) અથવા આઈ.એમ.સી.દ્વારા માન્ય અન્ય સમકક્ષ લાયકાત.

ખાસ જા.ક્રમાંકઃ[૧૧૯] : જરૂરી લાયકાત :- એમ.ડી.(રેડીયો-ડાયાગ્નોસીસ)/એમ.ડી.(રેડીયોલોજી)/એમ.એસ.(રેડીયોલોજી) અથવા આઈ.એમ.સી.દ્વારા માન્ય અન્ય સમકક્ષ લાયકાત.

ખાસ જા.ક્રમાંકઃ[૧૧૮] અને [૧૧૯] : નો અનુભવ, પગાર અને ઉંમરઃ- અનુભવ :- (૧)તબીબી શિક્ષણ માટે માન્ય તબીબી કોલેજમાં સંબંધિત વિષયમાં મદદનીશ પ્રાધ્યાપક (લેકચરર) તરીકેનો પાંચ વર્ષનો અનુભવ.(૨) **ઈચ્છનીયઃ**- ઈન્ડેક્ષ મેડીકસ / રાષ્ટ્રીય જર્નલની સૂચિમાં દાખલ થયેલ ઓછામાં ઓછા ચાર સંશોધન પ્રકાશનનો અનુભવ. **પગારઃ**- પે બેન્ડ રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ (પીબી-૩) ગ્રેડ-પે ૭૬૦૦. **ઉંમરઃ**- ૪૦ વર્ષથી વધુ નહિ.

ખાસ જા.ક્રમાંકઃ[૧૨૦] : જરૂરી લાયકાત :- એમ.ડી.(સાયકીયાટ્રી)/એમ.ડી.(સાયકોલોજીકલ મેડીસીન)/એમ.ડી.ઈન મેડીસીન સાથે ડિપ્લોમા ઈન સાયકાલોજીકલ મેડીસીન. **અનુભવઃ**- તબીબી શિક્ષણ માટે માન્ય તબીબી કોલેજમાં સાયકીયાટ્રીમાં સહ-પ્રાધ્યાપક (રીડર) તરીકેનો ચાર વર્ષનો અનુભવ, પરંતુ જયાં સહ પ્રાધ્યાપકનો સંવર્ગ વિદ્યમાન ન હોય તેવા કિસ્સામાં નવ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા મદદનીશ પ્રાધ્યાપકને વિચારણામાં લેવામાં આવશે. **ઈચ્છનીયઃ**- ઈન્ડેક્ષ મેડીકસ/રાષ્ટ્રીય જર્નલની સૂચિમાં દાખલ થયેલ ઓછામાં ઓછા ચાર સંશોધન પ્રકાશનનો અને આંતરરાષ્ટ્રીય જર્નલમાં એક સંશોધન પ્રકાશનનો અનુભવ. **પગારઃ**- પે બેન્ડ રૂા.૩૭૪૦૦-૬૭૦૦૦(પીબી-૪) ગ્રેડ-પે રૂા.૮૯૦૦. **ઉંમરઃ**- ૪૫ વર્ષથી વધુ નહિ.

ખાસ જા.ક્રમાંકઃ[૧૨૧] : જરૂરી લાયકાત :- (૧) કેન્દ્ર/રાજયના અધિનિયમથી સ્થપાયેલ અથવા યુજીસી એકટ-૧૯૫૬(૧૯૫૬નો ત્રીજો)ના પરિશિષ્ટ ૩ હેઠળ ડીમ્ડ યુનિ.તરીકે જાહેર થયેલ સંસ્થાની ફાર્મસી અથવા ફાર્માસ્યુટિકલ સાયન્સ અથવા કલિનીકલ ફાર્માકોલોજી અથવા માઈક્રોબાયોલોજીના વિષય સાથે મેડીસીનની પદવી. (૨) ગુ.મુ.સે.વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭માં નિયત થયા મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મુળભૂત જ્ઞાન. (૩) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતું જ્ઞાન. **પગારઃ**- રૂા.૯૩૦૦-૩૪૮૦૦(ગ્રેડ-પે ૪૨૦૦). **ઉંમરઃ**- ૨૮ વર્ષથી વધુ નહિ.

જાહેરાતની સામાન્ય જોગવાઈ (જા.ક્રમાંકઃ૧૦૬ થી ૧૨૧ / વર્ષ : ૨૦૦૯-૨૦૧૦)

[૧] નાગરિકત્વ: ઉમેદવાર, (ક) ભારતનો નાગરિક,અથવા (ખ) નેપાળનો પ્રજાજન, અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન, અથવા (ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ

INDEX

કરવાના ઈરાદાથી ૧ લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ હોવો જોઈએ, અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા, (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુકત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝેઈર, ઈથોપીયા અથવા વિયેટનામાંથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંકઃ(ખ), (ગ), (ઘ) અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ. **નોંધઃ- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.** ***/૨/ અરજી પત્રકઃ*** (ક) **અરજી પત્રક ફી :-** બિનઅનામત પુરૂષ / મહિલા ઉમેદવારો માટે અરજી ફીની કિંમત રૂ.૫૦/- છે. અનામત વર્ગોના ઉમેદવારો તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી ફી ભરવાની નથી. (ખ) **અરજી પત્રક મેળવવાની જોગવાઈઃ-** અરજી પત્રક (૧) ટપાલ દ્વારા (૨) આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી (૩) આયોગની વેબસાઈટ ઉપરથી મળી શકશે તેમજ (૪) આયોગે નિયત કરેલ અરજી પત્રકની ફોટોકોપીનો ઉપયોગ થઈ શકશે. ***૧: ટપાલ દ્વારા અરજી પત્રક મેળવવા :-*** બિન અનામત પુરૂષ / મહિલા ઉમેદવાર ટપાલ દ્વારા જગ્યાનું નામ અને જાહેરાત ક્રમાંક દર્શાવતી અરજી સાથે સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગના નામનો રૂ.૫૦/- નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર (ભારતીય પોસ્ટલ ઓર્ડરની પાછળ નામ, સરનામું, જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ દર્શાવીને) અને પોતાના સરનામાવાળું ૨૭ x ૧૨ cm ની રૂ.૧૦/- નું ટિકિટ લગાડેલ પરબીડિયું ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, પહેલો માળ, લાલ દરવાજા, અમદાવાદને મોકલવાથી અરજી પત્રક મેળવી શકાશે. અનામત વર્ગોના ઉમેદવાર જાતિના પ્રમાણપત્રની નકલ તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો તબીબી પ્રમાણપત્રની નકલ સાથે ઉપરની વિગતો તથા ટિકિટ લગાડેલ પરબીડિયું (અરજી પત્રકની કિંમત રૂ.૫૦/- મોકલવાની રહેતી નથી) મોકલાવી ટપાલથી અરજી પત્રક મેળવી શકશે. ***૨: આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક મેળવવા :-*** આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક કામકાજના દિવસો દરમ્યાન ૧૧ થી ૨ તથા ૩ થી ૫ સુધી મળશે. બિનઅનામત વર્ગના પુરૂષ / મહિલા ઉમેદવારો અરજી પત્રકની કિંમત રૂ.૫૦/- રોકડેથી ચૂકવીને અરજી પત્રક મેળવી શકશે. જ્યારે અનામત વર્ગના અને શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો જાતિ પ્રમાણપત્ર / શારીરિક વિકલાંગતાના પ્રમાણપત્રની નકલ રજૂ કરીને વિના મૂલ્યે અરજી પત્રક મેળવી શકશે. ***૩: વેબસાઈટ :-*** આયોગની વેબસાઈટ "**www.gpsc.gujarat.gov.in**" ઉપરથી ઉમેદવાર "સીધી ભરતી માટેનું અરજી પત્રક" ડાઉનલોડ કરીને ઉપયોગમાં લઈ શકશે. આવું અરજી પત્રક ઉપયોગમાં લેવાય ત્યારે ઉમેદવારે અરજી પત્રક પરના જમના ખૂણા પર ***"ડાઉનલોડ કરેલ અરજી પત્રક"*** તેમ દર્શાવવાનું રહેશે. ડાઉનલોડ કરેલ અરજીપત્રકના તમામ પાનાઓ (પૃ.૧થી૪) સહિત સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોકલી આપવાના રહેશે. ***૪: અરજી પત્રકની ફોટોકોપી ઉપયોગમાં લેવી:-*** "સીધી ભરતી માટેનું અરજી પત્રક"ની સંપૂર્ણ ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લઈ શકશે અને જયારે ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લે ત્યારે ઉમેદવારે અરજી પત્રક પર જમણા ખૂણા પર "***ફોટોકોપી***" તેમ દર્શાવવાનું રહેશે. ***/૩/ ભરેલા અરજી પત્રકઃ-*** (૧) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં ઉમેદવારના અરજી પત્રકો અયોગની કચેરીમાં મળે તે રીતે ઉમેદવારે મોકલવાના રહેશે. (૨) ઉમેદવાર ભરેલા અરજી પત્રકો આયોગની કચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસો દરમ્યાન સવારના ૧૧ થી ૨ અને બપોરના ૩ થી ૫ દરમ્યાન જમા કરાવી શકશે. (૩) ઉમેદવાર ભરેલા અરજી પત્રકો સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બી-બ્લોક, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ના સરનામે ટપાલથી પણ મોકલી શકશે. (૪) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ કોઈપણ રીતે મળેલા અરજી પત્રકો સ્વીકારવામાં આવશે નહિ. (૫) બિન અનામત ઉમેદવારે આયોગની કચેરીમાંથી અરજી પત્રક મેળવેલ હોય તો અરજી સાથે રૂ.૧૦૦/- અને વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ હોય કે ફોટોકોપીવાળું અરજી પત્રક મેળવેલ હોય તો અરજી પત્રક સાથે રૂ.૧૫૦/- ની ફી ભરવાની છે. આવી ફી રોકડેથી કાઉન્ટર પર સ્વીકારવામાં આવે છે અથવા ભારતીય પોસ્ટલ ઓર્ડર મારફત ભરી શકાશે અને ઉમેદવારે નિયત ફી થી વધુ રકમનો ભારતીય પોસ્ટલ ઓર્ડર મોકલેલ હશે તો વધારાની રકમ પરત કરવામાં આવશે નહિ અને તે જમા લેવામાં આવશે. (૬) ઓછી અરજી ફી અથવા અરજી ફી વગરની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ. (૭) ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાતની તારીખ બાદનો ખરીદેલો હોવો જોઈએ. (૮) અરજી ફી પેટે મનીઓર્ડર, બેન્ક ડ્રાફટ અથવા ચેક સ્વીકારવામાં આવશે નહિ. અરજી ફી જાહેરાત રદ કરવામાં આવે તે સિવાયના કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહિ. (૯) ભારત બહારથી અરજી કરતા ઉમેદવારે નિયત ફી ભારતના હાઈકમિશ્નર અથવા ભારતીય રાજદૂત અથવા ભારત સરકારના પ્રતિનિધિની કચેરીમાં જમા કરાવવી તથા આવા ચૂકવણાની મૂળ પહોંચ અરજી પત્ર સાથે જોડવી. (૧૦) જો એક કરતા વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે. (૧૧) એક જ જાહેરાત માટે એક જ અરજી કરી શકાશે. એક જાહેરાત માટે જો એક થી વધુ અરજી કરેલ હશે તો તે વિચારણામાં લેવામાં આવશે નહિ. (૧૨) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને બિનઅનામત માટેના ધોરણો લાગુ પડશે. (૧૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહિ. (૧૪) અરજી ફી વગરની અરજીની અગ્રીમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહિ. (૧૫) અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. ***/૪/ વયમર્યાદાઃ-*** (૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) ઉપરની જાહેરાતમાં વયમર્યાદા આપવામાં આવેલ છે. **વયમર્યાદામાં છૂટછાટ નીચે મુજબ મળવાપાત્ર છે.** ૧. અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગ -પાંચ વર્ષ, ૨. બિન અનામત મહિલા ઉમેદવાર -પાંચ વર્ષ, ૩. અનામત વર્ગના મહિલા ઉમેદવાર -૧૦ વર્ષ, ૪. માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ.સહિત -લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ, ૫. શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો કે જેઓ આ જગ્યાની ફરજો સામાન્ય માણસોની જેમ બજાવવા શક્તિમાન હોય, તેઓને તા.૧-૧૨-૨૦૦૮ના સા.વ.વિ.ના પરિપત્રથી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ / સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળશે. જેવા કે, (**૧: જા.ક્રમાંકઃ [૧૦૬] થી [૧૧૨], [૧૧૪] અને ખાસ જા.ક્ર.[૧૧૭] થી[૧૨૦]**માટે શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો કે જેઓ BL (Both legs affected but not arms) અથવા O.L. (One leg affected) ની શારીરિક વિકલાંગતા ૫૦ થી ૭૦ ટકા વચ્ચે ધરાવતા હોય અને આવા ઉમેદવારના ઉપરના બંને અવયવો (Both upper limbs) સંપૂર્ણ પણે નોર્મલ હોય તથા દ્રષ્ટિ અને શ્રવણશક્તિ નોર્મલ હોય અને આવા ઉમેદવાર ઘોડીની મદદ વગર ચાલી શકતા હોય તેવા ઉમેદવારો), (**૨: જા.ક્રમાંકઃ [૧૧૩]** માટે શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો કે જેઓ O.L. (One leg affected) અથવા O.A. (One Arm affected)ની શારીરિક વિકલાંગતા ૫૦ થી ૭૦ ટકા વચ્ચે ધરાવતા હોય અને આવા ઉમેદવારના ઉપરના બંને અવયવો (Both upper limbs) સંપૂર્ણ પણે નોર્મલ હોય તથા દ્રષ્ટિ અને શ્રવણશક્તિ નોર્મલ હોય અને આવા ઉમેદવાર ઘોડીની મદદ વગર ચાલી શકતા હોય તેવા ઉમેદવારો), (**૩: જા.ક્રમાંકઃ [૧૧૫]** માટે લોકોમોટો વિકલાંગ ધરાવતા ઉમેદવારો કે જેઓ BL (Both legs affected but not arms) અથવા O.L. (One leg affected) ની શારીરિક વિકલાંગતા ૪૦ થી ૭૦ ટકા વચ્ચે ધરાવતા હોય અને આવા ઉમેદવારના ઉપરના બંને અવયવો (Both upper limbs) સંપૂર્ણ પણે નોર્મલ હોય તથા દ્રષ્ટિ અને શ્રવણશક્તિ નોર્મલ હોય અને આવા ઉમેદવાર ઘોડીની મદદ વગર ચાલી શકતા હોય તેવા ઉમેદવારો), (**૪: ખાસ જા.ક્રમાંકઃ [૧૧૬]** માટે O.L. (One leg affected) અથવા O.A. (One Arm affected) પ્રકારની અપંગતા ધરાવતા અને S(Sitting, W(walking, SE(Seeing, H(Hearing / Speaking) અને RW(Reading & Writing)ની શારીરિક ક્ષમતા ધરાવતા વિકલાંગો), (**૫: ખાસ જા.ક્રમાંકઃ [૧૨૧]** માટે O.L. (One leg affected) ની શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો.) ૬. ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુધી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓઃ- ૧: જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. ૨: જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઈજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાંની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (**Any such post**) માટે ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. ૩: જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. ૭. વિશિષ્ટ રીતે સારી લાયકાત અને અથવા અનુભવ ધરાવતા ઉમેદવારોને આયોગને વિવેકાધીન છૂટછાટ મળવાપાત્ર છે.(**સિવાય જા.ક્ર.[૧૧૫], [૧૧૬] અને [૧૨૧]**). (૩) આયોગ જન્મતારીખના પૂરાવા માટે એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ.એસ.સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પૂરાવાઓના આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે. ***/૫/ શૈક્ષણિક લાયકાતઃ-*** (૧) જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ ધરાવતા હોવા જોઈએ. (૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. (૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી / સંસ્થાના ગુણ પત્રક / પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. શાળા / કોલેજના આચાર્યશ્રી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. (૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવો સ્વીકારવામાં આવશે નહિ. (૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હકક-દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો આપવાની રહેશે. ***/૬/ અનુભવઃ-*** (૧) અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી ન હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં ગણવામાં આવશે. (૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર / મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનુ રજૂ કરવાનું રહેશે. (૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ. (૫) અંશઃકાલીન, રોજંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહિ. ***/૭/ અનુસચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગઃ-*** (૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના જે ઉમેદવાર હોય તેઓએ અરજી પત્રક અને પરિશિષ્ટમાં તેની વિગતો અચૂક દર્શાવવી. (૩) આવા ઉમેદવારે અરજી પત્રક તથા પરીશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત ઉમેદવાર તરીકેનો લાભ મેળવવાનો દાવો માન્ય રાખવામાં આવશે નહિ. (૪) અનામત વર્ગ તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અવશ્ય સામેલ કરવાની રહેશે. અરજી પત્રક સાથે પ્રમાણપત્રની નકલ સામેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ અને અરજી પત્રક રદ થવાને પાત્ર બનશે. (૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહિ થતો હોય તો જ મળવાપાત્ર થશે. (૬) (૧) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક)ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (૨) પરિણીત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. (૩) અરજી સાથે પરિશિષ્ટ-"ક" ને બદલે એનેક્ચર-"A" (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. (૪) આ પ્રમાણપત્ર છેલ્લા પૂરા થયેલા નાણાકીય વર્ષનું હોવું જોઈએ. (૫) જો ઉમેદવારે આ પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહિ. (૭) અનામત વર્ગના

ઉમેદવારોએ અરજી પત્રકમાં અનામત કક્ષાની અથવા બિનઅનામત (સામાન્ય) જગ્યા સામે ઉમેદવારી નોંધાવો છો ? તેની વિગતો સ્પષ્ટપણે અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં દર્શાવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં ખાનું ખાલી ન રાખવું કે ટપકા કરવા નહિ તે જોવાનું રહેશે. (૮) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણે (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે. આ જોગવાઈને વિચાણામાં લઈને અરજી પત્રકમાં વિગત આપવાની રહેશે. (૯) અનુસૂચિત જાતિના ઉમેદવારે અરજી પત્રકમાં પોતાનો ધર્મ અવશ્ય દર્શાવવાનો રહેશે. ***જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક વિકલાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એકથી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધું લાભ મળવાપાત્ર હશે તે મળશે.*** **/૮/ માજી સૈનિકઃ-** (૧) માજી સૈનિક અને શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજી પત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. **/૯/ શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોઃ-** (ક) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (ખ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે ૧ઃ અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ ૨ઃ શ્રવણની ખામી ૩ઃ હલન-ચલન વિકલાંગતા અથવા મગજનો લકવો તે પૈકીની) કઈ શારીરિક વિકલાંગતા છે તે દર્શાવવું. (ગ) જાહેરાતમાં શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવાર પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે. (ઘ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સરકારી હોસ્પિટલ / મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં આવેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ. શારીરિક વિકલાંગતા માટેનો લાભ મળવાપાત્ર થશે નહિ. **/૧૦/ મહિલા ઉમેદવાર :-** મહિલાઓ માટે અનામત જગ્યાઓ માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તેની જગ્યા તે કક્ષાના (category) પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે. **/૧૧/ વિધવા ઉમેદવારઃ-** (૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા લાગુ પડતુ નથી એમ દર્શાવવું. (૨) વિધવા ઉમેદવારે પુનઃલગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા લાગુ પડતું નથી એમ લખવું. (૩) વિધવા ઉમેદવારે જો પુનઃલગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા હોય તો અરજી સાથે પુનઃલગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ રજૂ કરવાની રહેશે. (૪) વિધવા ઉમેદવારને સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલા ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે. **/૧૨/ ના-વાંધા પ્રમાણપત્ર :-** (૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવાતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોકતા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે. (૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઈપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. **/૧૩/ ગેરલાયક ઉમેદવાર :-** ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવાયો હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે. **/૧૪/ ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ, બરતરફ :-** અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ, કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલા હોય તો અરજી પત્રમાં તેની વિગત આપવાની રહેશે. **/૧૫/ રજીસ્ટ્રેશન :-** તબીબી / દંત વિજ્ઞાન / પશુ ચિકિત્સા / કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જયાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને અરજી સમય રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. **/૧૬/ સામાન્ય :-** (૧) ઉમેદવારે આપવાની થતી માહિતી ખોટી આપી હશે અને / અથવા અરજી પત્રકમાં જરૂરી માહિતી / વિગતો છૂપાવવાનો પ્રયાસ કરેલ હશે અને / અથવા આયોગને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હશે અને તે ધ્યાન ઉપર આવશે તો પ્રાથમિક કસોટી, રૂબરૂ મુલાકાત, નિમણૂક વગેરે તમામ માટે ગેરલાયક ઠરશે. વધુમાં, આવા ઉમેદવારને આયોગ ભવિષ્ય માટે ગેરલાયક ઠરાવી શકશે અને જો ઉમેદવાર રાજ્ય સરકારની સેવામાં હશે તો તેમની સામે ખાતાકીય પગલાં લેવામાં આવશે. (૨) સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવવા પ્રયત્ન કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે. **/૧૭/ અગત્યની જોગવાઈઓ :-** (૧) ઉપરની જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જયાં પ્રાથમિક લેખિત કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નકકી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નકકી કરશે નહિ તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યતઃ અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. (૨) આ જાહેરાતોમાં ઠરાવેલ લઘુતમ શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને / અથવા વધુ અનુભવ અને / અથવા લાયકાતમાં ઉંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે. **/૧૮/ રૂબરૂ મુલાકાત :-** (૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકીટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે અસલ ટિકીટ રજૂ કરવાની રહેશે. (૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહિ તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહિ તેની ખાસ નોંધ લેવી. ***/૧૯/ નીચે દર્શાવ્યા મુજબની અધૂરી અરજીઓ સીધેસીધી રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)*** (૧) આયોગે નિયત કરેલ અરજી પત્રકમાં અરજી મળેલ ન હોય. (૨) અરજી અને/અથવા પરિશિષ્ટમાં વિગતો અધૂરી કે અવાચ્ય હોય તથા ડાઉનલોડ કરલ અરજીપત્રકના તમામ પાનાઓ (પૃ.૧થી૪) સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોકલી આપવામાં આવેલ નહિ હોય. (૩) અરજી અને/અથવા પરિશિષ્ટમાં ઉમેદવારની સહી ન હોય. (૪) અરજી અને/અથવા પરિશિષ્ટમાં કેપીટલ લેટરમાં સહી કરેલ હશે તો. (૫) અરજી અને/અથવા પરિશિષ્ટ ફેકસથી કે ઈ-મેઈલથી મોકલાવેલ હોય. (૬) અરજી અને/અથવા પરિશિષ્ટમાં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાવેલ ન હોય. (૭) અરજી અને/અથવા પરિશિષ્ટમાં પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની ઝેરોક્ષ લગાવેલ હોય. (૮) અરજી અને પરિશિષ્ટ બે માંથી એક જ મોકલાવેલ હોય. (૯) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય. (૧૦) અરજી સાથે ફી ભરેલ હોય પરંતુ ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખ પહેલાનો ખરીદેલ હોય. (૧૧) અરજી ગુજરાતી ભાષામાં ઉમેદવારે પોતાના સ્વહસ્તાક્ષરમાં ભરેલ ન હોય. (અંધ ઉમેદવાર સિવાય) (૧૨) એક જ ગ્યા માટે એક કરતાં વધુ અરજી મળેલ હોય. (૧૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક ~~અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ થયેલ~~ ન હોય. (૧૪) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય. (૧૫) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે તાજેતરના પુરા થયેલા નાણાકીય વર્ષનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય. (૧૬) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ / પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. (૧૭) જન્મતારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. (૧૮) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં ઉમેદવારે મેળવેલ પદવી એમ.સી.આઈ. માન્ય છે તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય તો. (૧૯) ઉમેદવારે અરજી પત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નકકી કરવાની થતી હોય) અને તેના સમર્થનમાં પ્રમાણપત્રો રજૂ કરેલ ન હોય અથવા તો રજૂ કરેલ પ્રમાણપત્રોમાં તેઓનો અનુભવનો સમયગાળો, મૂળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તો. **નિમણૂક :-** (૧) ઉપરની જાહેરાત સંબંધમાં પ્રસિદ્ધ થયેલા ઉમેદવારની નિમણૂક માટે સરકારશ્રીના સંબધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તો તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નકકી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. (૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઈપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

તા.૦૧-૦૯-૨૦૦૯-વ

નોંધ :- અરજીફોર્મ મેળવવાની, ફીની, વયમર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ ઉપર અને આયોગની વેબસાઈટ **www.gpsc.gujarat.gov.in** ઉપર તેમજ ગુજરાત રોજગાર સમાચાર તથા તેની વેબસાઈટ **www.gujaratpublications.com** ઉપર જોવા મળશે.

INDEX

LEGAL DEPARTMENT

Notifications

Sachivalaya, Gandhinagar, 28th July, 2009.

No. APT/172000/2208/H.--The Government of Gujarat is pleased to extend the appointment **following Law Officers** to be the Assistant Government Pleader for the District of Ahmedabad (Rural) and in exercise of powers conferred by Section 24(3) of the Code of Criminal Procedure, 1973 (II of 1974), to be the Additional Public Prosecutor, for the District of Ahmedabad (Rural), Ahmeddabad for a period of **one year** from the date shown against their name.

Sr. No.	Name	Date
1	Shri Vyas Gaurang Anilkumar	16-10-2009
2	Shri Rathod Navinchandra Budhalal	16-10-2009
3	Shri Sharma Shasibhusan Shyamlal	18-10-2009
4	Shri Barot Bharatkumar Purshottamdas	16-10-2009
5	Shri Patel Jatin Chaturbhai	16-10-2009

The appointment is subject to the conditions of service laid down in the Gujarat Law Officers (Appointment and Conditions of Services) Rules, 2009 as in force and as may be amended or modified from time to time.

કાયદા વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઈ, ૨૦૦૯.

ક્રમાંક : કઅન/૧૭૨૦૦૦/૨૨૦૮/હ.—ગુજરાત સરકાર, આથી નીચે જણાવેલ કાયદા અધિકારીઓના તેમના નામ સામે દર્શાવેલ તારીખથી એક વર્ષની મુદત માટે અમદાવાદ (ગ્રામ્ય) અમદાવાદ જિલ્લાના મદદનીશ સરકારી વકીલ અને સન ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સન ૧૯૭૪નો બીજો)ની કલમ-૨૪(૩)થી મળેલ સત્તાઓ અન્વયે અમદાવાદ (ગ્રામ્ય) અમદાવાદ જિલ્લાના વધારાના પબ્લીક પ્રોસીક્યુટર તરીકે નિમણુંકની મુદત લંબાવવામાં આવે છે.

અ. નં	નામ	તારીખ
૧	શ્રી વ્યાસ ગૌરાંગ અનિલકુમાર	૧૬-૧૦-૨૦૦૯
૨	શ્રી રાઠોડ નવીનચંદ્ર બુધાલાલ	૧૬-૧૦-૨૦૦૯
૩	શ્રી શર્મા શશીભૂષણ શ્યામલાલ	૧૮-૧૦-૨૦૦૯
૪	શ્રી બારોટ ભરતકુમાર પુરૂષોત્તમદાસ	૧૬-૧૦-૨૦૦૯
૫	શ્રી પટેલ જતીન ચતુરભાઈ	૧૬-૧૦-૨૦૦૯

આ નિમણુંક અમલમાં હોય તે પ્રમાણે અને વખતોવખત સુધારા અથવા ફેરફાર કરવામાં આવે તે પ્રમાણેના ગુજરાત કાયદા અધિકારીઓ (નિમણુંક અને સેવાની શરતો) નિયમો, ૨૦૦૯માં નિર્દિષ્ટ કરેલી શરતોને આધિન રહેશે.

INDEX

Sachivalaya, Gandhinagar, 29th July, 2009.

No. APT/322003/4389/H .–The Government of Gujarat is pleased to appoints **following Advocate** to be the Assistant Government Pleader for the following station for the District of Kachch-Bhuj and in exercise of powers conferred by Section 24(3) of the Code of Criminal Procedure, 1973 (II of 1974), to be the Additional Public Prosecutors, for the District of Kachch-Bhuj for a period of **Two Years** from the date **they** take over charge of the post.

1	Shri Suresh S. Gadhvi	Gandhidham
2	Shri Dhansukh B. Jogi	Gandhidham
3	Shri Lalji K. Maheshwari	Anjar

The appointment is subject to the conditions of service laid down in the Gujarat Law Officers (Appointment and Conditions of Services) Rules, 2009 as in force and as may be amended or modified from time to time.

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૨૦૦૯.

ક્રમાંક : કઅન/૩૨૨૦૦૩/૪૩૮૯/હ.–ગુજરાત સરકાર, આથી નીચે દર્શાવેલ કાયદા અધિકારીઓની નીચે જણાવેલ જગ્યા ખાતે જે તારીખે તેઓ પોતાના હોદ્દાનો હવાલો સંભાળે તે તારીખથી **બે વર્ષની** મુદત માટે કચ્છ-ભુજ જિલ્લાના મદદનીશ સરકારી વકીલ અને સન ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સન ૧૯૭૪નો બીજો)ની કલમ-૨૪(૩)થી મળેલ સત્તાઓ અન્વયે કચ્છ-ભુજ જિલ્લાના વધારાના પબ્લીક પ્રોસીક્યુટર તરીકે નિમણુંક કરે છે.

(૧)	શ્રી સુરેશ એસ. ગઢવી	ગાંધીધામ ખાતે
(૨)	શ્રી ધનસુખ બી. જોગી	ગાંધીધામ ખાતે
(૩)	શ્રી લાલજી કે. મહેશ્વરી	અંજાર ખાતે

આ નિમણુંક અમલમાં હોય તે પ્રમાણે અને વખતોવખત સુધારા અથવા ફેરફાર કરવામાં આવે તે પ્રમાણેના ગુજરાત કાયદા અધિકારીઓ નિમણુંક અને સેવાની શરતો નિયમો, ૨૦૦૯માં નિર્દિષ્ટ કરેલી શરતોને આધિન રહેશે.

Sachivalaya, Gandhinagar, 30th July, 2009.

No. APT/1996/1691/H.–The Government of Gujarat is pleased to appoint **Shri Pravinchandra Ambalal Gandhi** to be the **Assistant Government Pleader** for the District of Mehsana for a period of **two years** from the date he takes over charges of the post.The appointment is subject to the conditions of service laid down in the Gujarat Law Officers (Appointment and Conditions of Services) Rules, 2009 and as may be amended or modified from time to time.

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જુલાઈ, ૨૦૦૯.

ક્રમાંક : કઅન/૧૯૯૬/૧૬૯૧/હ.–ગુજરાત સરકાર, આથી **શ્રી પ્રવિણચંદ્ર અંબાલાલ ગાંધીની** જે તારીખે તેઓ પોતાનો હોદ્દાનો હવાલો સંભાળે તે તારીખથી **બે વર્ષની** મુદત માટે મહેસાણા જિલ્લાના મદદનીશ સરકારી વકીલ તરીકે નિમણૂંક કરે છે. આ નિમણુંક અમલમાં હોય તે પ્રમાણે અને વખતોવખત સુધારા અથવા ફેરફાર કરવામાં આવે તે પ્રમાણેના ગુજરાત કાયદા અધિકારીઓ (નિમણુંક અને સેવાની શરતો) નિયમો, ૨૦૦૯માં નિર્દિષ્ટ કરેલી શરતોને આધિન રહેશે.

INDEX

Sachivalaya, Gandhinagar, 30th July, 2009.

No. APT/322003/1809/H.–The Government of Gujarat is pleased to appoint **Shri Yagnesh V. Vora** to be the Assistant Government Pleader for the District of Kachch-Bhuj and in exercise of powers conferred by Section 24(3) of the Code of Criminal Procedure, 1973 (II of 1974), to be the Additional Public Prosecutors, for the District of Kachch-Bhuj for a period of **Two Years** from the date he takes over charge of the post.The appointment is subject to the conditions of service laid down in the Gujarat Law Officers (Appointment and Conditions of Services) Rules, 2009 as in force and as may be amended or modified from time to time.

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જુલાઈ, ૨૦૦૯.

ક્રમાંક : કઅન/૩૨૨૦૦૩/૧૮૦૯/હ.–ગુજરાત સરકાર, આથી **શ્રી યજ્ઞેશ વી. વોરાની** જે તારીખે તેઓ પોતાનો હોદ્દાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષની મુદત માટે કચ્છ-ભુજ જિલ્લાના મદદનીશ સરકારી વકીલ અને સન ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સન ૧૯૭૪નો બીજો)ની કલમ-૨૪(૩)થી મળેલ સત્તાઓ અન્વયે કચ્છ-ભુજ જિલ્લાના વધારાના પબ્લીક પ્રોસીક્યુટર તરીકે નિમણુંક કરે છે. આ નિમણુંક અમલમાં હોય તે પ્રમાણે અને વખતોવખત સુધારા અથવા ફેરફાર કરવામાં આવે તે પ્રમાણેના ગુજરાત કાયદા અધિકારીઓ નિમણુંક અને સેવાની શરતો નિયમો, ૨૦૦૯માં નિર્દિષ્ટ કરેલી શરતોને આધિન રહેશે.

Sachivalaya, Gandhinagar, 1st August, 2009.

No. APT/302002/728/H.–The Government of Gujarat is pleased to extend the term of appointment **following Law Officers** to be Assistant Government Pleader for the District of Junagadh and in exercise of powers conferred by Section 24(3) of Code of Criminal Procedure, 1973 (II of 1974), to be the Additional Public Prosecutor, for the District of Junagadh for a period of **One Year** from the date shown against their name.

1	Shri M. V. Pathak	22-10-2009
2	Shri S. K. Mehta	22-10-2009
3	Shri K. R. Purohit	22-10-2009
4	Shri D. C. Thakar	22-10-2009

The appointment is subject to the conditions of service laid down in the Gujarat Law Officers (Appointment and Conditions of Services) Rules, 2009 as in force and as may be amended or modified from time to time.

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૨૦૦૯.

ક્રમાંક : કઅન/૩૦૨૦૦૨/૭૨૮/હ.–ગુજરાત સરકાર, આથી નીચે દર્શાવેલ કાયદા અધિકારીઓની તેમના નામ સામે દર્શાવેલ તારીખથી એક વર્ષની મુદત માટે જુનાગઢ જિલ્લાના મદદનીશ સરકારી વકીલ અને સન ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સન ૧૯૭૪નો બીજો)ની કલમ-૨૪(૩)થી મળેલ સત્તાઓ અન્વયે જુનાગઢ જિલ્લાના એડીશનલ પબ્લીક પ્રોસીક્યુટર તરીકે નિમણુંકની મુદત લંબાવવામાં આવે છે.

અ. નં	નામ	તારીખ
૧	શ્રી એમ. વી. પાઠક	૨૨-૧૦-૨૦૦૯
૨	શ્રી એસ. કે. મહેતા	૨૨-૧૦-૨૦૦૯
૩	શ્રી કે. આર. પુરોહિત	૨૨-૧૦-૨૦૦૯
૪	શ્રી ડી. સી. ઠાકર	૨૨-૧૦-૨૦૦૯

આ નિમણુંક અમલમાં હોય તે પ્રમાણે અને વખતોવખત સુધારા અથવા ફેરફાર કરવામાં આવે તે પ્રમાણેના ગુજરાત કાયદા અધિકારીઓ (નિમણુંક અને સેવાની શરતો) નિયમો, ૨૦૦૯માં નિર્દિષ્ટ કરેલી શરતોને આધિન રહેશે.

INDEX

Sachivalaya, Gandhinagar, 3rd August, 2009.

No. APT/172003/411/H.–The Government of Gujarat is pleased to extend the term of appointment **following Law Officers** to be Assistant Government Pleader for the City Sessions Court, Ahmedabad and in exercise of powers conferred by Section 24(3) of the Code of Criminal Procedure, 1973 (II of 1974), to be the Additional Public Prosecutor, for the city sessions court in city & Sessions Court, District of **Ahmedabad** for the period of **One Year** from the date shown against their name.

1	Shri G. P. Dave	11-10-2009
2	Shri M. G. Kapadia	11-10-2009
3	Ms. H. K. Jain	11-10-2009
4	Shri N. R. Trivedi	11-10-2009
5	Ms. N. M. Joshi	18-10-2009

The appointment is subject to the conditions of service laid down in the Gujarat Law Officers (Appointment and Conditions of Services) Rules, 2009 as in force and as may be amended or modified from time to time.

By order and in the name of the Governor of Gujarat,

V. R. RAVAL,

Under Secretary to Government.

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓગસ્ટ, ૨૦૦૯.

ક્રમાંક : કઅન/૧૭૨૦૦૩/૪૧૧/હ.–ગુજરાત સરકાર, આથી નીચે દર્શાવેલ કાયદા અધિકારીઓની તેમના નામ સામે દર્શાવેલ તારીખથી એક વર્ષની મુદત માટે સીટી સેશન્સ કોર્ટ, ફાસ્ટ ટ્રેક કોર્ટ, અમદાવાદ ખાતે મદદનીશ સરકારી વકીલ અને સન ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સન ૧૯૭૪નો બીજો)ની કલમ-૨૪(૩)થી મળેલ સત્તાઓ અન્વયે સીટી સેશન્સ કોર્ટ, અમદાવાદના એડીશનલ પબ્લીક પ્રોસીક્યુટર તરીકે નિમણુંકની મુદત લંબાવવામાં આવે છે.

૧.	દવે ગૌતમકુમાર પ્રભાશંકર	૧૧-૧૦-૨૦૦૯
૨	કાપડીયા મુકેશભાઈ ગુલાબભાઈ	૧૧-૧૦-૨૦૦૯
૩	જૈન હંસાબેન ખેમચંદ	૧૧-૧૦-૨૦૦૯
૪	ત્રિવેદી નીલકંઠરાય રમેશચંદ્ર	૧૧-૧૦-૨૦૦૯
૫	જોશી નીતાબેન મનહરલાલ	૧૮-૧૦-૨૦૦૯

આ નિમણુંક અમલમાં હોય તે પ્રમાણે અને વખતોવખત સુધારા અથવા ફેરફાર કરવામાં આવે તે પ્રમાણેના ગુજરાત કાયદા અધિકારીઓ (નિમણુંક અને સેવાની શરતો) નિયમો, ૨૦૦૯માં નિર્દિષ્ટ કરેલી શરતોને આધિન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાવલ,

સરકારના ઉપસચિવ.

INDEX

CIVIL APPOINTMENTS

Head of Departments and all other Officers concerned are informed that Notification in the GAZETTE are to be accepted as disposing of all references, leave, transfers, appointments, power and other personal questions affecting Gazetted Officers as to which orders are gazetted by Government in this part of the Gazette and that any subsidiary orders as to relief of their subordinate and the like, which such notifications, must be issued by them as on receipt of GAZETTE as on other orders will be issued by Government.

નાણા વિભાગ

ઠરાવ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓગસ્ટ, ૨૦૦૯.

ગુજરાત વેલ્યુ એડેડ ટેક્ષ ટ્રિબ્યુનલ,અમદાવાદના અધ્યક્ષશ્રી ની ખાલી પડેલ જગ્યાનો વધારાનો હવાલો સોંપવા બાબત. શ્રી એમ. ટી. ઉનડકટ, સભ્યશ્રી, ગુજરાત વેલ્યુ એડેડ ટેક્ષ ટ્રિબ્યુનલ, અમદાવાદ.

ઠરાવ ક્રમાંક : વવક/૫૦૦૯/ટ્રિબ્યુનલ/ઠ.૩.– ગુજરાત વેલ્યુ એડેડ ટેક્ષ ટ્રિબ્યુનલ, અમદાવાદના અધ્યક્ષ, શ્રી ડી. પી. બુચ ની મુદત તા. ૨૧-૮-૨૦૦૯ના રોજ (A. N.) પૂર્ણ થતી હોઈ, ગુજરાત વેલ્યુ એડેડ ટેક્ષ ટ્રિબ્યુનલ અધ્યક્ષશ્રી ની ખાલી જગ્યાનો વધારાનો હવાલો શ્રી એમ. ટી. ઉનડકટ, સભ્યશ્રી, ગુજરાત વેલ્યુ એડેડ ટેક્ષ ટ્રિબ્યુનલ, અમદાવાદને તા. ૨૧-૮-૨૦૦૯ (કચેરી સમય બાદ) થી અન્ય વ્યવસ્થા ન થાય ત્યાં સુધી સોંપવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સી. પી. ઝિંઝુવાડિયા,
સરકારના ઉપસચિવ.

HOME DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 18th August, 2009.

The Raksha Shakti University Act, 2009

No. GG/63/TLM/102008/CM-1/A .- In exercise of the powers conferred by section (1) of section 8 of the Raksha Shakti University Act, 2009, the Government of Gujarat hereby appoints **Shri O. P. Mathur, I. P. S.** (Retired) as the Director General of the Raksha Shakti University for a period of Three Years from the date he assumes charge as Director General of the Raksha Shakti University. The terms and conditions of service of the Director General will be prescribed separately.

By order and in the name of the Governor of Gujarat,

K. D. SUTHAR,
Deputy Secretary to Government.

INDEX

કાયદા વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઈ, ૨૦૦૯.

ક્રમાંક : એસસીસી/૧૦૯૨/૨૫૨૬/ડી.–આ વિભાગની તારીખ : ૧૮-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક : એસસીસી/૧૦૯૨/૨૫૨૬/ડી માં ૬ઠ્ઠી લાઈનમાં શરતોને આધીન રહી વાક્ય પછી **'રજીસ્ટ્રાર'** શબ્દનો ઉલ્લેખ કરેલ છે તેને બદલે **'નાયબ રજીસ્ટ્રાર'** શબ્દ વાંચવો.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. કે. પુજારા,
સરકારના નાયબ સચિવ.

નિયામક, સંગ્રહાલય ખાતુ, ગુજરાત રાજય,
મ્યુઝિયમ અને પિકચર ગેલેરીની જગ્યા પર
સીધી ભરતીથી નિમણૂંક આપવા અંગે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૯

વંચાણે લીધા :-

ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદના તા. ૧૭/૪/૨૦૦૯ના પત્ર ક્રમાંક/આરસીટી/૨૦૦૩/૪૬૫/આર.૧

ક્રમાંક : સહલ/૧૦૨૦૦૬/૨૧૧૮/અ.--ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ દ્વારા નિયામક, સંગ્રહાલય અને ચિત્રાલય દિર્ધા, (વર્ગ-૧)ની જગ્યા માટે સીધી ભરતીથી પસંદગી પામેલ ઉમેદવાર **શ્રી રમણભાઈ દેવાભાઈ પરમારને મૂળ પગાર ધોરણ રૂા. ૧૫૬૦૦-૩૯૧૦૦-ગ્રેડ પે-૭૬૦૦** માં નિયામક, સંગ્રહાલય અને પિકચર ગેલેરી, ચિત્રાલય દીર્ધા, ગુજરાત રાજય વડોદરાની જગ્યા ઉપર તે જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષના અજમાયશી ધોરણે આથી નિમણૂક આપવાની થાય પરંતુ **શ્રી પરમારની જન્મ તા. ૧/૬/૧૯૫૩** છે. તે અનુસાર શ્રી પરમાર ૩૦/૬/૨૦૧૧ ના રોજ વયનિવૃત્ત થતા હોઈ શ્રી રમણભાઈ દેવાભાઈ પરમારને અજમાયશી ધોરણે આથી નિમણૂંક આપવામાં આવે છે.

શ્રી રમણભાઈ દેવાભાઈ પરમારની ઉપરોક્ત નિમણુંક નીચેની શરતોને આધીન રહેશે.

૧. શ્રી પરમારને અજમાયશી ધોરણે નિમણૂક આપવામાં આવે છે. અજમાયશી સમય બાબતે હવે પછી હુકમો કરવામાં આવશે. તેમ છતાં નિમણૂક હુકમની શરતો તથા ભરતી નિયમોની જોગવાઈ મુજબ અજમાયશી સમય દરમ્યાન શ્રી પરમારે જે પરીક્ષાઓ પાસ કરવાની રહે છે. તે શક્ય તેટલી વહેલી અને શક્ય હોય ત્યાં સુધી એક વર્ષના સમયગાળામાં પાસ કરવાની રહેશે.

૨. સરકારના હુકમો અનુસાર અજમાયશી સમય દરમ્યાન શ્રી આર.ડી.પરમારનો પગાર સ્થિર રહેશે.
તે સપય દરમ્યાન કોઈ ઈજાફો મળવાપાત્ર થશે નહીં.

૩. આકસ્મિક રજા સિવાયની કોઈપણ પ્રકારની રજા અજમાયશી સમય દરમ્યાન લેવામાં આવશે તો તેમની અજમાયશી સમય રજાની મુદત જેટલો લંબાવવામાં આવશે.

૪. અજમાયશી સમય સંતોષકારક પૂર્ણ થયે શ્રી આર.ડી.પરમારને સંગ્રહાલય નિયામક, ગુજરાત રાજય, તરીકે નિયમિત નિમણુક આપવામાં આવશે. અને તેવી નિયમિત નિમણુકનો હુકમ થયેથી તેમને નિયમિત નિમણૂક આપવામાં આવેલી ગણાશે.

INDEX

૫. શ્રી પરમાર સીધી ભરતીથી નિમણુક થયેલ હોય સરકારશ્રીના રાજયપત્રિત અધિકારીઓ માટેના ૧૯૭૦ના (પૂર્વ સેવા તાલીમ અને પરીક્ષા) નિયમ પૂર્વસેવા તાલીમ અને પરીક્ષા અજમાયશી સમય દરમ્યાન નિયત તકોમાં પસાર કરવાની રહેશે. જો તેમ કરવામાં તેઓ નિષ્ફળ થાય તો તેમની અજમાયશી નિમણુંકનો અંત લાવવા સરકારી નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, રાજય સરકારે નિયત કરેલ અને તેમને લાગુ પડતી હિન્દી અથવા ગુજરાતી ભાષાની ભાષાકીય પરીક્ષા અને તેવી અન્ય પરીક્ષા અને તાલીમ જે કાંઈ નિયત કરવામાં આવે તે આપવાની રહેશે. ખાતાકીય પરીક્ષાના નિયમોમાં ઠરાવેલ સમય મર્યાદામાં ભાષાકીય પરીક્ષા, તાલીમ ઉત્તીર્ણ કરવાની રહેશે. જો તેઓ તેવી પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ જશે તો ત્યાર પછીના તેમના ઈજાફા તેવી પરીક્ષા પાસ કરે નહી ત્યાં સુધી અટકાવવામાં આવશે.

૬. શ્રી પરમારે હુકમની તારીખથી તાત્કાલિક તેમની ફરજ ઉપર હાજર થવાનું રહેશે.

૭. શ્રી પરમારના પગાર, રજા, પેન્શન, વર્તણૂક વગેરે સેવા વિષયક અને શિસ્ત વિષયક અન્ય બાબતોમાં સેવાની શરતો બી.સી.એસ.આર. ગુજરાત મુલ્કી સેવા વર્તણૂંક નિયમો-૧૯૭૧ અને ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) ૧૯૭૧ વગેરે પ્રકારના સરકારે પ્રસિધ્ધ કરેલ નિયમો અને વખતોવખત બહાર પાડેલ નિયમોને આધિન રહેશે.

૮. અજમાયશી સમય દરમ્યાન શ્રી આર.ડી.પરમારની સેવા સક્ષમ સત્તાધિકારીને સંતોષકારક નહી જણાશે તો તેમને અજમાયશી સમય દરમ્યાન કોઈપણ કારણદર્શક નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે એટલે તે રીતે અજમાયશી સમય દરમ્યાનની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ ગણાશે.

૯. શ્રી પરમારે નિમણુક વાળી જગ્યાએ હાજર થતા પહેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૩-૧૨-૧૯૮૬ના પરીપત્ર ક્રમાંક/સીડીઆર/૧૧૮૬/યુઅને/૨૨૪૪/ગ-૨/ માંની સરકારની સૂચના અનુસાર ભારતના સંવિધાનને વફાદારી અને તેના પ્રત્યે નિષ્ઠા અંગે જરૂરી લેખિત સોંગદનામુ રજૂ કરવાનું રહેશે.

૧૦. શ્રી પરમારની નિમણુક થાય ત્યારથી માંડીને તેમના અજમાયશી સમય સુધીની કામગીરીનો વાર્ષિક મુલ્યાંકન અહેવાલ સામાન્ય વહીવટ વિભાગના તા.૯-૬-૧૯૮૯ના પરીપત્ર નંબર/પીઆરએ/૧૦૮૬/૫૦૬૮/ગ/થી નિયત કરેલ નમૂનામાં રજુ કરવાનો રહેશે.

૧૧. સરકારે નિયત કરેલ સંગ્રહાલય ખાતાને લગતી તમામ કામગીરી તથા સંગ્રહાલય ખાતાને લગતી અન્ય જે કોઈ ફરજો સોંપવામાં આવે તે તેમણે નિષ્ઠા અને ખંતઃપૂર્વક બજાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

દિલીપ સોની,
સરકારના ઉપ સચિવ.

INDEX

Miscellaneous Notifications, Appointments etc.
BY THE HIGH COURT OF GUJARAT AT SOLA, AHMEDABAD
NOTIFICATIONS

No.A.1326/1999

The Honourable the Chief Justice of the High Court of Gujarat, is pleased to grant permission to Mr.M.F. Saiyed, Registrar (Publication & Protocol), High Court of Gujarat, Ahmedabad, to surrender Earned Leave for a period of 30 days, from 01-08-2009 to 30-08-2009, for the purpose of encashment for the block of two years commencing from 01-11-2007 to 31-10-2009, as provided under Government Resolution, Legal Department, No. PAY/102003/1233/D, dated 16-03-2007.

Date : August 25, 2009.

No.A.3804/2009

I

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant Mrs. S. A. Dave, Judge, Family Court, Ahmedabad, ex-post-facto Commuted Leave for a period of 03 days, from 30/07/2009 to 01/08/2009 (both days inclusive), with permission to suffix 02/08/2009, being Sunday.

II

No locum tenens being necessary, charge of the post of Judge, Family Court, Ahmedabad, during the period of absence of Mrs. S.A. Dave, on leave, remained with Mr. O.L.Pandey, Judge, Family Court, Ahmedabad, in addition to his own duties.

III

On return from leave, Mrs. S.A.Dave, is retrospectively reposted as Judge, Family Court, Ahmedabad.

Date : August 25, 2009.

No.A.1204/2009

I

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant Mr. V. B. Mayani, Principal District Judge, Kachchh at Bhuj, ex-post-facto Commuted Leave for a period of 03 days, from 30/07/2009 to 01/08/2009 (both days inclusive).

II

No locum tenens being necessary, charge of the post of Principal District Judge, Kachchh at Bhuj, during the period of absence of Mr. V. B. Mayani, on leave, remained with Mr. A.M.Bhimani, 2nd Additional District Judge, Kachchh at Bhuj, in addition to his own duties.

III

On return from leave, Mr. V. B. Mayani, is retrospectively reposted as Principal District Judge, Kachchh at Bhuj.

IV

Their Lordships are further pleased, in exercise of the powers conferred by sub-section (2) of Section 9 of the Code of Criminal Procedure, 1973 (II of 1974), to retrospectively appoint Mr. V. B. Mayani, on return from leave, as Sessions Judge, for the Sessions Division of Kachchh.

Date : August 25, 2009.

No.A.1204/2009

I

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant Mr. C. M. Bhatt, 3rd Additional District Judge, Vadodara at Chhotaudepur, ex-post-facto Earned Leave for a period of 06 days, from 27/07/2009 to 01/08/2009 (both days inclusive) with permission to prefix 25/07/2009 and 26/07/2009, being closed Saturday and Sunday, respectively and to suffix 02/08/2009, being Sunday.

II

No locum tenens being necessary, charge of the post of 3rd Additional District Judge, Vadodara at Chhotaudepur, during the period of absence of Mr. C. M. Bhatt, on leave, remained with Mr. J. N. Brahmbhatt, 2nd Additional District Judge, Vadodara camp at Chhotaudepur, in addition to his own duties.

III

On return from leave, Mr. C. M. Bhatt, is retrospectively reposted as 3rd Additional District Judge, Vadodara at Chhotaudepur.

IV

Their Loadships are further pleased, in exercise of the powers conferred by sub-section (3) of Section 9 of the Code of Criminal Procedure, 1973 (II of 1974), to retrospectively appoint Mr. C. M. Bhatt, on return from leave, as Additional Sessions Judge, for the Sessions Division of Vadodara.

Date : August 25, 2009.

No.A.1204/2009

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant permission to Mr. K. B. Gujarathi, 2nd Additional District Judge, Panchamahals at Godhra, to surrender Earned Leave for a period of 30 days. from 01-06-2009 to 30-06-2009, for the purpose of encashment for the block of two years commencing from 01-11-2007 to 31-10-2009, as provided under Government Resolution, Legal Department, No. PAY/102003/1233/D, dated 16-03-2007.

Date : August 25, 2009.

No.A.1204/2009

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant permission to Mr. A. B. Bhatt, Presiding Officer, Fast Track Court, Kheda at Nadiad, to surrender Earned Leave for a period of 30 days, from 01-06-2009 to 30-06-2009, for the purpose of encashment for the block of two years commencing from 01-11-2007 to 31-10-2009, as provided under Government Resolution, Legal Department, No. PAY/102003/1233/D, dated 16-03-2007.

Date : August 25, 2009.

P. P. BHATT,

Registrar General.

DIRECTOR OF AGRICULTURAL MARKETING AND RURAL FINANCE
GUJARAT STATE, GANDHINAGAR

Notifications

THE GUJARAT AGRICULTURAL PRODUCE MARKETS ACT, 1963

No. E/KHS/2009/55/BSR/01/Th/S-1/2081.—In exercise of powers conferred under Rule-27 of the Gujarat Agricultural Produce Markets Rules, 1965, the Director of Agricultural Marketing and Rural Finance, Gujarat State, Gandhinagar here by notifies **Smt. Minaben B. Sanghvi,** as a member nominated by Nagarpalika-Mahuva-local authority, within whose jurisdiction, the principal market yard of the Agricultural Produce Market Committee, Mahuva, Ta. Mahuva, Dist. Bhavnagar is situated.

Place : Gandhinagar
Date : 21st August, 2009.

નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

જાહેરનામા

ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ–૧૯૬૩.

નંબર : ઈ/ખસ/૨૦૦૯/૫૫/બસર/૦૧/થ/સ-૧/૨૦૮૧.--સને ૧૯૬૫ના ગુજરાત ખેત ઉત્પન્ન બજારો બાબતના નિયમમોના નિયમ-૨૭ હેઠળ મળેલ સત્તાની રૂઈએ નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી **શ્રીમતિ મીનાબેન બી. સંઘવી** ની, નગરપાલીકા - મહુવા ના કે જે સ્થાનિક સત્તામંડળની હકુમતમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, મહુવા, તા. મહુવા, જિ. ભાવનગર નું મુખ્ય બજાર ચોગાન આવેલ છે, તેના નિયુક્ત સભ્ય તરીકે જાહેર કરે છે.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :-૨૧મી ઓગષ્ટ, ૨૦૦૯.

The Gujarat Agricultural Produce Markets Act, 1963

No. E/KHS/2009/56/BSR/01/TH/S-1/2113.—The following names of the persons elected under the various constituencies of the Agricultural Produce Market Committee, Savarkundala, Tal. Savarkundala, Dist. Amreli as a result of General Election held on 03/08/2009 and the name of nominated members are hereby published as per rule-27 of the Agricultural Produce Market Rules, 1965.

Elected Members

S.N.	Name	Place
1.	**Agriculturist's Constituency**	
1.	Shri Malani Dipakbhai Kurjibhai	To. Ambardi, Tal. Savarkundala
2.	Shri Virani Kalubhai Virjibhai	To. Savarkundala, Jesar Road, Tal. Savarkundala
3.	Shri Sudani Maheshbhai Shamjibhai	To. Nandigram, Tal. Savarkundala
4.	Shri Chodvadiya Devjibhai Ramjibhai	To.Kerala, Tal. Savarkundala
5.	Shri Dhaduk Arvindbhai Bhurabhai	To. Thavi. Tal. Savarkundala
6.	Shri Kothiya Durlabhajibhai Manjibhai	To. Giniya, Tal Savarkundala
7.	Shri Talaviya Bavchandbhai Meghjibhai	To. Charkhadiya, Tal. Savarkundala
8.	Shri Sabhaya Meghjibhai Bhurabhai	To. Ambardi, Tal. Savarkundala
2.	**Traders constituency**	
9.	Shri Aankoliya Bhikhabhai Parshotambhai	Market yard, Tal. Savarkundala
10.	Shri Thummar Ashvinbhai Laljibhai	Market yard, Tal. Savarkundala
11.	Shri Doshi Hitenkumar Trambaklal	Market yard, Tal. Savarkundala
12.	Shri Patel Mahendrakumar Bhikhubhai	Sahajanand Trading, Savarkundala

INDEX

S.N.	Name	Place
3.	**Co-operative Marketing societies constituency**	
13.	Shri Patidar Babubhai Arjanbhai	To. Juna Savar, Tal. Savarkundala
14.	Shri Baladaniya Devatbhai Vaghabhai	To. Dolati, Tal. Savarkundala
4.	**Nominated Members.** Members nominated by local authority i.e. Nagarpalika-Savarkundala within whose jurisdiction the Principal market yard is situated.	
15.	Shri Maheshbhai Maganbhai Jayani	To. Savarkundala, Tal. Savarkundala
5.	**Government Nominees.**	
16.	Deputy Director, Agri. Mktg. & Rural Finance & District Registrar, Co-operative Societies.	Amreli
17.	District Agricultural Officer to	District Panchayat-Amreli

Place : Gandhinagar
Date : 25th August, 2009.

ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ–૧૯૬૩.

નંબર : ઈ/ખસ/૨૦૦૯/૫૬/બસર/૦૧/સ-૧/થ/૨૧૧૩.--- ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિલ્લો : અમરેલીનાં જુદાજુદા મતવિભાગમાં તા. ૦૩/૦૮/૦૯ના રોજ યોજાયેલ સામાન્ય ચૂંટણીના પરિણામે નીચેના ચૂંટાયેલા સભ્યોનાં નામો અને નિયુક્ત થયેલા સભ્યોનાં નામો સને ૧૯૬૫ ના ગુજરાત ખેત ઉત્પન્ન બજારો બાબતનાં નિયમોનાં નિયમ-૨૭ હેઠળ આથી પ્રસિધ્ધ કરે છે.

ચૂંટાયેલા સભ્યો

૧. ખેડૂત વિભાગ

અ.નં.	નામ	સ્થળ-સરનામું
૧.	શ્રી માલાણી દિપકભાઈ કુરજીભાઈ	મુ. આંબરડી, તા. સાવરકુંડલા
૨.	શ્રી વિરાણી કાળુભાઈ વીરજીભાઈ	મું સાવરકુંડલા, જેસર રોડ, તા. સાવરકુંડલા
૩.	શ્રી સુદાણી મહેશભાઈ શામજીભાઈ	નંદીગ્રામ, તા. સાવરકુંડલા
૪.	શ્રી ચોડવડીયા દેવજીભાઈ રામજીભાઈ	મુ. કેરાળા, તા. સાવરકુંડલા
૫.	શ્રી ધડુક અરવિંદભાઈ ભુરાભાઈ	મુ. ઠવી, તા. સાવરકુંડલા
૬.	શ્રી કોઠીયા દુર્લભજીભાઈ મનજીભાઈ	મુ. ગીણીયા, તા. સાવરકુંડલા
૭.	શ્રી તળાવીયા બાવચંદભાઈ મેઘજીભાઈ	મુ. ચરખડીયા, તા. સાવરકુંડલા
૮.	શ્રી સભાયા મેઘજીભાઈ ભુરાભાઈ	મુ. આંબરડી, તા. સાવરકુંડલા
૨.	વેપારી વિભાગ	
૯.	શ્રી આંકોલીયા ભીખાભાઈ પરશોતમભાઈ	માર્કેટયાર્ડ, મુ. સાવરકુંડલા
૧૦.	શ્રી ઠુમ્મર અશ્વીનભાઈ લાલજીભાઈ	માર્કેટયાર્ડ, મુ. સાવરકુંડલા
૧૧.	શ્રી દોશી હિતેનકુમાર ત્રંબકલાલ	માર્કેટયાર્ડ, મુ. સાવરકુંડલા
૧૨.	શ્રી પટેલ મહેન્દ્રકુમાર ભીખુભાઈ	સહજાનંદ ટ્રેડીંગ, મુ. સાવરકુંડલા.
૩.	સહકારી ખરીદ વેચાણ મંડળીઓનો વિભાગ	
૧૩.	શ્રી પાટીદાર બાબુભાઈ અરજણભાઈ	મુ. જુનાસાવર, તા. સાવરકુંડલા
૧૪.	શ્રી બલદાણીયા દેવાતભાઈ વાઘાભાઈ	મુ. દોલતી, તા. સાવરકુંડલા
૪.	સ્થાનિક સત્તામંડળના નિયુક્ત કરેલ સભ્ય સ્થાનિક સત્તામંડળ એટલે કે નગરપાલિકા-સાવરકુંડલા ની હકુમતમાં મુખ્ય બજાર ચોગાન આવેલ છે. તેણે નિયુક્ત કરેલ પતિનિધિ	

INDEX

અ.નં.	નામ	સ્થળ-સરનામું
૧૫.	શ્રી મહેશભાઈ મગનભાઈ જયાણી	મુ. સાવરકુંડલા, તા. સાવરકુંડલા
૫. સરકારશ્રી દ્વારા નિયુક્ત કરેલ પ્રતિનિધિ		
૧૬.	શ્રી નાયબ નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર તથા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ.	અમરેલી
૧૭.	જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી	જિલ્લા પંચાયત, અમરેલી

સ્થળ :- ગાંધીનગર
તારીખ :- ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૯.

The Gujarat Agricultural Produce Markets Act, 1963

અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. ૭. વિશિષ્ટ રીતે સારી લાયકાત અને અથવા અનુભવ ધરાવતા ઉમેદવારોને આયોગને વિવેકાધીન છૂટછાટ મળવાપાત્ર છે.**(સિવાય જા.ક્ર.[૧૨૨])**. (૩) આયોગ જન્મ તારીખના પૂરાવા માટે એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ.એસ.સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પૂરાવાઓના આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે. **[૫] શૈક્ષણિક લાયકાત:-** (૧) જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ ધરાવતા હોવા જોઈએ. (૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. (૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી / સંસ્થાના ગુણ પત્રક / પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. શાળા / કોલેજના આચાર્યશ્રી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. (૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવો સ્વીકારવામાં આવશે નહિ. (૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હકક-દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો આપવાની રહેશે. **[૬] અનુભવ:-** (૧) અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી ન હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં ગણવામાં આવશે. (૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ). મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર / મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનુ રજૂ કરવાનું રહેશે. (૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ. (૫) અંશ:કાલીન, રોજીંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહિ. **[૭] અનૂસચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ:-** (૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના જે ઉમેદવાર હોય તેઓએ અરજી પત્રક અને પરિશિષ્ટમાં તેની વિગતો અચૂક દર્શાવવી. (૩) આવા ઉમેદવારે અરજી પત્રક તથા પરીશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત ઉમેદવાર તરીકેનો લાભ મેળવવાનો દાવો માન્ય રાખવામાં આવશે નહિ. (૪) અનામત વર્ગ તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અવશ્ય સામેલ કરવાની રહેશે. અરજી પત્રક સાથે પ્રમાણપત્રની નકલ સામેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ અને અરજી પત્રક રદ થવાને પાત્ર બનશે. (૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહિ થતો હોય તો જ મળવાપાત્ર થશે. (૬) (૧) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક)ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (૨) પરિણીત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. (૩) અરજી સાથે પરિશિષ્ટ-"ક" ને બદલે એનેકચર-"A" (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. (૪) આ પ્રમાણપત્ર છેલ્લા પૂરા થયેલા નાણાકીય વર્ષનું હોવું જોઈએ. (૫) જો ઉમેદવારે આ પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહિ.(૭) અનામત વર્ગના ઉમેદવારોએ અરજી પત્રકમાં અનામત કક્ષાની અથવા બિનઅનામત (સામાન્ય) જગ્યા સામે ઉમેદવારી નોંધાવો છો ? તેની વિગતો સ્પષ્ટપણે અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં દર્શાવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં ખાનું ખાલી ન રાખવું કે ટપકા કરવા નહિ તે જોવાનું રહેશે. (૮) સરકારશ્રીની પ્રવર્તમાન

INDEX

જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણે (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે. આ જોગવાઈને વિચાણામાં લઈને અરજી પત્રકમાં વિગત આપવાની રહેશે. (૯) અનુસૂચિત જાતિના ઉમેદવારે અરજી પત્રકમાં પોતાનો ધર્મ અવશ્ય દર્શાવવાનો રહેશે. ***જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક વિકલાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એકથી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.*** **[૮] માજી સૈનિક:-** (૧) માજી સૈનિક અને શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજી પત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. **[૯] શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો:-** (ક) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (ખ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે ૧: અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ ૨: શ્રવણની ખામી ૩: હલન-ચલન વિકલાંગતા અથવા મગજનો લકવો તે પૈકીની) કઈ શારીરિક વિકલાંગતા છે તે દર્શાવવું. (ગ) જાહેરાતમાં શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવાર પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે. (ઘ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સરકારી હોસ્પિટલ / મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં આવેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ. શારીરિક વિકલાંગતા માટેનો લાભ મળવાપાત્ર થશે નહિ. **[૧૦] મહિલા ઉમેદવાર :-** મહિલાઓ માટે અનામત જગ્યાઓ માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તેની જગ્યા તે કક્ષાના (category) પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે. **[૧૧] વિધવા ઉમેદવાર:-** (૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા લાગુ પડતુ નથી એમ દર્શાવવું. (૨) વિધવા ઉમેદવારે પુનઃલગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા લાગુ પડતું નથી એમ લખવું. (૩) વિધવા ઉમેદવારે જો પુનઃલગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા હોય તો અરજી સાથે પુનઃલગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ રજૂ કરવાની રહેશે. (૪) વિધવા ઉમેદવારને સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલા ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે. **[૧૨] ના-વાંધા પ્રમાણપત્ર :-** (૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવાતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોકતા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે. (૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઈપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. **[૧૩] ગેરલાયક ઉમેદવાર :-** ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવાયો હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે. **[૧૪] ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ, બરતરફ :-** અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ, કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલા હોય તો અરજી પત્રમાં તેની વિગત આપવાની રહેશે. **[૧૫] રજીસ્ટ્રેશન :-** તબીબી / દંત વિજ્ઞાન / પશુ ચિકિત્સા / કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જયાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને અરજી સમય રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. **[૧૬] સામાન્ય :-** (૧) ઉમેદવારે આપવાની થતી માહિતી ખોટી આપી હશે અને / અથવા અરજી પત્રકમાં જરૂરી માહિતી / વિગતો છૂપાવવાનો પ્રયાસ કરેલ હશે અને / અથવા આયોગને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હશે અને તે ધ્યાન ઉપર આવશે તો પ્રાથમિક કસોટી, રૂબરૂ મુલાકાત, નિમણૂક વગેરે તમામ માટે ગેરલાયક ઠરશે. વધુમાં, આવા ઉમેદવારને આયોગ ભવિષ્ય માટે ગેરલાયક ઠરાવી શકશે અને જો ઉમેદવાર રાજ્ય સરકારની સેવામાં હશે તો તેમની સામે ખાતાકીય પગલાં લેવામાં આવશે. (૨) સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવવા પ્રયત્ન કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે. **[૧૭] અગત્યની જોગવાઈઓ :-** (૧) ઉપરની

INDEX

જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જયાં પ્રાથમિક લેખિત કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નકકી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નકકી કરશે નહિ તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યતઃ અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.. (૨) આ જાહેરાતોમાં ઠરાવેલ લઘુતમ શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શેક્ષણિક લાયકાત અને / અથવા વધુ અનુભવ અને / અથવા લાયકાતમાં ઉંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે. [૧૮] રૂબરૂ મુલાકાત :- (૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકીટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે અસલ ટિકીટ રજૂ કરવાની રહેશે. (૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહિ તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહિ તેની ખાસ નોંધ લેવી. [૧૯] *નીચે દર્શાવ્યા મુજબની અધૂરી અરજીઓ સીધેસીધી રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)* (૧) આયોગે નિયત કરેલ અરજી પત્રકમાં અરજી મળેલ ન હોય. (૨) અરજી અને/અથવા પરિશિષ્ટમાં વિગતો અધૂરી કે અવાચ્ય હોય તથા ડાઉનલોડ કરેલ અરજીપત્રકના તમામ પાનાઓ (પૃ.૧થી૪) સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોકલી આપવામાં આવેલ નહિ હોય. (૩) અરજી અને/અથવા પરિશિષ્ટમાં ઉમેદવારની સહી ન હોય. (૪) અરજી અને/અથવા પરિશિષ્ટમાં કેપીટલ લેટરમાં સહી કરેલ હશે તો. (૫) અરજી અને/અથવા પરિશિષ્ટ ફેકસથી કે ઈ-મેઈલથી મોકલાવેલ હોય. (૬) અરજી અને/અથવા પરિશિષ્ટમાં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાવેલ ન હોય. (૭) અરજી અને/અથવા પરિશિષ્ટમાં પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની ઝેરોક્ષ લગાવેલ હોય. (૮) અરજી અને પરિશિષ્ટ બે માંથી એક જ મોકલાવેલ હોય. (૯) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય. (૧૦) અરજી સાથે ફી ભરેલ હોય પરંતુ ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખ પહેલાનો ખરીદેલ હોય. (૧૧) અરજી ગુજરાતી ભાષામાં ઉમેદવારે પોતાના સ્વહસ્તાક્ષરમાં ભરેલ ન હોય. (અંધ ઉમેદવાર સિવાય) (૧૨) એક જ ગ્યા માટે એક કરતાં વધુ અરજી મળેલ હોય. (૧૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ થયેલ ન હોય. (૧૪) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય. (૧૫) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે તાજેતરના પુરા થયેલા નાણાકીય વર્ષનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય. (૧૬) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ / પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. (૧૭) જન્મતારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. (૧૮) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં ઉમેદવારે મેળવેલ પદવી એમ.સી.આઈ. માન્ય છે તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય તો. (૧૯) ઉમેદવારે અરજી પત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નકકી કરવાની થતી હોય) અને તેના સમર્થનમાં પ્રમાણપત્રો રજૂ કરેલ ન હોય અથવા તો રજૂ કરેલ પ્રમાણપત્રોમાં તેઓનો અનુભવનો સમયગાળો, મૂળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તો. નિમણૂક :- (૧) ઉપરની જાહેરાત સંબંધમાં પ્રસિધ્ધ થયેલા ઉમેદવારની નિમણૂક માટે સરકારશ્રીના સંબધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તો તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નકકી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. (૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઈપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

તા.૦૧-૧૦-૨૦૦૯-વ

નોંધ :-અરજીફોર્મ મેળવવાની ફીની, વયમર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ ઉપર અને આયોગની વેબસાઈટ **www. gpsc. gujarat.gov.in** ઉપર તેમજ ગુજરાત રોજગાર સમાચાર તથા તેની વેબસાઈટ **www.gujaratpublications.com** ઉપર જોવા મળશે.

INDEX

LEGAL DEPARTMENT

Notification

Sachivalaya,Gandhinagar, 1st September, 2009

(1) No. APT/222003/1449/H:-The Government of Gujarat is pleased to appoint **Shri Jasvantbhai Gokalbhai Patel** to be the District Government Pleader for the District of **Panchmahal-Godhra** and in exercise of powers conferred by Section 24(3) of the Code of Criminal Procedure, 1973 (II of 1974), to be Public Prosecutor, for the District of **Panchmahal-Godhra** for a period of **two years** from the date he takes over charge of the post.The appointment is subject to the conditions of service laid down in the Gujarat Law Officers (Appointment and Conditions of Services) Rules, 1965 and as may be amended or modified from time to time.

By order and in the name of the Governor of Gujarat,

V. R. RAVAL,

Under Secretary to Government.

કાયદા વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૯

ક્રમાંક:કઅન-૨૨૨૦૦૩-૧૪૪૯-હ, ગુજરાત સરકાર, આથી શ્રી જશવંતભાઈ ગોકળભાઈ પટેલની જે તારીખે તેઓ પોતાનો હોદ્દાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષની મુદત માટે પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે જીલ્લા સરકારી વકીલ અને સન ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સન ૧૯૭૪નો બીજો)ની કલમ-૨૪(૩)થી મળેલ સત્તાઓ અન્વયે પંચમહાલ જિલ્લાના પબ્લીક પ્રોસીક્યુટર તરીકે નિમણુંક કરે છે. આ નિમણુંક અમલમાં હોય તે પ્રમાણે અને વખતોવખત સુધારા અથવા ફેરફાર કરવામાં આવે તે પ્રમાણેના ગુજરાત કાયદા અધિકારીઓ (નિમણૂંક અને સેવાની શરતો) નિયમો, ૨૦૦૯માં નિર્દિષ્ટ કરેલી શરતોને આધિન રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાવલ,

સરકારના ઉપ સચિવ.

INDEX

PART I

CENTRAL SECTION

Miscellaneous, Notifications and Appointments, etc.

BY THE HIGH COURT OF GUJARAT AT SOLA, AHMEDABAD

Notifications

No. A. 1204/2009.

I

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant Mr. R. N. Malik, Additional District Judge, Ahmedabad (Rural) at Ahmedabad, ex-post-facto Commuted Leave for a period of 05 days from 17/08/2009 to 21/08/2009 (both days inclusive), with permission to suffix 22/08/2009 and 23/08/2009, being closed Saturday and Sunday, respectively.

II

No locum tenens being necessary, charge of the post of Additional District Judge, Ahmedabad (Rural) at Ahmedabad, during the period of absence of Mr. R. N. Malik, on leave, remained with Mr. P. P. Trivedi, Presiding Officer, 2nd Fast Track Court, Ahmedabad (Rural) at Ahmedabad, in addition to his own duties.

III

On return from leave, Mr. R. N. Malik, is retrospectively reposted as Additional District Judge, Ahmedabad (Rural) at Ahmedabad.

IV

Their Lordships are further pleased, in exercise of the powers conferred by Sub-Section (3) of Section 9 of the Code of Criminal Procedure, 1973 (II of 1974) to retrospectively appoint Mr. R. N. Malik, on return from leave, as Additional Sessions Judge, for the Sessions Division of Ahmedabad (Rural).

Date : September 23, 2009.

No. A. 1204/2009.

I

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant Mr. M. A. Sopariwala, Presiding Officer, 4th Fast Track Court, Rajkot, ex-post-facto Earned Leave for period of 06 days from 14/09/2009 to 19/09/2009 (both days inclusive), with permission to prefix 12/09/2009 and 13/08/2009, being closed Saturday and Sunday, respectively and to suffix 20/09/2009 and 21/09/2009, being Sunday and public holiday respectively.

II

No locum tenens being necessary, charge of the post of Presiding Officer, 4th Fast Track Court, Rajkot, during the period of absence of Mr. M. A. Sopariwala, on leave, remained with Ms. A. S. Verma, Presiding Officer, 3rd Fast Track Court, Rajkot, in addition to her own duties.

III

On return from leave, Mr. M. A. Sopariwala, is retrospectively reposted as Presiding Officer, 4th Fast Track Court, Rajkot,

IV

Their Lordship are further pleased, in exercise of the powers conferred by Sub-Section (3) of Section 9 of the Code of Criminal Procedure, 1973 (II of 1974) to retrospectively appoint Mr. M. A. Sopariwala, on return from leave, as Additional Sessions Judge, for the Sessions Divisions of Rajkot.

Date : September 23, 2009.

INDEX

No. A. 1204/2009.

I

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant Mr. R. M. Sareen, 2nd Additional District Judge, Anand, ex-post-facto Commuted Leave, for a period of 02 days from i. e. on 20/08/2009 and 21/08/2009 (both days inclusive), with permission to suffix 22/08/2009 and 23/08/2009, being closed Saturday and Sunday, respectively.

II

No locum tenens being necessary, charge of the post of 2nd Additional District Judge, Anand, during the period of absence of Mr. R. M. Sareen, on leave, remained with Mr. M. P. Gamara, Additional District Judge, Anand, in addition to his own duties.

III

On return from leave, Mr. R. M. Sareen, is retrospectively reposted as 2nd Additional District Judge, Anand.

IV

Their Lordships are further pleased, in exercise of the powers conferred by Sub-Section (3) of Section 9 of the Code of Criminal Procedure, 1973 (II of 1974) to retrospectively appoint Mr. R. M. Sareen, on return from leave, as Additional Sessions Judge, for the Sessions Divisions of Anand.

Date : September 23, 2009.

No. A. 1204/2009

I

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant Mr. S. A. Sheikh, Presiding Officer, 2nd Fast track Court, Kachchh at Anjar (now, Presidig Officer, 3rd Fast Track Court, Kachchh at Anjar), Earned Leave, for a period of 12 days from 14/09/2009 to 25/09/2009 (both days inclusive), with permission to prefix 12/09/2009 and 13/09/2009, being closed Saturday and Sunday, respectively, and to suffix 26/09/2009, 27/09/2009 and 28/09/2009 being closed Saturday, Sunday and Public Holiday, respectively.

II

No locum tenens being necessary, charge of the post of Presiding Officer 2nd Fast track Court, Kachchh at Anjar, during the period of absence of Mr. S. A. Sheikh, on leave, ordered to remain with Mr. J. H. Singh, Presiding Officer, Fast track Court, Kachchh at Gandhidham, in addition to his own duties.

III

On return from leave, Mr. S. A. Sheikh, is reposted as Presiding Officer, 2nd Fast track Court, Kachchh at Anjar.

IV

Their Lordship are further pleased, in exercise of the powers conferred by Sub-Section (3) of Section 9 of the Code of Criminal Procedure, 1973 (II of 1974), to appoint Mr. S. A. Sheikh, on return from leave, as Additional Sessions Judge, for the Sessions Division of Kachchh.

Date : September 23, 2009.

No. A. 1204/2009

I

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant Mr. H. J. Joshi, Presiding Officer, Fast track Court, Surendranagar, Half Pay Leave, for a period of 07 days, from 19/09/2009 and 25/09/2009 (both days inclusive), with permission to suffix 26/09/2009, 27/09/2009 and 28/09/2009 being closed Saturday, Sunday and Public Holiday, respectively.

INDEX

II

No locum tenens being necessary, charge of the post of Presiding Officer, Fast track Court, Surendranagar, during the period of absence of Mr. H. J. Joshi, on leave, ordered to remain with Mr. R. D. Kothari, Prrincipal District Judge, Surendranagar, in addition to his own duties.

III

On return from leave, Mr. H. J. Joshi, is reposted as Presiding Officer, Fast track Court, Surendranagar.

IV

Their Lordships are further pleased, in exercise of the powers conferred by Sub-Section (3) of Section 9 of the Code of Criminal Procedure, 1973 (II of 1974), to appoint Mr. H. J. Joshi, on return from leave, as Additional Sessions Judge, for the Sessions Divisions of Surendranagar.

Date : September 23, 2009.

No. A. 3502/2009

I

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant Mr. M. B. Bundeliya, Metropolitan Magistrate, Ahmedabad, Earned Leave, for a period of 04 days, from 22/09/2009 to 25/09/2009 (both days inclusive), with permission to prefix 20/09/2009 and 21/09/2009, being Sunday and Public holiday, respectively, and to suffix 26/09/2009, 27/09/2009 and 28/09/2009, being closed Saturday, Sunday and Public Holiday, respectively.

II

No locum tenens being necessary, charge of the post of Metropolitan Magistrate, Ahmedabad, during the period of absence of Mr. M. B. Bundeliya, on leave, ordered to remain with Mr. P. A. Vaghela, Metropolitan Magistrate, Ahmedabad, in addition to his own duties.

III

On return from leave, Mr. M. B. Bundeliya, is reposted as Metropolitan Magistrate, Ahmedabad.

Date : September 23, 2009.

No. A. 3102/2009

I

The Honourable the Chief Justice and Judges of the High Court of Gujarat, are pleased to grant Mrs. S. P. Joshi, Judge Small Cause Court, Ahmedabad, ex-post-facto Earned Leave, for a period of 09 days, from 08/09/2009 to 16/09/2009 (both days inclusive).

II

No locum tenens being necessary, charge of the post of Judge Small Cause Court, Ahmedabad, during the period of absence of Mrs. S. P. Joshi, on leave remained with Mr. R. D. Patel, Judge Small Cause Court, Ahmedabad, in addition to his own duties.

III

On return from leave, Mrs. S. P. Joshi, is restrospectively reposted as Judge Small Cause Court, Ahmedabad.

Date : September 23, 2009.

No. A. 1329/2009

The Honourable the Chief Justice of the High Court of Gujarat, is pleased to grant permission to Mr. M. J. Thakkar, Registrar (Inspection), High Court of Gujarat, Ahmedabad, to surrender Earned Leave for a period of 30 days, from 01/09/2009 to 30/09/2009, for the purpose of encashment for the block of two years commencing from 01/11/2007 to 31/10/2009, as provided under Government Resolution, Legal Department, No. PAY/102003/1233/D. dated 16/03/2007.

Date : 29 September, 2009.

P. P. BHATT,
Registrar General.

DIRECTOR OF AGRICULTURE MARKETING & RURAL FINANCE, GUJARAT STATE, GANDHINAGAR.

Notification

The Gujarat Agricultural Produce Market, Act-1963.

No. E / KHS / 2009 / 67 / BNN /01 /TH / S.4 / 2320 /2009.— Whreeas the Notification No. E/KHS/2002/77/BNN/01/Th/S-4/2311, Dated 12/08/2002 issued by the Director of Agriculture Marketing & Rural Finance, Gujarat State, Gandhinagar, the purchase and sale of commodities mentioned in the above notification (here in after referred to as the said "commodities") Were regulated for the purpose of the Gujarat Agricultural produce Market Act-1963 (Gujarat Act No. 20 of 1964) (Herein after referred to as the "said act") in the market area of the Agricultural produce Market Committee, Valia, Ta. Valia, Dist. : Bharuch, (herein after referred to as the "said market area").

And Whereas it is now proposed to regulate the purchase and sale of

1. **Pulses** :- Mung, Math.
2. **Fruits** :- Papaya.
3. **Vagetables** :- Potato, Onion, Tomato, Suran, Leafy and fresh vegetables, Yam, Sweet Potatoes, Kochara.
4. **Condiments, spices and others** :- Turmeric, Ginger, Garlic, Corriander, Chillies in addition to the said commodotities in the said market area.

Now, therefore, in exercise of powers conferred by Sub section 1 of Section 5 of the said act, the Director of Agricultural Marketing and Rural finance, Gujarat State, Gandhinagar is pleased to declare his intention to regulate the purchase and sale of

1. **Pulses** :- Mung, Math.
2. **Fruits** :- Papaya.
3. **Vagetables** :- Potato, Onion, Tomato, Suran, Leafy and fresh vegetables, Yam, Sweet Potatoes, Kochara.
4. **Condiments, spices and others** :- Turmeric, Ginger, Garlic, Corriander, Chillies in the said market area.

And objection or suggestions which may be received by the Director of Agricultural Marketing and Rural Finance, Gujarat State, Gandhinagar within the period of the one month from the date publication of this notification in the official gazette and or on the Newspaper, will be considered.

Place : Gandhinagar.

Date : 24/09/2009.

KAUSHIK J. JOSHI,
Director of Agricultural Marketing & Rural
Finance, Gujarat State, Gandhinagar.

INDEX

નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

જાહેરનામું

ધી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ-૧૯૬૩.

ક્રમાંક : ઈ/ખસ/૨૦૦૯/૬૭/બનણ/૦૧/થ/સ-૪/૨૩૨૦/૨૦૦૯.– જ્યારે નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૧૨/૦૮/૨૦૦૨ના જાહેરનામા ક્રમાંક : ઈ/ખસ/૨૦૦૨/૭૭/બનણ/૦૧/થ/સ-૪/૨૩૧૧ થી ધી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ-૧૯૬૩ (ગુજરાત અધિનિયમ નં. ૨૦, સને ૧૯૬૪) (જેનો હવે પછી સદરહુ અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) ના હેતુ સારૂ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વાલીયા, તા. વાલીયા, જિ. : ભરૂચ ના બજાર વિસ્તાર (કે જેનો હવે પછી સદરહુ બજાર વિસ્તાર તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) ઉક્ત જાહેરનામામાં દર્શાવેલ જણસીઓ (જેનો હવે પછી સદરહુ જણસીઓ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) ના ખરીદ વેચાણ માટે નિયમન કરવામાં આવેલ હતું.

અને હવે સદરહું જણસીઓ ઉપરાંત,

૧. **કઠોળ** :- મગ, મઠ.

૨. **ફળો** :- પપૈયા.

૩. **શાકભાજી** :- બટાટા, ડુંગળી, ટાંમેટા, સુરણ, ભાજી અને તાજાં શાક, રતાળુ, સક્કરિયાં, કોચરાં.

૪. **મસાલા, તેજાના અને બીજું ઉત્પન્ન** :- હળદર, આદુ, લસણ, ધાણા, મરચાંના ખરીદ અને વેચાણનું નિયમન કરવાનું વિચારેલ છે.

અને તેથી સદરહુ અધિનિયમની કલમ-૫ની પેટા કલમ-૧ અન્વયે મળેલ સત્તાની રૂઇએ, નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, સદરહુ બજાર વિસ્તારમાં સદરહુ જણસીઓ ઉપરાંત,

૧. **કઠોળ** :- મગ, મઠ.

૨. **ફળો** :- પપૈયા.

૩. **શાકભાજી** :- બટાટા, ડુંગળી, ટાંમેટા, સુરણ, ભાજી અને તાજાં શાક, રતાળુ, સક્કરિયાં, કોચરાં.

૪. **મસાલા, તેજાના અને બીજું ઉત્પન્ન** :- હળદર, આદુ, લસણ, ધાણા, મરચાંના ખરીદ અને વેચાણનું નિયમન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

આ જાહેરનામું દૈનિકપત્રમાં અથવા ગુજરાત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ થાય તે તારીખથી એક માસમાં નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને વાંધા અને અથવા સુચનો મળશે તો તેના પર વિચારણા કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર.
તારીખ : ૨૪/૦૯/૨૦૦૯.

કૌશિક જે. જોષી,
નિયામક,
ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

INDEX

રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય,

જુના સચિવાલય, ગાંધીનગર, ૧૪મી નવેમ્બર, ૨૦૦૯.

વંચાણે લીધા :–

૧. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૭ તથા ૧૧૫ (એ) (૧) ની જોગવાઈઓ.

૨. રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા મુંબઈના તા. ૨૫/૦૮/૨૦૦૯ ના પત્ર ક્રમાંક-યુબીડી/બીપીડી/૨૦૯૪/૦૯-૧૬-૯૦૧/૨૦૦૯-૧૦ થી આપવામાં આવેલ ના-વાંધા પ્રમાણપત્ર.

૩. પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત ના તા. ૧૪/૦૩/૨૦૦૯ ના પત્રથી રજુ થયેલ મર્જર અંગેની દરખાસ્ત.

૪. ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ. સાણંદ નો કટ ઓફ ડેટની જાણ કરતો તા. ૧/૦૯/૨૦૦૯ નો પત્ર.

પ્રસ્તાવના :–

ક્રમાંક : જા.નં. નસબ/૨૧/ઝ-૩/૨૪૦૧/૨૦૦૯.– ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ. સાણંદ એ, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ નાગરીક સહકારી બેંક છે. જેનો નોંધણી નંબર-૧૯૬૨૦ તા. ૨૫/૦૯/૧૯૫૭ છે ડીપોઝીટ ઇન્સ્યોરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન એક્ટની કલમ-૧૩ પ્રમાણે તે ''વીમારક્ષિત બેંક'' નો દરજ્જો ધરાવે છે. પ્રાઈમ કો-ઓપ બેંક લિ. સુરત પણ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ કો-ઓપ બેંક છે. રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના તા. ૦૨/૦૨/૨૦૦૫ ના પરિપત્રથી મજબૂત અને સધ્ધર નાગરીક સહકારી બેંકો બીજી નાની અથવા નબળી નાગરીક સહકારી બેંકોને પોતાનામાં સમાવી શકે તે માટેની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જેને ધ્યાને રાખી પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત દ્વારા ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ. સાણંદને તેમની બેંક સાથે મર્જ કરવા માટેની દરખાસ્ત તૈયાર કરી અત્રે મોકલી અપાયેલ છે. ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ. સાણંદ ના સભાસદોએ મર્જરની પ્રક્રિયા સંદર્ભે તા. ૧૨/૦૩/૨૦૦૯ ની ખાસ સાધારણ સભામાં હાજર રહી, પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત સાથે મર્જ થવાની દરખાસ્ત મંજુર રાખતો ઠરાવ નં.-૧ સર્વાનુમતે પસાર કરેલ છે.

પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરતની તા. ૨૬/૦૬/૨૦૦૩ ની ખાસ સાધારણ સભામાં કોઈપણ નાગરિક સહકારી બેંકને તેમની બેંક સાથે મર્જ કરવા માટે મંજુરી આપતો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે.

ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ. સાણંદ દ્વારા તારીખ ૩૦/૦૭/૨૦૦૯ ના રોજ ''દિવ્યભાસ્કર'' દૈનિક પેપરમાં તથા પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત દ્વારા તા. ૩૦/૦૭/૨૦૦૯ ના રોજ ''સંદેશ''. દૈનિક પેપરમાં જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી બેંકના સુચિત મર્જરને કારણે પોતાના થાપણદારો, લેણદારો અને સભાસદો કે અન્ય હિત ધરાવનારાઓને તેમના નાણાંની રકમ પરત જોઈતી હોય તો દિન-૩૦ માં તે અંગે રજૂઆત કરવા જણાવેલ છે. ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ. સાણંદની તા. ૩૧/૦૮/૨૦૦૯ ની બોર્ડ ઓફ ડીરેક્ટર્સ ની મીટીંગના ઠરાવ નં.-૨ થી તથા પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત ની તા. ૩૧/૦૮/૨૦૦૯ ની બોર્ડ ઓફ ડીરેક્ટર્સ ની મીટીંગના ઠરાવ થી જણાવ્યા પ્રમાણે ઉક્ત મર્યાદામાં બેંકને કોઇ રજુઆતો મળેલ નથી.

આમુખ ૨ માં વંચાણે લીધેલ રીઝર્વબેંક ઓફ ઈન્ડિયાના તા. ૨૫-૮-૦૯ ના પત્ર થી ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ સાણંદ ને પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત સાથે મર્જ કરવા અંગે પૂર્વ મંજુરી/ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

ઉક્ત હકીકતો ધ્યાને લેતાં જણાય છે કે સહકારી કાયદાની કલમ-૧૭(૧) અન્વયે ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ સાણંદ ધ્વારા પોતાની ખાસ સાધારણ સભામાં પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત સાથે મર્જ થવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવેલ છે, અને કલમ-૧૭(૨) (૧) અન્વયે ની કાર્યવાહી પૂર્ણ કરી તેના બોર્ડ ધ્વારા મર્જર બાબતે બેંકના સભ્યો, લેણદારો અને અન્ય હિત ધરાવનારાઓ દ્વારા મળેલ રજુઆતો નો નિકાલ કરેલ હોવાનું જણાવેલ છે. તે જોતાં ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ સાણંદ ની તા.૧૨-૩-૦૯ ની ખાસ સાધારણ સભામાં સર્વાનુમતે પસાર થયેલ ઠરાવ નં-૧ ને મંજુર રાખવાનું યોગ્ય જણાય છે.

ઉકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

હુકમ :–

આથી હું, ડી.જી.ઝાલાવાડિયા (આઇ.એ.એસ.) રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે મને મળેલ સત્તાની રુઈએ સહકારી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૫(એ)(૧)

INDEX

તથા કલમ-૧૭ ની શરતો પૂર્ણ થતા ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ સાણંદ ને પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત માં મર્જ કરવા અંગેના ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ સાણંદ ની તા.૧૨-૩-૦૯ ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં-૧ ને નીચેની શરતોને આધીન રહીને મંજુર રાખું છું, અને બન્ને બેંકો ના મર્જરનો હુકમ કરું છું.

૧. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના તા.૨-૨-૦૫ ના પરિપત્રથી મર્જર બાબતે થયેલ સુચનાઓ તથા જોગવાઈઓ અને રિઝર્વબેંક ધ્વારા તા.૨૫-૮-૦૯ ના પત્રથી અપાયેલ સુચનાઓ ઉપરાંત રિઝર્વબેંક ધ્વારા સમયાંતરે પરિપત્રિત કરાયેલ સુચનાઓને પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત એ સંનિષ્ઠતાથી ચુસ્તપણે અનુસરવાની રહેશે અને પાલન કરવાનું રહેશે.

૨. ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ સાણંદ ના કર્મચારીઓ/હોદ્દેદારો કે અન્યો સામેના પડતર દીવાની-ફોજદારી કેસોમાં જરુરી કાર્યવાહી કોઈપણ જાતના વિલંબ વિના હાથ ધરવાની રહેશે તથા ભવિષ્યમાં કોઈ અનિયમિતતા જણાય તો તે અંગેની કાર્યવાહી પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત એ હાથ ધરવાની રહેશે.

૩. ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ સાણંદ ના હોદ્દેદારો/અધિકારીઓ/કર્મચારીઓ કે સંબંધ કર્તા જે કોઈ હોય તેઓની સામે જે કોઈ કાનુની કાર્યવાહી ચાલુ હશે અથવા શરુ થશે તે કાનુની કાર્યવાહી ચાલુ રહેશે અને તે અંતર્ગત કોઈ જવાબદારીઓ નક્કી કરવાની થાય તો તે તેઓ ને બંધનકર્તા રહેશે.

૪. મર્જરની ઈફેકટીવ ''કટ ઓફ ડેટ'' તા.૨૨-૯-૦૯ રહેશે.

૫. તા.૨૧-૯-૦૯ ના બંધ થતાં હિસાબોનું ''ડયુ ડિલીજન્સ'' તૈયાર કરાવવાનું રહેશે.

૬. પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત ધ્વારા બોર્ડ ઓફ ડીરેકટર્સ મંજુર કરેલ ''ડયુ ડિલીજન્સ'' દિન-૧૦ માં અત્રેની કચેરીમાં રજુ કરવાનું રહેશે.

૭. ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ સાણંદ ની નોંધણી રદ થતો ઓર્ડર ઈસ્યુ થયેથી મર્જ થયેલ બેંક પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત ના નામે ઓળખાશે અને ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ સાણંદની મર્જર પહેલાની જવાબદારીઓ અને મિલકતો પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત માં નિહિત થશે.

૮. ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ સાણંદ ની વૈધાનિક જવાબદારીઓ જેવી કે, શિક્ષણફંડ, શાખ સમકારી ફંડ વિગેરે જેવી અન્ય રકમો બાકી હોય તો તે તથા સક્ષમ સત્તાવિશ/કોર્ટ ધ્વારા હુકમનામા થયા હોય તો તે પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત એ ભરપાઈ કરી દેવાના રહેશે.

ડી. જી. ઝાલાવાડિયા,
રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તા.૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૯.

રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય,

જુના સચિવાલય, ગાંધીનગર, ૧૪મી નવેમ્બર, ૨૦૦૯.

વંચાણે લીધા :–

૧. આ કચેરીનો તા. ૧૪/૦૯/૨૦૦૯નો હુકમ ક્રમાંક : નસબ/૨૧/ઝ-૩/૨૪૦૧/૦૯.

૨. રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા મુંબઇના તા. ૨૫/૦૮/૨૦૦૯ ના પત્ર ક્રમાંક-યુબીડી/બીપીડી/૨૦૯૪/૦૯-૧૬-૯૦૧/૨૦૦૯-૧૦ થી આપવામાં આવેલ ના-વાંધા પ્રમાણપત્ર.

૩. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦(૧).

પ્રસ્તાવના :–

ક્રમાંક : જા.નં. નસબ/૨૧/ઝ-૩/૨૪૦૨/૨૦૦૯.– આ કચેરીના ક્રમાંક ૧ ઉપર વંચાણે લીધેલ તા. ૧૪/૦૯/૦૯ના હુકમથી ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ. સાણંદને પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત સાથે મર્જ કરવા અંગેના ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ. સાણંદની તા. ૧૨/૩/૦૯ ના રોજની ખાસ સાધારણ સભાના ઠરાવ નં.-૧ ને મંજૂરી આપતાં હવે ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ. સાણંદની નોંધણી રદ કરવાની રહે છે. જે માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ :–

આથી હું ડી. જી. ઝાલાવાડિયા (આઈ.એ.એસ.) રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે મને મળેલ સત્તાની રુઈએ ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ. સાણંદ, પ્રાઈમ કો-ઓપ બેંક લી. સુરત સાથે મર્જ થતાં, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦(૧) અને કલમ-૧૧૫(એ) ની શરતો પૂર્ણ થતાં ધી સાણંદ અર્બન કો-ઓપ બેંક લિ. સાણંદ નોંધણી નંબર-૧૯૬૨૦ તા. ૨૫-૦૯-૧૯૫૭ ની નોંધણી આથી રદ કરું છું. અને સદર બેંકને ઉક્ત કાયદાની કલમ-૨૦(૩) અન્વયે સહકારી બેંક તરીકે વિસર્જીત થયેલ અને સંસ્થાપિત થયેલ સહકારી બેંક તરીકે તારીખ ૨૧-૯-૨૦૦૯ની અસરથી અસ્તિત્વમાં ન હોવાનું જાહેર કરું છું.

ડી. જી. ઝાલાવાડિયા,
રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તા.૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૯.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, દાહોદ

ક્રમાંક : નધણ/દઅમ/ગ-૧/સં.દુ./D.H.D./૩૬૮૫૭/૨૦૦૯.– જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દાહોદ આથી જાહેર કરે છે કે ધી ડાંગરીયા (મહિલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સ્થળ : ડાંગરીયા, તાલુકો : દેવગઢ બારીયા, જિલ્લો : દાહોદ સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સહી (અવાચ્ય),
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, દાહોદ.

તા.૯મી સપ્ટેમ્બર, ૨૦૦૯.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. L] THURSDAY, OCTOBER 15, 2009/ASVINA 23, 1931 [No. 42

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

CENTRAL SECTION

CONTENTS

		Page
Part I	Government Notification, Appointments, Promotions, Leave of Absence, Rules and Orders (other than those Published in parts I-A, IV-A, IV-B and IV-C), List of Publication for sale, etc.	770-777
	Miscellaneous Notifications, Appointments, etc.	778-782
Part I-A	Orders and Notifications (other than those Published in part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Bourough, District Municipal Primary Education and Local Fund Audit Acts.	14
Part I-B	Government Notifications Published under Land Acquitions Act only.	92-96
Part II	Supplementary Tender Noties issued by the Industries Commissioner (C.S.P.O.), Director of Health & Medical Service (Medical), Gujarat State, Director of Technical Education, the Chief Conservator of Forests, Vadodara and Director of Manpower, Employment and training, Ahmedabad, etc. (For Subscribers only).	Nil
Part IV	Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor.	Nil
Part IV-A	Rules and orders (other than those Published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Central Acts.	Nil
Part IV-B	Rules and orders (other than those Published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.	131-133
Part IV-C	Statutory Rules, Orders (other than those Published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner or Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.	Nil
Part V	Bills Introduced in the Gujarat Legislative Assembly.	Nil
Part VI	Acts of Parliament and Ordinance promulgated by the President.	Nil
Part IX	Gujarati translation of Bills, Acts and Notification other than those published in other Parts.	210-218

INDEX

PART I

CIVIL APPOINTMENTS

Head of Departments and all other Officers concerned are Informed that Notification in the GAZETTE are to be accepted as disposing of all references, leave, transfers, appointments; power and other personal questions affecting Gazetted Officers as to which orders are gazetted by Government in this part of the Gazette and that any subsidiary orders as to relief of their subordinate and the like, which such notifications, necessitate, must be issued by them as on receipt of GAZETTE as on other orders will be issued by Government.

નાણા વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓક્ટોબર, ૨૦૦૯.

ક્રમાંક : તસમ-૧૮૨૦૦૫-૨૯૫૭-ઘ .- જાહેરાત ક્રમાંક : ૧૭૪/૨૦૦૬ અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી નિમણૂંક અર્થે ભલામણ કરવામાં આવેલ નીચેના ઉમેદવારોને તેમના નામ સામે કોલમ-૩માં જણાવેલ વિગતે, ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૧ (જુની. ડ્યુટી) ની રૂા. ૧૫,૬૦૦-૩૯,૧૦૦, ગ્રેડ પે રૂા. ૫૪૦૦/- ના પગારધોરણની હિસાબી અધિકારી વર્ગ-૧ (જુની.ડ્યુટી)ની જગ્યા ઉપર તેઓ હાજર થાય તે તારીખથી પ્રથમ બે વર્ષના સમય માટે, આ અધિસૂચનામાં દર્શાવેલ જોગવાઈઓ અને શરતોને આધીન રહીને, અજમાયશી ધોરણે નિમણૂંક આપવામાં આવે છે.

ક્રમ	ઉમેદવારનું નામ, હાલની જગ્યા	જાહેરાત ક્રમાંક : ૧૭૪/૨૦૦૬અંગેની પરીક્ષાના પરિણામમાં આયોગે ફાળવેલ મેરીટ ક્રમાંક	સીધી ભરતીથી નિમણૂંકની જગ્યા
૧.	શ્રી જોષી હરેશકુમાર મહાશંકર, તાલીમ અધિકારી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.	૧	સહાયક નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર (મુખ્ય મથક)
૨.	શ્રી બ્રહ્મભટ્ટ ધર્મેશ નરહરિભાઈ, હિસાબી અધિકારી, ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર	૨	હિસાબી અધિકારી (ITO), હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
૩.	શ્રી સગપરિયા શૈલેષકુમાર દુર્લભભાઈ, હિસાબી અધિકારી, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, રાજકોટ.	૩	હિસાબી અધિકારી, વર્ગ-૧, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, રાજકોટ, (તા. ૮-૪-૨૦૦૯ના સા.વ.વિ.ના ઠરાવથી અપગ્રેડ થયેલ જગ્યા પર)
૪.	શ્રી રાવલ શશિન અરવિંદકુમાર, હિસાબી અધિકારી, ગુજરાત ઈન્ફર્મેટિક લિમિટેડ, ગાંધીનગર.	૪	સહાયક નિરીક્ષક, જિલ્લા સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
૫.	શ્રી ગવાન્ડે સંજય સદાશિવરાવ, હિસાબી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગાંધીનગર	૫	હિસાબી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગાંધીનગર
૬.	શ્રી પટેલ જયેશ ગૌતમભાઈ, પ્રોગ્રામર, રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા શાખા, અમદાવાદ	૬	હિસાબી અધિકારી, રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગાંધીનગર.

INDEX

ક્રમ	ઉમેદવારનું નામ, હાલની જગ્યા	જાહેરાત ક્રમાંક : ૧૭૪/૨૦૦૬અંગેની પરીક્ષાના પરિણામમાં આયોગે ફાળવેલ મેરીટ ક્રમાંક	સીધી ભરતીથી નિમણૂંકની જગ્યા
૭.	શ્રી દવે ભરતકુમાર જશવંતરાય, હિસાબી અધિકારી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર	૭	હિસાબી અધિકારી, પેટ્રોલિયમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
૮.	શ્રી ખૂંટી રામદેવભાઇ સુલાભાઇ, અધિક તિજોરી અધિકારી, પોરબંદર	૮	હિસાબી અધિકારી, જિલ્લા પંચાયત, ભુજ.
૯.	શ્રીમતી મહેતા પન્નાબેન નરોત્તમદાસ, હિસાબી અધિકારી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિ., ગાંધીનગર	૯	હિસાબી અધિકારી (ન્યુ પેન્શન યોજના), નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
૧૦.	શ્રી પંચોલી શિરીષકુમાર જશવંતલાલ, હિસાબી અધિકારી, કાઉન્સીલ ઓફ સાયન્સ સીટી, અમદાવાદ.	૧૦	હિસાબી અધિકારી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ (ખાલી જગ્યા પર)
૧૧.	શ્રીમતી નંદાણી જ્યોત્સના નરેન્દ્રકુમાર, હિસાબી અધિકારી, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, ગાંધીનગર	૧૧	હિસાબી અધિકારી, નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
૧૨.	શ્રીમતી ગામીત ગીતાબેન સુરેશભાઇ, અધિક તિજોરી અધિકારી, સુરત.	૧૨	સહાયક નિરક્ષક, જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી, વડોદરા.
૧૩.	શ્રી ગામીત બાબુભાઇ વાડ્યાભાઇ, અધિક તિજોરી અધિકારી, કપરાડા, વલસાડ	૧૩	સહાયક નિરીક્ષક, જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી, નર્મદા, રાજપીપળા
૧૪.	શ્રી પ્રજાપતિ વિજય કાનજીભાઇ, હિસાબી અધિકારી, રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર.	૧૪	જિલ્લા તિજોરી અધિકારી, જિલ્લા તિજોરી કચેરી, પાલનપુર.
૧૫.	શ્રી ખરાચલિયા પ્રિયકાંત બાબુલાલ, મદદનીશ સહાયક નિરીક્ષક, જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી, જુનાગઢ	૧૫	સહાયક નિરીક્ષક, જિલ્લા સહાય નિરીક્ષકની કચેરી, જામનગર.
૧૬.	શ્રી ગોહિલ નિલેશકુમાર જીણાલાલ, મદદનીશ સહાયક નિરીક્ષક, જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી, અમરેલી.	૧૬	હિસાબી અધિકારી, જિલ્લા પંચાયત, જામનગર.

નિમણૂંકની શરતો :-

(૧) આ ઉમેદવારોની નિમણૂંકો સીધી ભરતીની ગણાશે.

(૨) આ નિમણૂંકો હિસાબી અધિકારી, વર્ગ-૧ (જુની. ડ્યુટી) સંવર્ગમાં ગણાશે. પરંતુ હાલ અજમાયશી અને તદ્દન હંગામી ધોરણે નિમણૂંક આપવામાં આવે છે.

INDEX

(૩) આ હુકમો મળ્યેથી નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કચેરીમાં રિપોર્ટ આપ્યા બાદ તેમને ફાળવેલ સંબંધિત કચેરીમાં હાજર થવાનું રહેશે. હાજર થવા અંગે કોઇ મુસાફરી ખર્ચ મળવાપાત્ર નથી. આ યાદી મળ્યા તારીખથી મોડામાં મોડા ૩૦ દિવસ સુધીમાં જરૂરી અસલ પ્રમાણપત્રો સાથે નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કચેરી મારફતે હાજર થવાનું રહેશે.

(૪) નિયામકશ્રીએ ઉમેદવારોને હાજર કરતાં પહેલા સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૩-૧૨-૮૬ના પરિપત્ર ક્રમાંક : સીડીઆર-૧૧૮૬-યુઓ-૨૨૪૪-ગ.૨ માં જણાવ્યા મુજબના સોગંદ લેવડાવવાના રહેશે. તે મુજબ સોગંદ લીધા સિવાય કોઇને નોકરીમાં હાજર થવા દેવા નહિ.

(૫) હાજર થતા પહેલાં, ઉમેદવારોએ આ સાથે સામેલ નમૂના મુજબ, બાંહેધરી આપવાની રહેશે. નિયામકશ્રીને આથી ખાસ સુચના આપવામાં આવે છે કે, ઉમેદવારો પાસેથી સામેલ પત્રક મુજબની સ્પષ્ટ બાંહેધરી બે નકલમાં મળ્યા બાદ જ તેઓને હાજર થવા દેવા.

(૬) આ ઉમેદવારોએ નિમણૂંક ઉપર જોડાતી વખતે શૈક્ષણિક લાયકાત, ઉંમર, નાગરિકત્વ તેમજ જાતિ અંગેના અસલ પ્રમાણપત્રો નિયામકશ્રી સમક્ષ રજુ કરવાના રહેશે અને નિયામકશ્રીએ પ્રમાણપત્રો ખરાઇ કર્યા બાદ જ ઉમેદવારોને હાજર થવા દેવાના રહેશે.

(૭) આ ઉમેદવારોએ નિમણૂંકવાળી જગ્યાએ હાજર થતા પહેલાં આ અગાઉ સરકારી/અર્ધ સરકારી સેવા બજાવી હોય તો, અગાઉની સરકારી કે અર્ધ સરકારી નોકરી છોડીને, તે સેવામાંથી ફરજમુક્ત (Relieve) કરવામાં આવ્યા છે તે મતલબનો હુકમ (Relieved order) રજુ કરવાનો રહેશે.

(૮) આ ઉમેદવારોએ આ હુકમ મળ્યાની તારીખથી ૧ માસની અંદર તેમને ફાળવેલ કચેરીમાં હાજર થવાનું રહેશે. હાજર થવા માટેની સમયમર્યાદા વધારી આપવામાં આવશે નહિ અને હાજર થવામાં નિષ્ફળ નીવડે તેવા ઉમેદવાર હિસાબી અધિકારી, વર્ગ-૧ (જુની. ડ્યુટી) ની નિમણૂંક મેળવવા ઇચ્છતા નથી તેવું સ્પષ્ટપણે માની લઇ તેઓની નિમણૂંક રદ ગણવામાં આવશે, સિવાય કે તેઓના કાબુ બહારના હોય તેવા અસાધારણ સંજોગો/કારણો અંગે સરકારશ્રીને ખાતરી થતાં નિયત તારીખ પછીની તારીખે હાજર થવાની પરવાનગી આપવામાં આવે. મુદત વધારવામાં આવેલ કિસ્સામાં તેમનો અગ્રતાક્રમ કાયમ રાખવો કે કેમ તે પ્રત્યેક કિસ્સામાં ગુણવત્તાના ધોરણે નક્કી કરવામાં આવશે.

(૯) ઉમેદવારોને અજમાયશી સમય દરમ્યાન તેઓને ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ની જોગવાઇઓ મુજબ હિસાબી અધિકારી, વર્ગ-૧ (જુની. ડ્યુટી) ના પગાર ધોરણ રૂા. ૧૫,૬૦૦-૩૯,૧૦૦માં સંલગ્ન ગ્રેડ પે રૂા. ૫૪૦૦/-માં લઘુત્તમ તબક્કે મળવાપાત્ર અને નિયમોનુસાર અન્ય ભથ્થા મળવાપાત્ર થશે. અજમાયશી સમય દરમ્યાન કોઇ ઇજાફો મળવાપાત્ર થશે નહિ. અજમાયશી સમય સંતોષકારક રીતે પુરો કર્યેથી તેમને હિસાબી અધિકારી, વર્ગ-૧ની (જુની. ડ્યુટી) તરીકે નિયમિત ધોરણે નિમણૂંક આપતા હુકમો કરવામાં આવશે. આવા હુકમો થયા બાદ જ સામાન્ય દરે ઇજાફો આપવામાં આવશે.

(૧૦) અજમાયશી સમય દરમ્યાનની સેવા સંતોષકારક નહીં જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઇપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે. આમ અજમાયશી સમયની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ ગણાશે. જરૂર જણાયે અલગ હુકમો ધ્વારા અજમાયશી સમયની મુદત વધારવામાં આવશે.

(૧૧) ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારોનો પગાર, રજા અને પેન્શન ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ અને તે સંદર્ભમાં થતા વખતોવખતના સુધારાઓ/હુકમોની જોગવાઇઓ મુજબ નિયત થશે.

(૧૨) નોકરીની અન્ય શરતો દા.ત. શિસ્ત, વર્તણુંક, પગારભથ્થાં, પેશગીઓ વગેરે સરકારે વખતોવખત નક્કી કરેલા નિયમોથી વિનિયમિત થશે.

(૧૩) તેઓએ વખતો વખત અમલમાં હોય તેવા નિયમો હેઠળ નક્કી થયેલી ખાતાકીય પરીક્ષા તેમજ હિન્દીની પરીક્ષા પાસ કરવાની રહેશે. જો કોઇ ઉમેદવારની માતૃભાષા ગુજરાતી ન હોય તો તેઓએ ગુજરાતી ભાષાની નક્કી કરેલી પરીક્ષા પણ પસાર કરવાની રહેશે.

INDEX

(૧૪) નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓએ આ અજમાયશી અધિકારીઓની અજમાયશી અધિકારી તરીકેની સામાન્ય કામગીરીના અહેવાલ પ્રતિવર્ષ સરકારશ્રીને મોકલવાના રહેશે. આ અહેવાલમાં અજમાયશી હિસાબી અધિકારી, વર્ગ-૧ (જુની. ડ્યુટી) ની સર્વ સામાન્ય કામગીરી અંગે ઉપસેલી છાપ (Impression) ચારિત્ય, પહેલવૃત્તિ અને નીચે દર્શાવેલ બાબતોને લગતાં નિર્દેશનો સમાવેશ થતો હોવો જોઇએ.

(ક) અહેવાલના સમય દરમ્યાન અજમાયશી અધિકારીઓએ બજાવેલી વિવિધ ફરજો.

(ખ) અજમાયશી મુદત દરમ્યાન અજમાયશી અધિકારીએ ઉત્તીર્ણ કરવાની થતી પરીક્ષાઓ, કસોટીઓ, તાલીમ વિગેરેની વિગતો.

(ગ) ઉપર (ખ)માં નિર્દિષ્ટ બાબતો અંગે અજમાયશી અધિકારીએ કરેલ દેખાવ.

(ઘ) અજમાયશી સમય લંબાવવા અથવા સેવા સમાપ્ત (Terminate) કરવાની તેના કારણો સહિતની વિગતો.

(૧૫) ઉમેદવારોને તેઓના અજમાયશી સમય દરમ્યાન તેમની કામગીરીના મુલ્યાંકનના આધારે લાંબાગાળાની નિમણૂંક આપવામાં આવશે.

(૧૬) ઉમેદવારોએ હાજર થવાના સમયે નાણા વિભાગની અધિસુચના ક્રમાંક : જીએન-૪૪૫-ટીએસએમ-૨૦૬૭-૧૩૭૨-I-ધ, તા. ૨૫-૧૦-૬૭ હેઠળ નક્કી થયા મુજબનું કરારનામું રજુ કરવાનું રહેશે. જે કરાર પ્રમાણે (ક) ઠરાવેલો તાલીમ અભ્યાસક્રમ પુરો કરી ન શકે અથવા (ખ) સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય તે રીતે અજમાયશી નિયમોની જોગવાઇ પૈકી કોઇ જોગવાઇ પુરી કરી ન શકે અથવા(ઘ) અજમાયશી મુદત સહિત મુળ નિમણૂંકની તારીખથી ૩ વર્ષની મુદત થયા પહેલાં સેવા છોડી દે તો સરકારે એમને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકે એમની નિમણૂંકને પરિણામે એમની તાલીમની મુદત દરમ્યાન સરકારે ચુકવેલ પગાર અને ભથ્થાં પરત કરવા તેઓ અને તેમના જામીનો સંયુક્તપણે અને અલગ રીતે બંધાયેલા રહેશે. પરત કરવામાં નહિ આવેલ રકમ જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરી શકાશે.

(૧૭) ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૧ (જુની. ડ્યુટી)ની સેવામાંની નોકરી બદલીપાત્ર છે અને સરકારને જરૂર જણાય તો તે પ્રમાણે અધિકારીની રાજ્યમાં કોઈપણ સ્થળે બદલી કરી શકાશે.

(૧૮) સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૦-૬-૮૯ના પરિપત્ર ક્રમાંક : પીઆરઓ-૧૦૮૬-૫૦૬૪-ગ(૨) નાં સુચના મુજબ, આ ઉમેદવારો અજમાયશી જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી અજમાયશી સમયગાળા દરમ્યાનની તેમની કામગીરીના વાર્ષિક મુલ્યાંકન અહેવાલો નિયામકશ્રીએ ઉક્ત પરિપત્રથી નિયત થયેલા નમૂનામાં સરકારને મોકલવા.

(૧૯) ઉપર જણાવેલી નિમણૂંકો દિવાની દાવા ક્રમાંક : ૩૩૯૮/૭૭માં કરવામાં આવેલી ફર્સ્ટ અપીલ ક્રમાંક : ૧૦૨૨/૧૯૮૦ અને સી.એ. ક્રમાંક : ૨૫૪૨/૧૯૮૦માં (શ્રી ડી. એન. ગણાત્રા અને અન્ય વિરૂધ્ધ ગુજરાત સરકાર). નામદાર ગુજરાત હાઇકોર્ટના કેસમાં આવનાર ચુકાદાને આધીન રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રફુલ્લ મહેતા,
સરકારના ઉપસચિવ.

શ્રમ અને રોજગાર વિભાગ

અધિસુચના

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : કેએચઆર-૨૦૦૯-૧૫૮-રજગ-૧૧૨૦૦૯-૫૩૦૭૪૬-૨(૧)-૫૬૦૮૫૫ .- નિયામકશ્રી રોજગાર અને તાલીમ, ગાંધીનગરના વહીવટી સંચાલન હેઠળ આવેલ મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ ખાતે મદદનીશ નિયામક

INDEX

(રોજગાર), વર્ગ-૧ તરીકે ફરજ બજાવતા શ્રી બી. આર. ચૌધરી, તા. ૩૦-૦૯-૨૦૦૯ના રોજ વય-નિવૃત્તિએ પહોંચતા હોઈ, શ્રી ચૌધરીને તા. ૩૦-૦૯-૨૦૦૯ના રોજ કચેરી સમયબાદથી સરકારી સેવામાંથી વય-નિવૃત્ત થવાની પરવાનગી આપવામાં આવે છે.

શ્રમ અને રોજગાર વિભાગ

અધિસુચના

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : કેએચઆર-૨૦૦૯-૧૫૯-તલમ-૧૦૨૦૦૯-૫૨૨૨૪૫-૨(૧)-૫૬૨૨૯૨ .- નિયામકશ્રી રોજગાર અને તાલીમ ગાંધીનગરના વહીવટી સંચાલન હેઠળ આવેલ ઓ. તા. સંસ્થા, માંડવી, જિ. સુરતના આચાર્ય, વર્ગ-૨ તરીકે ફરજ બજાવતા શ્રી આર. એમ. પટેલ, તા. ૩૦-૦૯-૨૦૦૯ના રોજ વય-નિવૃત્તિએ પહોંચતા હોઈ, શ્રી પટેલને તા. ૩૦-૦૯-૨૦૦૯ના રોજ કચેરી સમય બાદથી સેવામાંથી વય-નિવૃત્ત થવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એચ. ગઢવી,
સેકશન અધિકારી.

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ
નિગમ લિ. ના નિયામક મંડળમાં નવા ચાર (૪)
સરકારી સભ્યશ્રીની નિમણૂંક અંગે.........

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક : એચસીટી-૧૦૮૭-૫૦૫૦-ખ (પાર્ટફાઈલ)
૫, સરદાર પટેલ ભવન, ચોથો માળ,
સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓક્ટોબર, ૨૦૦૯.

વંચાણે લીધા :-

(૧) ઠરાવ ક્રમાંક : એચસીટી-૧૪૮૭-૫૦૫૦-ખ૧, તા. ૫-૧૨-૨૦૦૫.

(૨) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ. ના તા. ૧૮-૮-૨૦૦૯ની દરખાસ્ત.

ઠરાવ :-

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ. ગાંધીનગરના મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ ઓફ એસોસિએશની કલમ-૮૧ અન્વયે રાજ્ય સરકારને મળેલ સત્તાની રૂએ ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ. ગાંધીનગરના આ નિગમના નિયામક મંડળમાં હાલના સભ્યો ઉપરાંત નીચે દર્શાવ્યા મુજબના સરકારના પ્રતિનિધિઓને નવા સભ્ય તરીકે નિમણૂંક આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સભ્યો અન્ય હુકમો ન થાય ત્યાં સુધી નિગમના સભ્યો તરીકે ચાલુ રહેશે.

(૧) સભ્ય સચિવ, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, જુના વાડજ, અમદાવાદ - સભ્યશ્રી
(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન (ગ્રીમકો) ઉદ્યોગભવન, ગાંધીનગર. - સભ્યશ્રી
(૩) નિયામકશ્રી, ગ્રામ ટેકનોલોજી સંસ્થા, સેક્ટર-૧૩, ગાંધીનગર - સભ્યશ્રી
(૪) કાર્યવાહક નિયામકશ્રી, ઈન્ડેક્ષ્ટ-સી, ઉદ્યોગભવન, ગાંધીનગર - સભ્યશ્રી

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એમ. મોડિયા,
સરકારના ઉપસચિવ.

INDEX

મહેસૂલ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : નમક-૧૧૨૦૦૯-૪૧૩૩-ડી.૧ .- નાયબ કલેક્ટર સંવર્ગના નીચે દર્શાવેલા અધિકારીની જાહેર હિતમાં તેમજ વહીવટી કારણોસર બદલી કરીને તેમના નામ સામે કોલમ-૪માં દર્શાવેલ જગ્યાએ ફરજો બજાવવા આથી નિયુક્તિ આપવામાં આવે છે.

ક્રમ	અધિકારીનું નામ	હાલની નિયુક્તિનું સ્થળ	બદલીથી નિયુક્તિનું સ્થળ
૧	૨	૩	૪
૧.	શ્રી જે. ડી. જોષી	નિવાસી નાયબ કલેક્ટર, અમદાવાદ	નાયબ નિયંત્રક, નાગરિક સંરક્ષણ, જામનગર (શ્રીમતી કલ્પનાબેન જે. ત્રિવેદી ની બદલી કરીને).

૨. શ્રીમતી કલ્પનાબેન જે. ત્રિવેદીની નિયુક્તિના હુકમો હવે પછી કરવામાં આવશે.

ઉક્ત હુકમોનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : એસઆરટી-૧૧૨૦૦૯-૩૦૩૨-ડી.૧ .- મામલતદાર સંવર્ગના નીચે દર્શાવેલા અધિકારી વયનિવૃત્તિ વયે પહોંચતા તેમને તારીખ ૩૦-૦૯-૨૦૦૯ના રોજ (કચેરી સમય બાદથી) સરકારી સેવામાંથી વયનિવૃત્ત થવા આથી પરવાનગી આપવામાં આવે છે.

ક્રમ	નામ	હોદ્દો	જન્મ તારીખ
૧.	શ્રી વી. સી. સોરઠીયા	મામલતદાર-જાફરાબાદ જિલ્લો : અમરેલી	૨૭-૦૯-૧૯૫૧

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : એસઆરટી-૧૧૨૦૦૯-૩૦૩૦-ડી.૧ .- મામલતદાર સંવર્ગના નીચે દર્શાવેલા અધિકારી વયનિવૃત્તિ વયે પહોંચતા તેમને તારીખ ૩૦-૦૯-૨૦૦૯ના રોજ (કચેરી સમય બાદથી) સરકારી સેવામાંથી વયનિવૃત્ત થવા આથી પરવાનગી આપવામાં આવે છે.

ક્રમ	નામ	હોદ્દો	જન્મ તારીખ
૧.	શ્રી એન. જી. સોની	ચીટનીશ, કલેક્ટર કચેરી-દાહોદ	૦૮-૦૯-૧૯૫૧

INDEX

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : એસઆરટી-૧૧૨૦૦૯-૩૦૩૧-ડી.૧ .- મામલતદાર સંવર્ગના નીચે દર્શાવેલા અધિકારી વયનિવૃત્તિ વયે પહોંચતા તેમને તારીખ ૩૦-૦૯-૨૦૦૯ના રોજ (કચેરી સમય બાદથી) સરકારી સેવામાંથી વયનિવૃત્ત થવા આથી પરવાનગી આપવામાં આવે છે.

ક્રમ	નામ	હોદ્દો	જન્મ તારીખ
૧.	શ્રી બી. એમ. પરમાર	મામલતદાર-ડીઝાસ્ટર-કલેક્ટર કચેરી, ખેડા	૧૦-૦૯-૧૯૫૧

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : એસઆરટી-૧૧૨૦૦૯-૩૦૨૯-ડી.૧ .- મામલતદાર સંવર્ગના નીચે દર્શાવેલા અધિકારી વયનિવૃત્તિ વયે પહોંચતા તેમને તારીખ ૩૦-૦૯-૨૦૦૯ના રોજ (કચેરી સમય બાદથી) સરકારી સેવામાંથી વયનિવૃત્ત થવા આથી પરવાનગી આપવામાં આવે છે.

ક્રમ	નામ	હોદ્દો	જન્મ તારીખ
૧.	શ્રી એમ. ટી. ઢઢાવીયા	મામલતદાર-ડીઝાસ્ટાર-કલેક્ટર કચેરી, રાજકોટ	૧-૦૯-૧૯૫૧

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એસ. જોષી,
સરકારના ઉપસચિવ.

INDEX

Miscellaneous Notifications, Appointments etc.

HIGH COURT OF GUJARAT AT SOLA, AHMEDABAD

Notifications

No.A.3403/2009

[139]	Chief Electrical Inspector and Collector of Electricity Duty, Class-I	01	01	-	-	-	-	-	-	-	-
[140]	Tutor in Pathology, G.S.S., Class-II	44	27	03	05	09	08	01	01	02	01
[141]	Tutor in Pharmacology, G.S.S., Class-II	12	12	-	-	-	03	-	-	-	
[142]	Tutor in General.Surgery, G.S.S., Class-II	01	01	-	-	-	-	-	-	-	-
[143]	Associate Professor of Pharmacology, G.S.S., Class-I	03	03	-	-	-	01	-	-	-	-
[144]	Assistant Professor of Orthopedics G.S.S., Class-I	07	07	-	-	-	02	-	-	-	-
[145]	Professor of Biochemistry, G.S.S., Class-I	04	02	-	01	01	-	-	-	-	-
Spl.Recruitment : Advt.No.[146]											
[146]	Assistant Professor of Pediatrics, G.S.S., Class-I	14	-	02	05	07	-	-	01	02	01

Advt.No.[138] : E.Q.:- (1) (a) A Post Graduate Degree with minimum 55 % marks in Arts, Science or Commerce with Statistics as principal subject, or **(b)** A Post Graduate Degree with minimum 55 % marks in Arts with Mathematics or Economics as principal Subject and Statistics as subsidiary subject or optional subject at the Post Graduate or Graduate or Under Graduate Level or **(c)** A Post Graduate Degree with minimum 55 % marks in Science with Mathematics as Principal subject and Statistics as subsidiary subject or Optional subject at the Post Graduate or Graduate or Under Graduate level. **(2)** Experience : Academic, administrative or field experience involving knowledge of advanced statistics for about ten years with evidence of some original research or field work (i.e.sttatistical survey or reports in the subject). **PAY:-** Rs.15600-39100, (Grade pay Rs.7600). **AGE:-** Not be less then 23 years and Not more than 40 years.

Advt.No.[139] : E.Q.:-A Post Graduate or First Class Degree in Electrical Engg. obtained from the Uni.established by law or its equivalent qualification or higher qualification duly recognised by the State Govt. **EXPERIENCE:-** The candidate should have been regularly engaged in the Practice of Electrical Engg. for a period of 15 year out of which at least 05 years must be in generation or transmission or distribution of electricity or in administration of the electricity laws and rules made there under in a responsible capacity after acquiring the qualification mentioned in above para (1). **EXPLANATION:-** For the purpose of the rule the word "responsible capacity" shall ordinary mean work experience on a post which can be treated equivalent to Class-I post under the State Govt. or Central Govt. or Executive post in Private or Jt.Sector or in Govt.undertaking. **PAY:-** Pay Band Rs.37400-67000 (PB-4) Grade Pay Rs.8900. **AGE:-** Not more than 45 years.

Advt.No.[140] : E.Q.:- M.B.B.S.Degree from a Uni.established by Law or any other equivalent qualification specified in the First or Second Schedule to the I.M.C.Act-1956. **PAY:-** Rs.9300-34800 + (PB-2) Grade pay Rs.5400. **AGE:-** Not more than 30 years.

Advt.No.[141] : E.Q.:- M.B.B.S./ M.Sc. (Medical Phamacology) Degree from a Uni.established by Law or any other equivalent qualification specified in the First or Second Schedule to the I.M.C.Act-1956. **PAY:-** Rs.9300-34800 + (PB-3) Grade pay Rs.5400. **AGE:-** Not more than 30 years.

Advt.No.[142] : E.Q.:- M.B.B.S.Degree from a Uni.established by Law or any other equivalent qualification specified in the First or Second Schedule to the I.M.C.Act-1956. **DESIRABLE:-** Preference shall be given to a candidate possessing Post-Graduate qualification and also to one who has previous teahcing experience or who has published original research work in the subject concerned in recognised journals. **PAY:-** Rs.9300-34800 + (PB-3) Grade pay Rs.5400. **AGE:-** Not more than 32 years.

Advt.No.[143] : E.Q.:- M.D.(Pharmacology) / M.B.B.S.with Ph.D.(Medical Pharmacology) / M.Sc.(Medical Pharmacology) with Ph.D.(Medical Pharmacology) / M.Sc.(Medical Pharmacology) with D.Sc.(Medical Pharmacology) or equivalelent qualification as determined by M.C.I. **EXPERIENCE :** As Assistant Professor (Lecturer) in concerned subject for 5 years in a recognised Medical College. **DESIRABLE:-** Minimum of four research publications in indexed Medicus / National journals. **PAY:-** Rs.15600-39100, Pay Band(PB-3), Grade pay Rs.7600. **AGE:-** Not more than 40 years.

Advt.No.[144] : E.Q.:- M.S.(Orthopedics) or any equivalent qualification a determined by M.C.I.

Advt.No.[145] : E.Q.:- M.D.(Biochemistry) / M.B.B.S. with M.Sc.(Medical Biochemistry) / M.Sc.(Medical Biochemistry) with Ph.D.(Medical Biochemistry) / M.Sc. (Medical Biochemistry) with D.Sc.(Medical Biochemistry). **EXPERIENCE:-** As Associate Professor (Reder) in Biochemistry for 04 (Four) years in a recognised Medical College or in case of department where no cadre of Associate Professor is existing as Assistant Professor having 09 (Nine) years teaching experience may be considered. **DESIRABLE:-** Minimum of four research publications in indexed Medicus / National journal and one in internationa journal. **PAY:-** Rs.37400-67000 (PB-4) Grade Pay Rs.8900. **AGE:-** Not more than 45 years.

Spl. Advt.No.[146] : E.Q.:- M.D.(Pediatrics) or any equivalent qualification a determined by M.C.I.

EXPERIENCE, PAY AND AGE for Advt.No.[144] & Spl.Advt.No.[146]:- EXPERIENCE :-Three years teaching experience in concerned subject in recognised Medical Colleges as Resident/Registrar / Tutor / Demonstrator. **PAY:-** Rs.15600-39100, Pay Band (PB-3), Grade pay Rs.6600. **AGE:-** Not more than 35 years.

NOTE:-The policy/Provision regarding Private Practice & N.P.A. shall be applicable as may be determined by the Govt. from time to time. **(Only for Advt.No.[140] to [146].)**

Dt.15-12-2009

NOTE:- The details regarding obtaining Application, Fee, Age Relaxation the provision regarding cancellation of application and other details of Advt. shall be available on the notice Board of the Commission and on Website : www.gpsc.gujarat.gov.in as well as in Gujarat Rojgar Samachar and on it's Website: www.gujaratpublications.com.

INDEX

ગુજરાત જાહેર સેવા આયોગ

નીચે દર્શાવેલ જગ્યાઓ માટે અરજીફોર્મ છેલ્લી તારીખઃ-૧૫-૦૧-૨૦૧૦સુધીમાં આયોગમાં મળે તે રીતે મોકલવા જણાવવામાં આવે છે.

જાહેરાત ક્રમાંક	જગ્યાનું નામ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ				કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત				કુલ જગ્યાઓ પૈકી P.H. માટે અનામત
			બિનઅનામત (સામાન્ય)	અનુ. જાતિ	અનુ. જનજાતિ	સા.શૈ. પ.વર્ગ	બિનઅનામત (સામાન્ય)	અનુ. જાતિ	અનુ. જનજાતિ	સા.શૈ. પ.વર્ગ	
[૧૩૮]	સંયુક્ત નિયામક(સિનિયર ડયુટી), ગુજરાત આંકડાકીય સેવા, વર્ગ-૧	૦૧	૦૧	-	-	-	-	-	-	-	-
[૧૩૯]	મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તા, વર્ગ-૧	૦૧	૦૧	-	-	-	-	-	-	-	-
[૧૪૦]	પેથોલોજીના ટ્યુટર, સા.રા.સે., વર્ગ-૨	૪૪	૨૭	૦૩	૦૫	૦૯	૦૮	૦૧	૦૧	૦૨	૦૧
[૧૪૧]	ફાર્માકોલોજીના ટ્યુટર, સા.રા.સે., વર્ગ-૨	૧૨	૧૨	-	-	-	૦૩	-	-	-	-
[૧૪૨]	જનરલ સર્જરીના ટ્યુટર, સા.રા.સે., વર્ગ-૨	૦૧	૦૧	-	-	-	-	-	-	-	-
[૧૪૩]	ફાર્માકોલોજીના સહ પ્રાધ્યાપક, સા.રા.સે., વર્ગ-૧	૦૩	૦૩	-	-	-	૦૧	-	-	-	-
[૧૪૪]	ઓર્થોપેડીકસના મદદનીશ પ્રાધ્યાપક, સા.રા.સે. વર્ગ-૧	૦૭	૦૭	-	-	-	૦૨	-	-	-	-
[૧૪૫]	બાયોકેમીસ્ટ્રીના પ્રાધ્યાપક, સા.રા.સે. વર્ગ-૧	૦૪	૦૨	-	૦૧	૦૧	-	-	-	-	-
ખાસ ભરતીઃ જા.ક્ર.: [૧૪૬]											
[૧૪૬]	પેડીયાટ્રીકસના મદદનીશ પ્રાધ્યાપક, સા.રા.સે. વર્ગ-૧	૧૪	-	૦૨	૦૫	૦૭	-	-	૦૧	૦૨	૦૧

જા.ક્રમાંકઃ[૧૩૮] :-જરૂરી લાયકાત :-(ક) (૧) મુખ્ય વિષય આંકડાશાસ્ત્ર સાથે અનુસ્નાતકની વિજ્ઞાન, વાણિજ્ય અથવા વિનયનમાં ૫૫ ટકા માર્કસ સાથેની પદવી અથવા (૨) વિનયનમાં ૫૫ ટકા માર્કસ સાથે મુખ્ય વિષય ગણિતશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર સાથે અનુસ્નાતક અને આંકડાશાસ્ત્ર ગૌણ વિષય તરીકે અનુસ્નાતક અથવા સ્નાતક અથવા ઉપસ્નાતક કક્ષાએ હોવો જોઈએ. અથવા (૩) વિજ્ઞાનમાં ૫૫ ટકા માર્કસ સાથે મુખ્ય વિષય ગણિતશાસ્ત્ર સાથે અનુસ્નાતકની પદવી અને આંકડાશાસ્ત્ર ગૌણ વિષય સાથે અનુસ્નાતક અથવા સ્નાતક અથવા ઉપસ્નાતક કક્ષાઓ હોવો જોઈએ. (ખ) અનુભવઃ- શૈક્ષણિક, વહીવટી, અથવા ક્ષેત્રિય કક્ષાનો આશરે દસ વર્ષનો અનુભવ, જેમાં એડવાન્સ સ્ટેટીકસના સમાવેશ સાથે મૂળ સંશોધન અથવા વિષયને અનુલક્ષીને ક્ષેત્રીય કામગીરી (આંકડાકીય મોજણી અથવા અહેવાલ). પગારઃ- રૂા. ૧૫૬૦૦-૩૯૧૦૦, પે બેન્ડ, ગ્રેડ-પે રૂા. ૭૬૦૦-૦૦. ઉંમરઃ-૨૩ વર્ષથી ઓછી નહિ અને ૪૦ વર્ષથી વધુ નહિ.

જા.ક્રમાંકઃ[૧૩૯] :-જરૂરી લાયકાત :-માન્ય યુનિ. ની ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગની અનુસ્નાતક અથવા પ્રથમ વર્ગની સ્નાતક પદવી અથવા રાજ્ય સરકાર દ્વારા માન્ય સમકક્ષ લાયકાત અથવા ઉચ્ચ લાયકાત. અનુભવઃ- ઉપરોક્ત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગનો ૧૫ વર્ષનો અનુભવ જરૂરી છે. જે પૈકી પાંચ વર્ષનો વીજ ઉત્પાદન અથવાં સંચાલન અથવા વહેંચણીના કામનો અનુભવ અથવા ઈલેકટ્રીસીટીના કાયદાનો અને તે હેઠળ બનાવેલ નિયમોના વહીવટ અંગેની જવાબદારીવાળી જગ્યાનો અનુભવ. સ્પષ્ટતાઃ- જવાબદારીવાળી જગ્યા એટલે સામાન્ય રીતે રાજય કે કેન્દ્ર સરકારમાં વર્ગ-૧ની જગ્યા પરની અથવા ખાનગી સંયુકત સાહસ અથવા સરકારી સાહસોમાં સીધી દેખરેખ વાળી જગ્યા પરની કામગીરી. પગારઃ- પે બેન્ડ રૂા. ૧૭૪૦૦-૬૭૦૦૦, (પીબી-૪), ગ્રેડ-પે રૂા. ૮૯૦૦-૦૦. ઉંમરઃ- ૪૫ વર્ષથી વધુ નહિ.

જા.ક્રમાંકઃ[૧૪૦] :- જરૂરી લાયકાત :-કાયદાકીય રીતે સ્થપાયેલ માન્ય યુનિ. ની એમ.બી.બી.એસ. ની પદવી અથવા આઈ.એમ.સી.એકટ, ૧૯૫૬ સાથેના પહેલા અથવા બીજા પરિશિષ્ટમાં દર્શાવેલ અન્ય સમકક્ષ લાયકાત. પગારઃ- રૂા. ૯૩૦૦-૩૪૮૦૦+ (પીબી-૨), ગ્રેડ-પે રૂા. ૫૪૦૦-૦૦. ઉંમરઃ-૩૦ વર્ષથી વધુ નહિ.

જા.ક્રમાંકઃ[૧૪૧] :- જરૂરી લાયકાત :-એમ.બી.બી.એસ./એમ.એસસી. (મેડીકલ ફાર્માકોલોજી)ની પદવી જે કાયદાકીય રીતે સ્થપાયેલ માન્ય યુનિ.થી મેળવેલ હોય અથવા આઈ.એમ.સી.એકટ, ૧૯૫૬ સાથેના પહેલા અથવા બીજા પરિશિષ્ટમાં દર્શાવેલ અન્ય સમકક્ષ લાયકાત. પગારઃ- રૂા. ૯૩૦૦-૩૪૮૦૦ + (પીબી-૨), ગ્રેડ-પે રૂા. ૫૪૦૦-૦૦. ઉંમરઃ-૩૦ વર્ષથી વધુ નહિ.

જા.ક્રમાંકઃ[૧૪૨] :-જરૂરી લાયકાત :-વૈધાનિક યુનિ. ની એમ.બી.બી.એસ. ની પદવી અથવા આઈ.એમ.સી.એકટ, ૧૯૫૬ સાથેના પહેલા અથવા બીજા પરિશિષ્ટમાં દર્શાવેલ અન્ય સમકક્ષ લાયકાત. ઈચ્છનીય :- અનુસ્નાતક લાયકાત ધરાવનારને/અને અગાઉનો શૈક્ષણિક કાર્યનો અનુભવ ધરાવનારને અથવા જેમનું સંબંધિત વિષયમાં મુળ સંશોધન કાર્ય માન્ય જર્નલમાં પ્રસિદ્ધ થયેલ હોય તેમને પસંદગીમાં અગ્રતા આપી શકાશે. પગારઃ- રૂા. ૯૩૦૦-૩૪૮૦૦+ (પીબી-૨), ગ્રેડ-પે રૂા. ૫૪૦૦-૦૦. ઉંમરઃ-૩૨ વર્ષથી વધુ નહિ.

જા.ક્રમાંકઃ[૧૪૩] :-જરૂરી લાયકાત :-એમ.ડી. (ફાર્માકોલોજી) / એમ.બી.બી.એસ. વીથ પીએચ.ડી. (મેડીકલ ફાર્માકોલોજી) / એમ. એસસી. (મેડીકલ ફાર્માકોલોજી) વીથ પીએચ.ડી. (મેડીકલ ફાર્માકોલોજી) / એમ.એસસી. (મેડીકલ ફાર્માકોલોજી) વીથ ડી. એસસી. (મેડીકલ ફાર્માકોલોજી) અથવા આઈ.એમ.સી.દ્વારા માન્ય અન્ય સમકક્ષ લાયકાત. અનુભવઃ- તબીબી શિક્ષણ માટે માન્ય તબીબી કોલેજમાં સંબંધિત વિષયમાં મદદનીશ પ્રાધ્યાપક (લેકચરર) તરીકનો પાંચ વર્ષનો અનુભવ. ઈચ્છનીય :- ઈન્ડેક્ષ મેડીક્સ / રાષ્ટ્રીય જર્નલની સૂચિમાં દાખલ થયેલ ઓછામાં ઓછા ચાર સંશોધન પ્રકાશનનો અનુભવ. પગારઃ- રૂા. ૧૫૬૦૦-૩૯૧૦૦, પે બેન્ડ (પીબી-૩), ગ્રેડ-પે રૂા. ૭૬૦૦-૦૦. ઉંમરઃ- ૪૦ વર્ષથી વધુ નહિ.

જા.ક્રમાંકઃ[૧૪૪] :-જરૂરી લાયકાત :-એમ.એસ. (ઓર્થોપેડીક્સ)અથવા આઈ.એમ.સી.દ્વારા માન્ય અન્ય સમકક્ષ લાયકાત.

જા.ક્રમાંકઃ[૧૪૫] :-જરૂરી લાયકાત :-એમ.ડી. (બાયોકેમીસ્ટ્રી) / એમ.બી.બી.એસ. વીથ એમ. એસસી. (મેડીકલ બાયોકેમીસ્ટ્રી) / એમ. એસસી. (મેડીકલ બાયોકેમીસ્ટ્રી) વીથ પીએચ.ડી. (મેડીકલ બાયોકેમીસ્ટ્રી) / એમ. એસસી. (મેડીકલ બાયોકેમીસ્ટ્રી) વીથ ડી. એસસી. (મેડીકલ બાયોકેમીસ્ટ્રી) અનુભવઃ- માન્ય તબીબી કોલેજમાં બાયોકેમીસ્ટ્રીમાં સહ-પ્રાધ્યાપક (રીડર) તરીકેનો ચાર વર્ષનો અનુભવ, પરંતુ જયાં સહ પ્રાધ્યાપકનો સંવર્ગ વિદ્યમાન ન હોય તેવા કિસ્સામાં નવ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા મદદનીશ પ્રાધ્યાપકને વિચારણામાં લેવામાં આવશે. ઈચ્છનીય :- ઈન્ડેક્ષ મેડીકસ / રાષ્ટ્રીય જર્નલની સૂચિમાં દાખલ થયેલ ઓછામાં ઓછા ચાર સંશોધન પ્રકાશનનો અને આંતરરાષ્ટ્રીય જર્નલમાં એક સંશોધન પ્રકાશનનો અનુભવ. પગારઃ- પે બેન્ડ રૂા. ૩૭૪૦૦-૬૭૦૦૦(પીબી-૪)ગ્રેડ પે રૂા. ૮૯૦૦. ઉંમરઃ- ૪૫ વર્ષથી વધુ નહિ.

ખાસ જા.ક્રમાંકઃ[૧૪૬] :-જરૂરી લાયકાત :-એમ.ડી.. (પેડીયાટ્રીકસ)અથવા આઈ. એમ.સી.દ્વારા માન્ય અન્ય સમકક્ષ લાયકાત.

જા.ક્રમાંકઃ[૧૪૪] અને ખાસ જા.ક્રમાંકઃ[૧૪૬] નો અનુભવ, પગાર અને ઉંમરઃ- અનુભવઃ- માન્ય તબીબી કોલેજમાં નિવાસી/રજીસ્ટ્રાર/ડેમોન્સ્ટ્રેટર/ટ્યુટર તરીકેનો સંબંધિત વિષયમાં ત્રણ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ.પગારઃ- રૂા. ૧૫૬૦૦-૩૯૧૦૦ (પીબી-૩) ગ્રેડ-પે રૂા. ૬૬૦૦. ઉંમરઃ- ૩૫ વર્ષથી વધુ નહિ.

નોંધઃ-ફકત જા.ક્ર.:૧૪૦થી ૧૪૬ ની જગ્યાઓ માટે ખાનગી વ્યવસાય કરવા અને N.P.A. સંબંધમાં સરકારશ્રીની વખતોવખત નીતિ/જોગવાઈઓ તેઓને બંધન કર્તા રહેશે. તા.૧૫-૧૨-૨૦૦૯-વ

જાહેરાતની સામાન્ય જોગવાઈ (જા.ક્રમાંકઃ ૧૩૮ થી ૧૪૬ / વર્ષ : ૨૦૦૯-૨૦૧૦)

[૧/ નાગરિકત્વઃ ઉમેદવાર, (ક) ભારતનો નાગરિક, અથવા (ખ) નેપાળનો પ્રજાજન, અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન, અથવા (ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧ લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ હોવો જોઈએ, અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા, (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુકત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝેઈર, ઈથોપીયા અથવા વિયેટનામાથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંકઃ(ખ), (ગ), (ઘ) અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ. નોંધઃ- જે ઉ[illegible]સ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય

INDEX

સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે. **[૨] અરજી પત્રકઃ** (ક) અરજી પત્રક ફી :- બિનઅનામત પુરૂષ / મહિલા ઉમેદવારો માટે અરજી ફીની કિંમત રૂા.૫૦/- છે. અનામત વર્ગોના ઉમેદવારો તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી ફી ભરવાની નથી. (ખ) અરજી પત્રક મેળવવાની જોગવાઈ:- અરજી પત્રક (૧) ટપાલ દ્વારા (૨) આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી (૩) આયોગની વેબસાઈટ ઉપરથી મળી શકશે તેમજ (૪) આયોગે નિયત કરેલ અરજી પત્રકની ફોટોકોપીનો ઉપયોગ થઈ શકશે. ૧: ટપાલ દ્વારા અરજી પત્રક મેળવવા :- બિન અનામત પુરૂષ / મહિલા ઉમેદવાર ટપાલ દ્વારા જગ્યાનું નામ અને જાહેરાત ક્રમાંક દર્શાવતી અરજી સાથે સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગના નામનો રૂા.૫૦/- નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર (ભારતીય પોસ્ટલ ઓર્ડરની પાછળ નામ, સરનામું, જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ દર્શાવીને) અને પોતાના સરનામાવાળું ૨૭x ૧૨cm ની રૂા.૧૦/- નું ટિકિટ લગાડેલ પરબીડિયું ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, પહેલો માળ, લાલ દરવાજા, અમદાવાદને મોકલવાથી અરજી પત્રક મેળવી શકાશે. અનામત વર્ગોના ઉમેદવાર જાતિના પ્રમાણપત્રની નકલ તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો તબીબી પ્રમાણપત્રની નકલ સાથે ઉપરની વિગતો તથા ટિકિટ લગાડેલ પરબીડિયું (અરજી પત્રકની કિંમત રૂા.૫૦/- મોકલવાની રહેતી નથી) મોકલાવી ટપાલથી અરજી પત્રક મેળવી શકશે. ૨: આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક મેળવવા :- આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક કામકાજના દિવસો દરમ્યાન ૧૧ થી ૨ તથા ૩ થી ૫ સુધી મળશે. બિનઅનામત વર્ગના પુરૂષ / મહિલા ઉમેદવારો અરજી પત્રકની કિંમત રૂા. ૫૦/- રોકડેથી ચૂકવીને અરજી પત્રક મેળવી શકશે. જ્યારે અનામત વર્ગના અને શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો જાતિ પ્રમાણપત્ર / શારીરિક વિકલાંગતાના પ્રમાણપત્રની નકલ રજૂ કરીને વિના મૂલ્યે અરજી પત્રક મેળવી શકશે. ૩: વેબસાઈટ:-આયોગની વેબસાઈટ "www.gpsc.gujarat.gov.in" ઉપરથી ઉમેદવાર "સીધી ભરતી માટેનું અરજી પત્રક" ડાઉનલોડ કરીને ઉપયોગમાં લઈ શકશે. આવું અરજી પત્રક ઉપયોગમાં લેવાય ત્યારે ઉમેદવારે અરજી પત્રક પરના જમના ખૂણા પર "ડાઉનલોડ કરેલ અરજી પત્રક" તેમ દર્શાવવાનું રહેશે. ડાઉનલોડ કરેલ અરજીપત્રકના તમામ પાનાઓ (પૃ. ૧થી૪) સહિત સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોકલી આપવાના રહેશે. ૪: અરજી પત્રકની ફોટોકોપી ઉપયોગમાં લેવી:- "સીધી ભરતી માટેનું અરજી પત્રક" ની સંપૂર્ણ ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લઈ શકશે અને જ્યારે ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લે ત્યારે ઉમેદવારે અરજી પત્રક પર જમણા ખૂણા પર "ફોટોકોપી" તેમ દર્શાવવાનું રહેશે. **[૩] ભરેલા અરજી પત્રકઃ**- (૧) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં ઉમેદવારના અરજી પત્રકો અયોગની કચેરીમાં મળે તે રીતે ઉમેદવારે મોકલવાના રહેશે. (૨) ઉમેદવાર ભરેલા અરજી પત્રકો આયોગની કચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસો દરમ્યાન સવારના ૧૧ થી ૨ અને બપોરના ૩ થી ૫ દરમ્યાન જમા કરાવી શકશે. (૩) ઉમેદવાર ભરેલા અરજી પત્રકો સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બી-બ્લોક, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ ના સરનામે ટપાલથી પણ મોકલી શકશે. (૪) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ કોઈપણ રીતે મળેલાં અરજી પત્રકો સ્વીકારવામાં આવશે નહિ. (૫) બિન અનામત ઉમેદવારે આયોગની કચેરીમાંથી અરજી પત્રક મેળવેલ હોય તો અરજી સાથે રૂા. ૧૦૦/- અને વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ હોય કે ફોટોકોપીવાળું અરજી પત્રક મેળવેલ હોય તો અરજી પત્રક સાથે રૂા. ૧૫૦/- ની ફી ભરવાની છે. આવી ફી રોકડેથી કાઉન્ટર પર સ્વીકારવામાં આવે છે અથવા ભારતીય પોસ્ટલ ઓર્ડર મારફત ભરી શકાશે અને ઉમેદવારે નિયત ફી થી વધુ રકમનો ભારતીય પોસ્ટલ ઓર્ડર મોકલેલ હશે તો વધારાની રકમ પરત કરવામાં આવશે નહિ અને તે જમા લેવામાં આવશે. (૬) ઓછી અરજી ફી અથવા અરજી ફી વગરની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ. (૭) ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાતની તારીખ બાદનો ખરીદેલો હોવો જોઈએ. (૮) અરજી ફી પેટે મનીઓર્ડર, બેન્ક ડ્રાફટ અથવા ચેક સ્વીકારવામાં આવશે નહિ. અરજી ફી જાહેરાત રદ કરવામાં આવે તે સિવાયના કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહિ.(૯) ભારત બહારથી અરજી કરતા ઉમેદવારે નિયત ફી ભારતના હાઈકમિશ્નર અથવા ભારતીય રાજદૂત અથવા ભારત સરકારના પ્રતિનિધિની કચેરીમાં જમા કરાવવી તથા આવા ચૂકવણાની મૂળ પહોંચ અરજી પત્ર સાથે જોડવી. (૧૦) જો એક કરતા વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે. (૧૧) એક જ જાહેરાત માટે એક જ અરજી કરી શકાશે. એક જાહેરાત માટે જો એક થી વધુ અરજી કરેલ હશે તો તે વિચારણામાં લેવામાં આવશે નહિ. (૧૨) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને બિનઅનામત માટેના ધોરણો લાગુ પડશે. (૧૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહિ. (૧૪) અરજી ફી વગરની અરજીની અગ્રીમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહિ.(૧૫) અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. (૧૬) ઉમેદવારો દ્વારા અરજીપત્રક / પરીશિષ્ટમાં આપવામાં આવેલ વિગતોમાં વિસંગતતા જણાશે તો અરજીપત્રકમાં આપવામાં આવેલ વિગત જ ધ્યાનમાં લેવામાં આવશે. **[૪] વયમર્યાદા:-** (૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) ઉપરની જાહેરાતમાં વયમર્યાદા આપવામાં આવેલ છે. **વયમર્યાદામાં છૂટછાટ નીચે મુજબ મળવાપાત્ર છે.** ૧. અનુ. જાતિ, અનુ. જનજાતિ અને સા. અને શૈ. પ. વર્ગ -પાંચ વર્ષ, ૨. બિન અનામત મહિલા ઉમેદાવાર -પાંચ વર્ષ, ૩. અનામત વર્ગના મહિલા ઉમેદવાર -૧૦ વર્ષ, ૪. માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ. સહિત -લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ, (સિવાય જા.ક્ર.જા.ક્રમાંકઃ [૧૩૯]). ૫. શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો કે જેઓ આ જગ્યાની ફરજો સામાન્ય માણસોની જેમ બજાવવા શક્તિમાન હોય, તેઓને તા. ૧-૧૨-૨૦૦૮ના સા.વ.વિ.ના પરિપત્રથી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ / સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળશે. જેવા કે, ૧: જા.ક્રમાંકઃ [૧૩૮] માં શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો કે જેઓ OL(One leg affected) OA(One Arm affected) શારીરિક વિકલાંગતા ૫૦ ટકા થી ૭૦ ટકા ધરાવતા હોય અને આ જગ્યાની ફરજો સામાન્ય માણસોની જેમ બજાવવા શક્તિમાન હોય તેવા ઉમેદવારો, ૨:જા.ક્રમાંકઃ [૧૩૯] માં શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો કે જેઓ આ જગ્યાની ફરજો સામાન્ય માણસની જેમ બજાવવા શક્તિમાન હોય તેવા ઉમેદવારો, ૩:જા.ક્રમાંકઃ[૧૪૦થી ૧૪૬] માં BL (Both legs affected but not arms) અથવા O.L. (One leg affected) ની શારીરિક વિકલાંગતા ૫૦ થી ૭૦ ટકા વચ્ચે ધરાવતા હોય અને આવા ઉમેદવારના ઉપરના બંને અવયવો (Both upper limbs) સંપૂર્ણ પણે નોર્મલ હોય તથા દ્રષ્ટિ અને શ્રવણશક્તિ નોર્મલ હોય અને આવા ઉમેદવાર ઘોડીની મદદ વગર ચાલી શકતા હોય તેવા ઉમેદવારો). આ સિવાય અન્ય શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારને છૂટછાટ મળવા પાત્ર નથી. ૬. ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુધી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ:- ૧: જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. ૨: જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઈજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાંની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (**Any such post**) માટે ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. ૩: જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. ૭. વિશિષ્ટ રીતે સારી લાયકાત અને અથવા અનુભવ ધરાવતા ઉમેદવારોને આયોગને વિવેકાધીન છૂટછાટ મળવાપાત્ર છે. (૩) આયોગ જન્મતારીખના પૂરાવા માટે એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ.એસ.સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પૂરાવાઓના આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે. **[૫] શૈક્ષણિક લાયકાતઃ**- (૧) જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ ધરાવતા હોવા જોઈએ. (૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. (૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી / સંસ્થાના ગુણ પત્રક / પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. શાળા / કોલેજના આચાર્યશ્રી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. (૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવો સ્વીકારવામાં આવશે નહિ. (૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હકક-દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો આપવાની રહેશે. **[૬] અનુભવઃ**- (૧) અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી ન હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં ગણવામાં આવશે. (૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ). મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર / મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનુ રજૂ કરવાનું રહેશે. (૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ. (૫) અંશઃકાલીન, રોજીંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહિ. **[૭] અનૂસચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગઃ**- (૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના જે ઉમેદવાર હોય તેઓએ અરજી પત્રક અને પરિશિષ્ટમાં તેની વિગતો અચૂક દર્શાવવી. (૩) આવા ઉમેદવારે અરજી પત્રક તથા પરીશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત ઉમેદવાર તરીકેનો લાભ મેળવવાનો દાવો માન્ય રાખવામાં આવશે નહિ. (૪) અનામત વર્ગ તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અવશ્ય સામેલ કરવાની રહેશે. અરજી પત્રક સાથે પ્રમાણપત્રની નકલ સામેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ અને અરજી પત્રક રદ થવાને પાત્ર બનશે. (૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહિ થતો હોય તો જ મળવાપાત્ર થશે. (૬) (૧) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક)ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (૨) પરિણીત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. (૩) અરજી સાથે પરિશિષ્ટ-"ક" ને બદલે એનેકચર-"A" (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. (૪) આ પ્રમાણપત્ર છેલ્લા પૂરા થયેલા નાણાંકીય વર્ષનું હોવું જોઈએ. (૫) જો ઉમેદવારે આ પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહિ. (૭) અનામત વર્ગના

INDEX

ઉમેદવારોએ અરજી પત્રકમાં અનામત કક્ષાની અથવા બિનઅનામત (સામાન્ય) જગ્યા સામે ઉમેદવારી નોંધાવો છો ? તેની વિગતો સ્પષ્ટપણે અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં દર્શાવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં ખાનું ખાલી ન રાખવું કે ટપકા કરવા નહિ તે જોવાનું રહેશે. (૮) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણે (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે. આ જોગવાઈને વિચાણામાં લઈને અરજી પત્રકમાં વિગત આપવાની રહેશે. (૯) અનુસૂચિત જાતિના ઉમેદવારે અરજી પત્રકમાં પોતાનો ધર્મ અવશ્ય દર્શાવવાનો રહેશે. જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક વિકલાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એકથી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. [૮] માજી સૈનિકઃ- (૧) માજી સૈનિક અને શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજી પત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. [૯] શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોઃ- (ક) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (ખ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે ૧: અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ ૨: શ્રવણની ખામી ૩: હલન-ચલન વિકલાંગતા અથવા મગજનો લકવો તે પૈકીની) કઈ શારીરિક વિકલાંગતા છે તે દર્શાવવું. (ગ) જાહેરાતમાં શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવાર પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આંવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે. (ઘ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સરકારી હોસ્પિટલ /મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં આવેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ. શારીરિક વિકલાંગતા માટેનો લાભ મળવાપાત્ર થશે નહિ. [૧૦] મહિલા ઉમેદવાર :- મહિલાઓ માટે અનામત જગ્યાઓ માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તેની જગ્યા તે કક્ષાના (category) પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે. [૧૧] વિધવા ઉમેદવારઃ- (૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા લાગુ પડતુ નથી એમ દર્શાવવું. (૨) વિધવા ઉમેદવારે પુનઃલગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા લાગુ પડતું નથી એમ લખવું. (૩) વિધવા ઉમેદવારે જો પુનઃલગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા હોય તો અરજી સાથે પુનઃલગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ રજૂ કરવાની રહેશે. (૪) વિધવા ઉમેદવારને સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલા ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે. [૧૨] ના-વાંધા પ્રમાણપત્ર :- (૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી.કરવાની પરવાનગી નહિ આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે. (૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઈપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. [૧૩] ગેરલાયક ઉમેદવાર :- ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવાયો હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે. [૧૪] ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ, બરતરફ :- અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ, કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલા હોય તો અરજી પત્રમાં તેની વિગત આપવાની રહેશે. [૧૫] રજીસ્ટ્રેશન :- તબીબી / દંત વિજ્ઞાન / પશુ ચિકિત્સા / કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જ્યાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને અરજી સમય રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. [૧૬] સામાન્ય :- (૧) ઉમેદવારે આપવાની થતી માહિતી ખોટી આપી હશે અને / અથવા અરજી પત્રકમાં જરૂરી માહિતી / વિગતો છૂપાવવાનો પ્રયાસ કરેલ હશે અને / અથવા આયોગને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હશે અને તે ધ્યાન ઉપર આવશે તો પ્રાથમિક કસોટી, રૂબરૂ મુલાકાત, નિમણૂક વગેરે તમામ માટે ગેરલાયક ઠરશે. વધુમાં, આવ ઉમેદવારને આયોગ ભવિષ્ય માટે ગેરલાયક ઠરાવી શકશે અને જો ઉમેદવાર રાજ્ય સરકારની સેવામાં હશે તો તેમની સામે ખાતાકીય પગલાં લેવામાં આવશે. (૨) સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવવા પ્રયત્ન કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે. (૩) આયોગ દ્વારા યોજવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા, પ્રાથમિક કસોટી, રૂબરૂ મુલાકાતમાં ઉમેદવારની પસંદગી નિયત થયેલ પદ્ધતિથી માત્ર ગુણ, પાત્રતા અને લાયકાતના આધારે જ કરવામાં આવે છે. આથી કોઈ પણ પ્રકારના પ્રલોભનથી દૂર રહેવા ઉમેદવારોને સાવધાન રહેવા જણાવવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ કે એજન્સી ઉમેદવારોને ભોળવી તેમને પરીક્ષામાં રૂબરૂ મુલાકાતમાં પાસ કરાવી આપવાની ખાતરી આપી તેમજ આર્થિક શોષણ કરવાની પ્રવૃત્તિ કરતાં હોય તો તેની જાણ આયોગને કરવા વિનંતી છે. આ રીતે માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે. વધુમાં આયોગ દ્વારા કોઈ પણ પ્રકારના કોચિંગ કલાસ ચલાવવામાં આવતાં નથી કે કોઈ પણ પ્રકારના સંદર્ભ પુસ્તકોની ભલામણ કરવામાં આવતી નથી કે આ માટેની તાલીમ માટે કોઈ વ્યક્તિ કે એજન્સીને પણ આયોગે અધિકૃત કરી નથી. આવી બાબત ધ્યાનમાં આવે તો સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બી-બ્લોક, પહેલો માળ, લાલદરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ ને લેખિતમાં ખાનગી પત્રથી કે રૂબરૂમાં જાણ કરવા વિનંતી છે. [૧૭] અગત્યની જોગવાઈઓ :- (૧) ઉપરની જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જ્યાં પ્રાથમિક લેખિત કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નક્કી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહિ તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યતઃ અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. (૨) આ જાહેરાતોમાં ઠરાવેલ લઘુતમ શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવં કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને / અથવા વધુ અનુભવ અને / અથવા લાયકાતમાં ઉંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે. [૧૮] રૂબરૂ મુલાકાત :- (૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકીટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે અસલ ટિકીટ રજૂ કરવાની રહેશે. (૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહિ તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહિ તેની ખાસ નોંધ લેવી. [૧૯] નીચે દર્શાવ્યા મુજબની અધૂરી અરજીઓ સીધેસીધી રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.) (૧) આયોગે નિયત કરેલ અરજી પત્રકમાં અરજી મળેલ ન હોય. (૨) અરજી અને/અથવા પરિશિષ્ટમાં વિગતો અધૂરી કે અવાચ્ય હોય તથા ડાઉનલોડ કરલ અરજીપત્રકના તમામ પાનાઓ (પૃ.૧થી૪) સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોકલી આપવામાં આવેલ નહિ હોય. (૩) અરજી અને/અથવા પરિશિષંટમાં ઉમેદવારની સહી ન હોય. (૪) અરજી અને/અથવા પરિશિષ્ટમાં કેપીટલ લેટરમાં સહી કરેલ હશે તો. (૫) અરજી અને/અથવા પરિશિષ્ટ ફેકસથી કે ઈ-મેઈલથી મોકલાવેલ હોય. (૬) અરજી અને/અથવા પરિશિષ્ટમાં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાવેલ ન હોય. (૭) અરજી અને/અથવા પરિશિષ્ટમાં પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની ઝેરોક્ષ લગાવેલ હોય. (૮) અરજી અને પરિશિષ્ટ બે માંથી એક જ મોકલાવેલ હોય. (૯) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય. (૧૦) અરજી સાથે ફી ભરેલ હોય પરંતુ ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખ પહેલાનો ખરીદેલ હોય. (૧૧) (૧૧) એક જ ગ્યા માટે એક કરતાં વધુ અરજી મળેલ હોય. (૧૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ થયેલ ન હોય. (૧૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય. (૧૪) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે તાજેતરના પુરા થયેલા નાણાકીય વર્ષનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય. (૧૫) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ / પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. (૧૬) જન્મતારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. (૧૭) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં ઉમેદવારે મેળવેલ પદવી એમ.સી.આઈ. માન્ય છે તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય તો. (૧૮) ઉમેદવારે અરજી પત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) અને તેના સમર્થનમાં પ્રમાણપત્રો રજૂ કરેલ ન હોય અથવા તો રજૂ કરેલ પ્રમાણપત્રોમાં તેઓનો અનુભવનો સમયગાળો, મૂળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તો. નિમણૂક :- (૧) ઉપરની જાહેરાત સંબંધમાં પ્રસિદ્ધ થયેલા ઉમેદવારની નિમણૂક માટે સરકારશ્રીના સંબધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તો તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. (૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઈપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

તા.૧૫-૧૨-૨૦૦૯-વ

નોંધ :- અરજી ફોર્મ મેળવવાની, ફીની, વયમર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ ઉપર અને આયોગની વેબસાઈટ **www.gpsc.gujarat.gov.in** ઉપર તેમજ ગુજરાત રોજગાર સમાચાર તથા તેની વેબસાઈટ **www.gujaratpublications.com** ઉપર જોવા મળશે.

INDEX

LEGAL DEPARTRNENT

Notification

Sachivalaya, Gandhinagar, 17th November, 2009.

No.APT/302005/1077/H :- The Government of Gujarat is pleased to appoint **following Advocates** to be the Assistant Government Pleader for the following station for the District of Porbandar and in exercise of powers conferred by Section 24(3) of the Code of Criminal Procedure, 1973 (II of 1974), to be the Additional Public Prosecutors, for the District of Porbandar for a period of ***two years*** from the date **they** take over charge of the post.

1.	Shri H. S. Raiththa	
2.	Shri Hasmukh Prabhudas Tevani	
3.	Shri Rajendra Samatbhai Ranavaya	

The appointment is subject to the conditions of service laid down in the Gujarat Law Officers (Appointment and Conditions of Services) Rules, 2009 as in force and as may be amended or modified from time to time.

By order and in the name of the Governor of Gujarat,

V. R. RAVAL,
Under Secretary to Government,

કાયદા વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી નવેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : કઅન/૩૦૨૦૦૫/૧૦૭૭-હ.– ગુજરાત સરકાર, આથી નીચે દર્શાવેલ કાયદા અધિકારીઓની નીચે જણાવેલ જગ્યા ખાતે જે તારીખે તેઓ પોતાનો હોદ્દાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષની મુદત માટે પોરબંદર જિલ્લાના મદદનીશ સરકારી વકીલ અને સન ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ(સન ૧૯૭૪નો બીજો) ની કલમ-૨૪(૩)થી મળેલ સત્તાઓ અન્વયે પોરબંદર જિલ્લાના વધારાના પબ્લીક પ્રોસીક્યુટર તરીકે નિમણુંક કરે છે.

(૧) શ્રી એચ.એસ. રાયઠઠા

(૨) શ્રી હસમુખ પ્રભુદાસ ટેવાણી

(૩) શ્રી રાજેન્દ્ર મનસુખલાલ રાણાવાયા

આ નિમણુંક અમલમાં હોય તે પ્રમાણે અને વખતો વખત સુધારા અથવા ફેરફાર કરવામાં આવે તે પ્રમાણેના ગુજરાત કાયદા અધિકારીઓ નિમણુંક અને સેવાની શરતો નિયમો, ૨૦૦૯માં નિર્દિષ્ટ કરેલી શરતોને આધિન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાવલ,
સરકારના ઉપસચિવ.

INDEX

CIVIL APPOINTMENTS

Head of Departments and all other Officers concerned are informed that Notification in the GAZETTE are to be accepted as disposing of all references, leave, transfers, appointments, power and other personal questions affecting Gazetted Officers as to which orders are gazetted by Government in this part of the Gazette and that any subsidiary orders as to relief of their subordinate and the like, which such notifications, must be issued by them as on receipt of GAZETTE as on other orders will be issued by Government.

ગુજરાત હિસાબી સેવા વર્ગ-૧
(સી.ડ્યુટી) ના નિયામક કક્ષાના
અધિકારીઓની તા.૧-૧-૨૦૦૯ ની
સ્થિતિએ આખરી પ્રવરતા યાદી

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર ક્રમાંક : તસમ-૨૦૦૮-૧૯૭૨-ઘ.
સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૨૦૦૯.

સંદર્ભ :-- નાણા વિભાગનો તા.૨૪-૭-૨૦૦૯નો પરિપત્ર ક્રમાંક : તસમ-૨૦૦૮-૧૯૭૨-ઘ.

પરિપત્ર :

ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૧ (સીની.ડ્યુટી) ના નિયામક કક્ષાના અધિકારીઓની તા.૧-૧-૨૦૦૯ ની સ્થિતિએ કામચલાઉ પ્રવરતા યાદી વંચાણમાં લીધેલ તા.૨૪-૭-૨૦૦૯ના પરિપત્રથી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.આ કામચલાઉ પ્રવરતા યાદી સામે કોઇ વાંધો હોય તો તે અંગેની રજુઆતો સદરહુ કામચલાઉ પ્રવરતા યાદી પ્રસિધ્ધ કર્યાના એક માસમાં નાણા વિભાગને મોકલી આપવા જણાવ્યું હતું. પ્રસિધ્ધ કરવામાં આવેલ આ કામચલાઉ પ્રવરતા યાદી સામે સંબંધિત અધિકારીઓના કોઇ વાંધા / રજુઆતો આ વિભાગને મળેલ ન હોઇ આ કામચલાઉ પ્રવરતા યાદીને આખરી પ્રવરતા યાદી તરીકે પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સંદર્ભમાં દર્શાવેલા નાણા વિભાગના તા.૨૪-૭-૨૦૦૯ના પરિપત્રથી બહાર પાડવામાં આવેલી ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૧ (સીની.ડ્યુટી) ના નિયામક કક્ષાના અધિકારીઓની કામચલાઉ પ્રવરતા યાદી સામે કોઇ વાંધા / રજુઆતો નાણા વિભાગને મળેલ ન હોઇ, નિયામક કક્ષાના અધિકારીઓની તા.૧-૧-૨૦૦૯ના રોજની સ્થિતિએ બહાર પાડેલી કામચલાઉ પ્રવરતા આ સાથે જોડેલ પત્રક મુજબ, આખરી પ્રવરતા યાદી તરીકે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

પત્રક

ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૧ (સીનયિર.ડ્યુટી)ના નિયામક કક્ષાના અધિકારીઓની તા.૧-૧-૨૦૦૯ ની સ્થિતિએ કામચલાઉ પ્રવરતા યાદી દર્શાવતું નાણા વિભાગના તા.૩૦-૧૧-૨૦૦૯ના પરિપંત્ર ક્રમાંક:તસમ/૨૦૦૮/૧૯૭૨/ઘ સાથેનું બિડાણ.

પ્રવરતા ક્રમ	અધિકારીશ્રીનું નામ	ભરતીનો પ્રકાર	જન્મ તારીખ	નિયામક તરીકે નિમણુંક તારીખ	રિમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૭	શ્રી એમ.સી.શાહ	બઢતી	૨-૧૨-૧૯૫૦	૧૧-૧૨-૦૮ (અનુમાનિત તારીખ)	નિવૃત્ત
૮	શ્રી બી.કે.ત્રિવેદી	બઢતી	૧૩-૩-૧૯૫૧	૬-૨-૦૮	નિવૃત્ત

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રફુલ્લ મહેતા,
સરકારના ઉપસચિવ,
નાણા વિભાગ.

INDEX

ગુજરાત હિસાબી સેવા વર્ગ-૧ (સી.ડ્યુટી)ની સંયુક્ત નિયામક કક્ષાના અધિકારીઓની તારીખઃ- ૧-૧-૨૦૦૯ની સ્થિતિએ આખરી પ્રવરતા યાદી

નાણા વિભાગ

પરિપત્ર ક્રમાંક : તસમ-૨૦-૨૦૦૮-૬૬-ઘ.

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૨૦૦૯.

વંચાણે લીધો :-- નાણા વિભાગનો તા.૧-૧૦-૨૦૦૯નો પરિપત્ર ક્રમાંક : તસમ-૨૦-૨૦૦૮-૬૬-ઘ.

પરિપત્ર :

ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૧ (સી.ડ્યુટી)ના સંયુક્ત નિયામક કક્ષા(પગાર ધોરણ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે-રૂ.૬૬૦૦)ના અધિકારીઓની તા.૧-૧-૨૦૦૯ના રોજની સ્થિતિએ કામચલાઉ પ્રવરતા યાદી વંચાણમાં લીધેલ તા.૧-૧૦-૨૦૦૯ના પરિપત્રથી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. આ કામચલાઉ પ્રવરતા સામે કોઇ વાંધો હોય તો તે અંગેની રજુઆતો સદરહુ કામચલાઉ પ્રવરતા યાદી પ્રસિધ્ધ કર્યાના એક માસમાં નાણા વિભાગને મોકલી આપવા જણાવ્યું હતું. ઉપર જણાવ્યા મુજબ પ્રસિધ્ધ કરવામાં આવેલ પ્રવરતા સામે સંબંધિત એક અધિકારીની અત્રે મળેલ રજુઆત ધ્યાનમાં લઇ આખરી પ્રવરતા યાદી પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૧(સી.ડ્યુટી)ના સંયુક્ત નિયામક (પગાર ધોરણ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે-રૂ.૬૬૦૦) કક્ષાના અધિકારીઓની ઉપર જણાવેલ પરિપત્રથી બહાર પાડેલ કામચલાઉ પ્રવરતા યાદી આ સાથે જોડેલ પત્રક મુજબ, આખરી પ્રવરતા યાદી તરીકે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

પત્રક

ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૧ (સીનિયર ડ્યુટી)ના સંયુક્ત નિયામક કક્ષાના અધિકારીઓની તારીખઃ ૧-૧-૨૦૦૯ની સ્થિતિએ આખરી પ્રવરતા યાદી દર્શાવતું નાણા વિભાગના તા.૩૦-૧૧-૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક : તસમ-૨૦-૨૦૦૮-૬૬-ઘ સાથેનું બિડાણ.

પ્રવરતા ક્રમ	અધિકારીશ્રીનું નામ	ભરતીનો પ્રકાર	જન્મ તારીખ	સંયુક્ત નિયામક તરીકે નિમણુંક તારીખ	રિમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૩૫	શ્રી વી.વી.ચૌધરી	બઢતી	૧૫-૩-૫૧	૨૮-૧-૨૦૦૮	(હાલ વયનિવૃત્ત)
૩૬	શ્રી જે.એન.હાથી	બઢતી	૨૧-૧૨-૫૨	૨૮-૧-૨૦૦૮	
૩૭	શ્રી બી.એમ.ચુડાસમા	બઢતી	૨૪-૫-૫૨	૨૮-૧-૨૦૦૮	
૩૮	શ્રી એન.આઇ.પટેલ	બઢતી	૧-૬-૧૯૫૮	૨૮-૧-૨૦૦૮	
૩૯	શ્રી ડી.એચ.અનાજવાલા	બઢતી	૨૬-૧-૧૯૫૨	૨૮-૧-૨૦૦૮	
૪૦	શ્રી વી.એમ.શાહ	બઢતી	૬-૯-૧૯૫૮	૨૮-૧-૨૦૦૮	
૪૧	શ્રી વી.એ.પંડ્યા	બઢતી	૨૩-૧-૧૯૫૬	૨૮-૧-૨૦૦૮	
૪૨	શ્રી બી.એમ.ચાવડા	બઢતી	૭-૯-૧૯૬૦	૨૮-૧-૨૦૦૮	

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રફુલ્લ મહેતા,
સરકારના ઉપસચિવ.

INDEX

નાણા વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : તસમ-૩૪-૨૦૦૯-૨૨૬૨-ઘ.– નાણા વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૧ (સીની.ડ્યુટી)ના નિયામક કક્ષાના અને હાલમાં નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરીકે સેવાઓ બજાવતા શ્રી મહેન્દ્રકુમાર હરજીવનદાસ સોની વયનિવૃત્તિએ પહોંચતાં, તેઓને તા.૩૦-૧૧-૨૦૦૯ના રોજ કચેરી સમય બાદથી ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૦(૧) અન્વયે સરકારી સેવામાંથી વયનિવૃત્ત થવા આથી પરવાનગી આપવામાં આવે છે.

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : તસમ-૩૪-૨૦૦૯-૨૨૬૨-ઘ.– નાણા વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ ના અને હાલમાં ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી, અમદાવાદ ખાતે હિસાબી અધિકારી તરીકે સેવાઓ બજાવતા શ્રી વિનોદકુમાર પિતામ્બરદાસ ગોહેલ વયનિવૃત્તિએ પહોંચતા, તેઓને તા.૩૦-૧૧-૨૦૦૯ના રોજ કચેરી સમય બાદથી ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૦(૧) અન્વયે સરકારી સેવામાંથી વયનિવૃત્ત થવા આથી પરવાનગી આપવામાં આવે છે.

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : તસમ-૩૪-૨૦૦૯-૧૬૭૪-ઘ.– નાણા વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ ના અને હાલમાં જિલ્લા તિજોરી કચેરી, આણંદ ખાતે અધિક તિજોરી અધિકારી તરીકે સેવાઓ બજાવતા શ્રી સુરેશકુમાર જુગલકિશોર કટારીયા વયનિવૃત્તિએ પહોંચતા, તેઓને તા.૩૦-૧૧-૨૦૦૯ના રોજ કચેરી સમય બાદથી ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૦(૧) અન્વયે સરકારી સેવામાંથી વયનિવૃત્ત થવા આથી પરવાનગી આપવામાં આવે છે.

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : તસમ-૩૪-૨૦૦૯-૨૭૪૧-ઘ.નાણા વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ ના અને હાલમાં ચેરીટી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર ખાતે હિસાબી અધિકારી તરીકે સેવાઓ બજાવતા શ્રી દિવ્યકાંત જયશંકર ભટ્ટને ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૪૯ ની જોગવાઈઓને આધીન, તા.૩૦-૧૧-૨૦૦૯ ના રોજ કચેરી સમય બાદથી સ્વૈચ્છિક નિવૃત્ત થવાની આથી પરવાનગી આપવામાં આવે છે. આ નિયમો હેઠળ તેઓને નિવૃત્તિના પેન્શનના લાભો મળવાપાત્ર રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
પ્રફુલ્લ મહેતા,
સરકારના ઉપસચિવ.

નાણા વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૨૦૦૯.

જાહેરનામા ક્રમાંક : વવક-૧૨૨૦૦૯-૧૫૦૦-ઠ૩.--કુ. દાણી રીટા સુમન્તલાલ, સહાયક વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, સહાયક વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રીની કચેરી, ઘટક-૧૧, અમદાવાદ, વયનિવૃત્તિએ પહોંચતાં, તેઓશ્રીને તા. ૩૦-૧૧-૨૦૦૯ના રોજ કચેરી સમય બાદથી સરકારી સેવામાંથી વયનિવૃત્ત થવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
સી. પી. ઝિંઝુવાડિયા,
સરકારના ઉપસચિવ.

INDEX

શ્રમ અને રોજગાર વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૨૦૦૯.

ક્રમાંક : કેએચઆર-૨૦૦૯-૧૯૪-તલમ-૧૦૨૦૦૮-૨૪૪૮૫૬-૨.૧.--નિયામકશ્રી રોજગાર અને તાલીમ, ગાંધીનગરના તાબા હેઠળના કચેરી અધિક્ષક, વર્ગ-૩ ને વહીવટી અધિકારી, વર્ગ-૨ સંવર્ગમાં બઢતી આપી તેમના નામ સામે દર્શાવેલ સ્થળે આથી નિમણૂંક આપવામાં આવે છે. તેઓએ તેમની બઢતીની જગ્યાએ તાત્કાલિક હાજર થવાનું રહેશે. અને તે અંગેની જાણ વિભાગને કરવાની રહેશે.

ક્રમ	કર્મચારીનું નામ	હાલની સંસ્થા	બઢતી સાથે નિમણૂંકની સંસ્થા
૧	શ્રી જે. આર. સુથાર	ઔ.તા. સંસ્થા, વિસનગર	વહીવટી અધિકારી, ઔ.તા. સંસ્થા, વિસનગર
૨	શ્રી એન. એમ. પટેલ	જી.સી. વીટી, ગાંધીનગર	વહીવટી અધિકારી, ઔ.તા. સંસ્થા, ભાવનગર

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. આઈ. પાટડીયા,
સરકારના અધિક સચિવ.

LEGAL DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 7th October, 2009.

FAMILY COURTS ACT, 1984.

No. HCT/1099-5499-D.—In exercise of the powers conferred by sub section (1) of the section 4 of the Family Courts Act, 1984, (66 of 1984), Government of Gujarat with the concurrence of the High Court of Gujarat, hereby appoints the following officers to be the Judges of Family Court at Ahmedabad, Surat and Rajkot on deputation basis, with effect from the date they take over charge of their respective posts.

Sr. No.	Name of the Judicial Officer and present post	Deputation post and Place
1.	Mr. D. K. Bhatt, Principal District Judge, Panchmahals at Godhara	Judge, family Court, Ahmedabad.
2.	Ms. A. P. Shah Judge, City Civil Court, Ahmedabad	Judge family Court, Ahmedabad.
3.	Ms. Gita Gopi, Judge, family Court, Surat	Principal Judge, Family Court, Surat.
4.	Mr. S. G. Pathan Additional district Judge, Surat.	Judge Family Court, Surat.

Mr. O. L. Pandey, Judge Family Court, Ahmedabad and Mr. D. R. Shah, Principal Judge, Family Court Surat are hereby relieved and their services are repatriated to the State judicial services.

By order and in the name of the Governor of Gujarat,

V. K. PUJARA,
Deputy Secretary to Government.

INDEX

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ઓકટોબર, ૨૦૦૯.

ક્રમાંક : એસએલએસ-૧૧૦૭/૧/ઈ (ભાગ-૩)--આ વિભાગની ગુજરાત ઈજનેરી સેવા, વર્ગ-૧ ના કાર્યપાલક ઈજનેર (સીવીલ) સંવર્ગમાં ફરજ બજાવતા નીચે દર્શાવેલ પત્રકના આસન નં. ૨માં દર્શાવેલ કાર્યપાલક ઈજનેર (સીવીલ) ની બદલી કરીને આસન નં.-૪માં દર્શાવેલ જગ્યા ઉપર નિયુકતિ આપવામાં આવે છે.

ક્રમ	કાર્યપાલક ઈજનેર (સીવીલ) નું નામ	હાલની ફરજનું સ્થળ (વર્તુળ/વિભાગ)	બદલીથી નિયુક્તિનું સ્થળ (વર્તુળ/વિભાગ)	બદલીનું કારણ (જાહેર હિતમાં/ સ્વવિનંતીથી)
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	શ્રી બી. બી. પટેલ	દમણગંગા યોજના વર્તુળ હેઠળ દમણગંગા નહેર વિશાખા વિભાગ નં. ૩, બલીઠા, વાપી.	કલ્પસર પ્રભાગ, ગાંધીનગર	જાહેર સેવાના હિતમાં
૨	શ્રી આર. જી. આચાર્ય	ઉપ સચિવ (મધ્ય ગુજરાત), વિભાગ (ખુદ)	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર	સ્વવિનંતીથી
૩	શ્રી ડી. એચ. જોષી	ઉપ સચિવ (ઉત્તર ગુજરાત), વિભાગ (ખુદ)	સુજલામ સુફલામ વર્તુળ-૨, મહેસાણા (ખેરવા) હેઠળ સુજલામ સુફલામ યોજના વિભાગ-૧, ખેરવા	જાહેર સેવાના હિતમાં
૪	શ્રી એ. આર. મલકાણી	દમણગંગા યોજના વર્તુળ હેઠળ દમણગંગા નહેર વિશાખા વિભાગ નં. ૨, વલસાડ	નાયબ નિયામક (તાંત્રિક) જળ, અને જમીન વ્યવસ્થાપન સંસ્થા, આણંદ	જાહેર સેવાના હિતમાં
૫	શ્રી એમ. પી. પઢીયાર	રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ હેઠળ ઉન્ડ નહેર વિભાગ, જામનગર	ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ હેઠળ ભાવનગર સિંચાઈ અને જાળવણી વિભાગ, ભાવનગર	જાહેર સેવાના હિતમાં
૬	શ્રી મહેશકુમાર જી. ધનગર	રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ જુનાગઢ સિંચાઈ યોજના વિભાગ, જૂનાગઢ,	દમણગંગા યોજના વર્તુળ હેઠળ દમણગંગા નહેર વિશાખા વિભાગ નં. ૨, વલસાડ **(એ.આર. મલકાણીની બદલીથી ખાલી પડનાર જગ્યાએ)**	સ્વવિનંતીથી
૭.	શ્રી આર. સી. પટેલ	સુરત સિંચાઈ યોજના વર્તુળ હેઠળ ડ્રેનેજ વિભાગ, નવસારી	જળસંપત્તિ સંશોધન વર્તુળ-૧, હેઠળ જળ સંપત્તિ સંશોધન વિભાગ, સુરત.	સ્વવિનંતીથી
૮.	શ્રી બી. એસ. ચૌધરી	ગાંધીનગર પંચાયત સિંચાઈ વર્તુળ હેઠળ પંચાયત સિંચાઈ વિભાગ, સુરેન્દ્રનગર	કરજણ નહેર વર્તુળ હેઠળ સિંચાઈ યોજના વિભાગ-૪, રાજપીપળા	સ્વવિનંતીથી
૯.	શ્રી ડી.એન. ઠાકોર	કરજણ નહેર વર્તુળ હેઠળ ડ્રેનેજ વિભાગ, અંકલેશ્વર.	હિંમતનગર સિંચાઈ યોજના વર્તુળ હેઠળ વાત્રક યોજના નહેર વિભાગ, મોડાસા **(શ્રી એસ. જી. પટેલની બદલીથી ખાલી પડનાર જગ્યાએ)**	સ્વવિનંતીથી

INDEX

ક્રમ	કાર્યપાલક ઈજનેર (સીવીલ) નું નામ	હાલની ફરજનું સ્થળ (વર્તુળ/વિભાગ)	બદલીથી નિયુક્તિનું સ્થળ (વર્તુળ/વિભાગ)	બદલીનું કારણ (જાહેર હિતમાં/ સ્વવિનંતીથી)
૧૦	શ્રી કિરણચંદ્ર ઝેડ. પટેલ	જળસંપત્તિ સંશોધન વર્તુળ-૧ હેઠળ જળ સંપત્તિ સંશોધન વિભાગ, વડોદરા	ઉકાઇ (સીવીલ), વર્તુળ હેઠળ વેર-૨ યોજના વિભાગ, વ્યારા (જી.તાપી)	સ્વવિનંતીથી
૧૧	શ્રી શૈલેષ જી. પટેલ	હિંમતનગર સિંચાઇ યોજના વર્તુળ હેઠળ વાત્રક યોજના નહેર વિભાગ, મોડાસા	જળ સંપત્તિ સંશોધન વર્તુળ-૧ હેઠળ જળ સંપત્તિ સંશોધન વિભાગ, વડોદરા **(શ્રી કે.ઝેડ. પટેલની બદલીથી ખાલી પડનાર જગ્યાએ)**	સ્વવિનંતીથી
૧૨	શ્રી એમ. જી. કાઝી	કચ્છ સિંચાઇ વર્તુળ હેઠળ જળ સંપત્તિ અને સંશોધન વિભાગ, ભૂજ	કલ્પસર પ્રભાગ, ગાંધીનગર	જાહેર સેવાના હિતમાં

૨.૦ ઉપર જણાવેલ જે કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની જાહેર સેવાના હિતમાં બદલી કરવામાં આવેલ છે તેઓને નિયમાનુસાર ફરજ પર હાજર થવાનો સમય અને બદલી મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે, જ્યારે જે કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની સ્વવિનંતીથી બદલી કરવામાં આવેલ છે તેઓને ફરજ પર હાજર થવાનો સમય અને બદલી મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે નહિ.

૩.૦ ક્રમ-૨ સામે દર્શાવેલ શ્રી આર.જી. આચાર્ય, ઉપ સચિવ(મધ્ય ગુજરાત)/કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની સ્વવિનંતીથી બદલી કરીને સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર હેઠળ પ્રતિનિયુકિતના ધોરણે નિયુકિત આપવામાં આવેલ હોઇ, નિગમે તેઓના નિયુકિતના હુકમો કરીને તેની જાણ આ વિભાગને તેમજ સબંધિતને કરવાની રહેશે.

૪.૦ ઉપરના કાર્યપાલક ઈજનેર (સીવીલ)ને બદલીની નિયુકિતની જગ્યા/સ્થળે હાજર થવા સંબંધિત સત્તાધિકારીએ તુરત જ ફરજમુકત કરવાના રહેશે, અને તેઓને ફરજમુકત કર્યાની અને હાજર થયાની જાણ તુરત જ વિભાગને કરવાની રહેશે.

(૨)

આ વિભાગની ગુજરાત ઈજનેરી સેવાના સીવીલ સંવર્ગમાં નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે વર્ગ-૨માં ફરજ બજાવતા નિમ્ન નિર્દિષ્ટ પત્રકના આસન નં.૨ માં દર્શાવેલ નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ)ને જો તેમના કોઇ સીનીયર હોય તો તેમની સીનીયોરીટીના હકકો પ્રત્યે કોઇપણ પૂર્વગ્રહ વિના તેમના નામ સામે પત્રકના આસન નં-૪માં દર્શાવેલ કચેરી હેઠળ/જગ્યા સામે **(પે બેન્ડ)** રૂ.૧૫,૬૦૦-૩૯,૧૦૦/-, **(ગ્રેડ પે)** રૂ.૬૬૦૦/-માં તદ્દન હંગામી ધોરણે અધિસૂચનાના ફકરા-૨(૨), (૩), (૪)માં દર્શાવેલ શરતોને આધીન બઢતી આપીને કાર્યપાલક ઈજનેર (સીવીલ), વર્ગ-૧ તરીકે નિમણૂંક આપવામાં આવે છે.

ક્રમ	નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) નું નામ	હાલની ફરજની જગ્યા/કચેરી	કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે બઢતીથી નિમણૂંકની જગ્યા	વિશેષ નોંધ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧.	શ્રી કિરણકુમાર ઉપેન્દ્રકુમાર દવે	કલ્પસર પ્રભાગ, વિભાગ (ખુદ)	ઉપ સચિવ(તાંત્રિક), કલ્પસર પ્રભાગ, વિભાગ(ખુદ).	ખાલી જગ્યા સામે
૨.	શ્રી દિપકકુમાર ભગવતીપ્રસાદ જોષી	સ.સ.ન.નિ.લી હેઠળ ન.યો.ન.વ.-એ/૨, વડોદરા હેઠળ ગુ.નિ. પે.વિ.૧/૩, કરજણ	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર	પ્રતિનિયુકિતના ધોરણે
૩.	શ્રી દિનેશકુમાર કૃષ્ણદયાલ ગુપ્તા	સ.સ.ન.નિ.લી. હેઠળ ન.યો.ન.વ.-૬, ગાંધીનગર હેઠળ ન.યો.ન.પે.વિ.-૯, સાણંદ.	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર	પ્રતિનિયુકિતના ધોરણે

INDEX

ક્રમ	નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) નું નામ	હાલની ફરજની જગ્યા/કચેરી	કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે બઢતીથી નિમણૂંકની જગ્યા	વિશેષ નોંધ
૪.	શ્રી દિનેશભાઈ છોટાભાઈ પારેખ	સ.પ.સ.સિં.વ. રાજકોટ હેઠળ સ.પ.સ.સિં.પે.વિ.-૨૪,	ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ હેઠળ ભાવનગર સિંચાઈ વિભાગ, ભાવનગર	ખાલી જગ્યા સામે
૫.	શ્રી ધીરજલાલ અમરતલાલ શાહ	મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગર	મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગર	ખાલી જગ્યા સામે
૬.	શ્રી મુકેશ કાંતિલાલ દેસાઈ	સ.સ.ન.નિ.લી. હેઠળ ન.યો.મુ.ન.વ..-૪, પાટણ	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર	પ્રતિનિયુકિતના ધોરણે
૭.	શ્રી નિરંજન સુમતીલાલ ભુતા	સ.સ.ન.નિ.લી., ગાંધીનગર	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર	પ્રતિનિયુકિતના ધોરણે
૮.	શ્રી વિનોદચંદ્ર અંબાલાલ પટેલ	મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગર	સુજલામ સુફલામ વર્તુળ-૧, ગાંધીનગર હેઠળ કાંસ વિભાગ, ગાંધીનગર	ખાલી જગ્યા સામે
૯.	શ્રી વાસુદેવભાઈ નારણભાઈ પટેલ	વિભાગ (ખુદ)	ઉપ સચિવ (જળ સંપત્તિ), વિભાગ (ખુદ)	ખાલી જગ્યા સામે
૧૦.	શ્રી મૃગેશ જીતેન્દ્રભાઈ પંડ્યા	સ.સ.ન.નિ.લી. મુખ્ય કચેરી	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર	પ્રતિનિયુકિતના ધોરણે
૧૧.	શ્રી દિનેશભાઈ મુળજીભાઈ પટેલ	સ.સ.ન.નિ.લી. હેઠળ ન.યો.ન.વ.-૩, વડોદરા હેઠળ ન.યો.મુ.ન.-૧૫/૧ જંબુસર.	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર	પ્રતિનિયુકિતના ધોરણે
૧૨.	શ્રી સુરેશચંદ્ર શિવજીભાઈ ચોટલીયા	સ.સ.ન.નિ.લી. હેઠળ સૌ.શા.ન.વ.-૨, સુરેન્દ્રનગર **હેઠળ સૌ.શા.ન.પે.વિ.૩/૬, ડી. મોરબી**	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર	પ્રતિનિયુકિતના ધોરણે
૧૩.	શ્રી પ્રકાશચંદ્ર અરૂણકુમાર ત્રિવેદી	સ.સ.ન.નિ.લી. હેઠળ ન.યો.ન.વ.-૬, વડોદરા હેઠળ ન.યો. ન.પે.વિ.-૧૪/૧, પાદરા	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર	પ્રતિનિયુકિતના ધોરણે
૧૪.	શ્રી હરીભાઈ રણછોડભાઈ પટેલ	સ.સ.ન.નિ.લી. હેઠળ ન.યો.ન.વ.-૬, ગાંધીનગર હેઠળ ન.યો. ન.પે.વિ.-૯/૧, કલોલ	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર	પ્રતિનિયુકિતના ધોરણે
૧૫.	શ્રી નીશીથ નટવરલાલ શાહ	સ.સ.ન.નિ.લી. હેઠળ ન.યો.ન.વ.-૩, વડોદરા	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર	પ્રતિનિયુકિતના ધોરણે
૧૬.	શ્રી કીરીટકુમાર છગનલાલ રાણા	જ.સં.સ.વ.નં.-૧, અમદાવાદ હેઠળ જ.સં.સ.પે.વિ., ભરૂચ	કડાણા યોજના વર્તુળ હેઠળ દાહોદ સિંચાઈ વિભાગ, દાહોદ	ખાલી જગ્યા સામે
૧૭.	શ્રી અંબાલાલ માધવલાલ પટેલ	સ.સ.ન.નિ.લી. હેઠળ મુખ્ય કચેરી	સુરત સિંચાઈ વર્તુળ હેઠળ ડ્રેનેજ વિભાગ, નવસારી	શ્રી આર. સી. પટેલની બદલીથી ખાલી પડનાર જગ્યાએ
